بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدْنِیْ عِلْمًا وَارْزُقْنِیْ فَهْمًا

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**


**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૮ ❖ ૧૦, એપ્રિલ–૨૦૧૩
૨૮, જમા.અવ્વલ, હિ.સન–૧૪૩૪ ❖ સળંગ અંક : ૩૮૦

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી એચ. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❊ ઊઘડતે પાને | ૦૧ |
| ❊ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❊ અહાદીસ | ૦૭ |
| ❊ ગડમથલ | ૧૦ |
| ❊ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૧૧ |
| ❊ નઝર કી જબ દરે હૈદર પે | ૧૪ |
| ❊ અહલે ઝિક્ર-1 | ૧૫ |
| ❊ મશાયખવાણી | ૨૩ |
| ❊ ઇસ્લામી ચલણી સિક્કાની શરૂઆત | ૨૫ |
| ❊ શહીદોનો મરતબો | ૩૧ |
| ❊ કુરઆન શરીફના ફઝાએલ | ૩૩ |
| ❊ અલ ઈર્શાદ | ૩૭ |
| ❊ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૪૧ |
| ❊ નહજુલ અસરાર | ૪૩ |
| ❊ બ્લૉગ | ૪૬ |
| ❊ નબવી અદાલત | ૪૯ |
| ❊ મીર અનીસના મરસિયા | ૫૨ |
| ❊ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૫૫ |
| ❊ જ્ઞાનગોષ્ઠિ | ૫૭ |
| ❊ આપણા ઘરની વાતો | ૬૩ |
| ❊ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૫ |
| ❊ જાફરી પંચાંગ | ૬૮ |


## ઊઘડતે પાને...

આપણા દસમા ઈમામ.

ઈમામ અલી નકી (અ.).

આપ (અ.)ની કુન્નિયત અબૂલ હસન હતી. 'નકી' ઉપરાંત આપનો એક બીજો લકબ 'હાદી' પણ મશહૂર છે. અહીં આપ (અ.)ના જીવનનો એક પ્રસંગ રજૂ કરવામાં આવે છે.

અબૂ મોહંમદ બસરીએ ઈબ્રાહીમ બિન મોહંમદના કાતિબ અબૂલ અબ્બાસથી રિવાયત કરી છે કે અમારી વચ્ચે હઝરત અબૂલ હસન (અ.)ની વાત નીકળી તો અબૂલ અબ્બાસે કહ્યું,

"અય અબૂ મોહંમદ ! અમને તો આ ઈમામતના કાર્યમાં કોઈ રસ ન હતો પરંતુ હું મારા ભાઈ એટલે કે જે લોકો ઈમામતના કાર્યને સાચું માનનારા હતા તેમના ઉપર ખૂબ ટીકા ટિપ્પણી કર્યા કરતો હતો એટલે સુધી કે હું એ પ્રતિનિધિમંડળની સાથે મદીના ગયો કે જે પ્રતિનિધિમંડળને મોતવક્કિલે મદીનાથી હઝરત ઈમામ અલી નકી (અ.)ને લાવવા માટે મોકલ્યું હતું.

અમે આપ (અ.)ને મદીનાથી લઈને નીકળ્યા. અને રસ્તો કાપતા કાપતા એક મંઝિલે પહોંચી ગયા. મોસમ ખૂબ ગરમીની હતી. અમે આપ (અ.)ની આગળ દરખાસ્ત મૂકી કે જો આપનો હુકમ હોય તો અહીંયાં મંઝિલ કરીએ. આપ (અ.)એ ના પાડી.

મજબૂર થઈને અમે કંઈ પણ ખાધા પીધા વગર આગળ નીકળી ગયા. ટૂંકમાં જ્યારે ગરમી ખૂબ જ સખત થઈ ગઈ તો ભૂખ તરસ પણ વધી. જે જગ્યાએ અમે બધા હતા તે પાણી કે ઝાડના છાંયડા વગરની ઉજ્જડ હતી. ત્યાં ન તો કોઈ ઝાડ હતું કે જેના છાંયડામાં બેસીને થોડી વાર આરામ કરીએ કે ન પાણી હતું કે જેનાથી તરસ બુઝાવીએ. હવે અમે આપ (અ.)ની તરફ અર્થસૂચક નજરોથી જોયું. આપ (અ.) એ અમારી જરૂરિયાતને મહેસૂસ કરી લીધી અને ફરમાવ્યું,

"શું બાબત છે ? શું ભૂખ અને તરસની તીવ્રતાથી પરેશાન છો ?"

અમે અરજ કરી,

"જી. હા. આકા ! ખુદાની કસમ, અમે ભૂખ્યા તરસ્યા પણ છીએ અને બિલકુલ થાકી ગયેલા છીએ. આગળ વધવાની શકિત નથી રહી."

આપ (અ.)એ ફરમાવ્યું,

"તો પછી અહીં રોકાઈ જાઓ અને કંઈ ખાઈ પી લો."

આ સાંભળીને અમને ખૂબ નવાઈ લાગી એટલા માટે કે અમે બધા બિલકુલ પાણી તેમજ ઝાડ વગરના રણમાં હતા. કોઈ એવી જગ્યા ન હતી કે જ્યાં આરામ કરી શકાય. ન પાણી હતું, ન કોઈ છાંયડો હતો કે ન કોઈ ઝાડ હતું.

આપ (અ.)એ ફરમાવ્યું,

"શું વિચાર કરો છો ? અહીં ઊતરીને આરામ કરી લેતા કેમ નથી ?"

આ સાંભળીને હું ઊંટોની કતાર તરફ આગળ વધ્યો. તેમને બેસાડી દીધા. અને હવે જ્યારે ફરીને જોયું તો ત્યાં બે મોટાં ઘટાદાર ઝાડ મોજૂદ હતાં કે જેના છાંયડામાં સેંકડો આદમી આરામ કરી લે તેમ હતું. બીજી તરફ નજર ઉઠાવી તો જોયું કે ત્યાં એક ખૂબ જ મીઠા અને

ઠંડા પાણીનું ઝરણું વહી રહ્યું હતું.

આથી અમે લોકોએ ત્યાં ખૂબ ખાધું પીધું અને આરામ કર્યો. અમારામાં કેટલાક એવા પણ હતા કે જેઓ આના પહેલાં પણ અહીંથી પસાર થયા હતા પરંતુ અહીં તેમણે ન કોઇ ઝાડ જોયું હતું કે ન ઝરણું. આ બધી વસ્તુઓ જોઇને તેમના દિલની અજબ હાલત થઇ ગઇ. હવે અમે આપ (અ.)ને અર્થપૂર્ણ અને અઝમતથી ભરપૂર નજરથી જોવા લાગ્યા. આપ (અ.)એ પણ અમને જોયા અને મુસ્કુરાઈને મોઢું ફેરવી લીધું.

રાવી કહે છે કે મેં મારા દિલમાં કહ્યું,

"ખુદાની કસમ, હું અહીંયાં કોઇ વસ્તુ નિશાની સ્વરૂપે ચોક્કસ મૂકતો જઇશ. આવા ઈરાદાથી હું ઝાડની પાછળના ભાગમાં ગયો અને ત્યાં મારી એક તલવાર દફન કરી દીધી અને તેના ઉપર બે પથ્થર મૂકી દીધા. ત્યાર પછી નમાઝની તૈયારી કરી.

હઝરત ઈમામ અબૂલ હસન અલી નકી (અ.)એ ફરમાવ્યું,

"તમે લોકો આરામ કરી ચૂક્યા છો, હવે શું ઈરાદો છે ?"

અમે અરજ કરી,

"જી. હા. હવે અમે તૈયાર છીએ."

આપ (અ.)એ ફરમાવ્યું,

"અચ્છા, બિસ્મિલ્લાહ ! કૂચની તૈયારી કરો."

અમે લોકો તો આપ (અ.)ના હુકમની વાટ જોઇને જ બેઠા હતા. રવાના થઇ ગયા. જ્યારે એક કલાકની સફર કરી ચૂક્યા તો હું લોકોની નજરોથી છૂપી રીતે પાછો એ જગ્યાએ પાછો ગયો. મેં દફન કરેલી તલવાર બહાર કાઢી. એ જગ્યાએ બધી નિશાનીઓ મોજૂદ હતી પરંતુ ત્યાં ન તો ઝાડ હતાં કે ન ઝરણું.

આ જોઇને વળી મને વધારે નવાઇ લાગી. મેં મારા હાથ આસમાન તરફ બુલંદ કર્યા અને અલ્લાહ આગળ દુઆ માગી કે અય પરવરદિગાર! તું મને ઈમામ (અ.)ની મોહબ્બત અને ઈમાનની દોલતથી સન્માનિત ફરમાવ અને જીવતો રહું ત્યાં સુધી સાબિતકદમ રહેવાની તૌફીક અતા ફરમાવ.

ત્યાર પછી હું જલ્દી જલ્દી મારા કાફલાની સાથે જોડાઇ ગયો.

મને જોઇને ઈમામ અબૂલહસન અલી નકી (અ.) મારા તરફ ફર્યા અને ઈર્શાદ ફરમાવ્યો,

"અય અબૂલ અબ્બાસ ! હવે તમને સંતોષ થઇ ગયો ને ?"

મેં અરજ કરી,

"આકા ! જી. હા, પહેલાં તો મને થોડો શક હતો પરંતુ હવે તો હું દુનિયા અને આખેરતમાં સૌથી વધારે ગની છું."

આપ (અ.)એ ફરમાવ્યું,

"પરંતુ આવા લોકો થોડાક જ છે કે જેમની સંખ્યા મુકર્રર છે, ન તેમનામાં કોઇ એકનો

વધારો થઈ શકે છે કે ન તો કમી કરી શકાય છે, એમાંથી એક તમે છો."

*

હસીન બિન અલીથી રિવાયત છે કે હઝરત ઈમામ અલી નકી (અ.)ની ખિદમતમાં એક માણસ ડરતો, ધ્રુજતો આવ્યો અને કહેવા લાગ્યો,

"આપ લોકોની મોહબ્બતના અપરાધમાં મારા દીકરાને પકડી લેવામાં આવ્યો છે. અને આજે રાત્રે તેને ફલાણી પહાડીના ઉપર લઈ જઈને નીચે ફેંકી દેશે અને જ્યારે તે મરી જશે ત્યારે તેને પહાડીના નીચે દફન કરી દેશે."

આપ (અ.)એ ફરમાવ્યું,

"તો પછી તમે શું ઈચ્છો છો ?"

તેણે અરજ કરી,

"એ જ કે જે માબાપ ઈચ્છતાં હોય છે."

આપ (અ.)એ ફરમાવ્યું,

"જાઓ. ચિંતા ન કરો. તમારો છોકરો કાલે પાછો આવી જશે."

બીજા દિવસે સુબ્હના સમયે તેનો છોકરો પાછો આવી ગયો.

બાપે પૂછ્યું,

"બેટા ! તારી સાથે શું કરવામાં આવ્યું હતું?"

તેણે કહ્યું,

"દુશ્મનોએ કબર ખોદી નાખી હતી. મારા હાથ પગ બાંધી દીધા હતા અને મને પહાડીના ઉપરથી ફેંકવાની તૈયારીમાં જ હતા એવામાં એક તરફથી દસ પાકો પાકીઝા હસ્તીઓ દેખાઈ અને મને પૂછ્યું,

"અય છોકરા ! તું શા માટે રડે છે ?"

મેં તેમને સઘળી વાત કહી દીધી.

તેમણે કહ્યું,

"અગર તું અહીંથી છૂટી જાય તો નબી (સ.)ના રોઝા પર ઝિયારત માટે જઈશ?"

મેં અરજ કરી,

"જી. હાં, જરૂર હાજરી આપીશ."

તેમણે પેલા ચોકીયાતો અને દેખરેખ રાખનારાઓને કે જેઓ મને તકલીફ આપવા માટે તૈયાર હતા તેમને પકડીને પહાડી ઉપરથી એવા ફેંક્યા કે તેમની પાછળ ચીસો પાડવાનો અવાજ પણ કોઈએ ન સાંભળ્યો. ત્યાર પછી તે લોકો મને તમારી પાસે લઈ આવ્યા અને તેઓ બહાર ઊભા રહીને મારી વાટ જોઈ રહ્યા છે."

આટલું કહીને તે છોકરો બાપથી વિદાય થયો અને ચાલ્યો ગયો. તેનો બાપ ઈમામ (અ.) ની ખિદમતમાં આવ્યો અને સઘળી વાત બયાન કરી. આપ (અ.) તેની વાત સાંભળ્યે જતા હતા અને મુસ્કુરાયે જતા હતા અને ફરમાવતા હતા કે એ લોકો એ વાતો જાણતા નથી કે જે અમે જાણીએ છીએ.

(સંદર્ભ : બિહારૂલ અન્વાર (ઉર્દૂ), ભાગ–૯/૧૦, પેજ–૧૩૮ થી ૧૪૦)

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદૈ.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اِنَّمَا الۡمُؤۡمِنُوۡنَ الَّذِيۡنَ اٰمَنُوۡا بِاللّٰهِ وَ
رَسُوۡلِهٖ وَاِذَا كَانُوۡا مَعَهٗ عَلٰٓى اَمۡرٍ جَامِعٍ
لَّمۡ يَذۡهَبُوۡا حَتّٰى يَسۡتَاۡذِنُوۡهُ ؕ اِنَّ الَّذِيۡنَ
يَسۡتَاۡذِنُوۡنَكَ اُولٰٓئِكَ الَّذِيۡنَ يُؤۡمِنُوۡنَ
بِاللّٰهِ وَرَسُوۡلِهٖ ۚ فَاِذَا اسۡتَاۡذَنُوۡكَ لِبَعۡضِ
شَاۡنِهِمۡ فَاۡذَنۡ لِّمَنۡ شِئۡتَ مِنۡهُمۡ وَ
اسۡتَغۡفِرۡ لَهُمُ اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ
٦٢

❂ સિવાય તેના નથી કે મોમિન તે લોકો છે કે જેઓ અલ્લાહ પર અને તેના રસૂલ પર ઈમાન લાવ્યા, અને જ્યારે કોઈ મહત્વના કામ માટે તેઓ તે (રસૂલ)ની પાસે હોય છે ત્યારે તેની રજા લીધા વિના ચાલ્યા જતા નથી; બેશક જે લોકો તારી પાસે રજા માગે છે તેઓ જ તો અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન રાખે છે, પછી જ્યારે તેઓ તેમના કોઈ ખાસ કામ માટે તારી રજા માગે તો તેઓમાંથી ચાહે તેને રજા આપી દે; અને તેમના માટે અલ્લાહ પાસે માફી માગતો રહે; બેશક અલ્લાહ માફ કરનાર (અને) દયાળુ છે.

(પારો–૧૮, સૂરએ નૂર, આયત–૬૨)

---

لَا تَجۡعَلُوۡا دُعَآءَ الرَّسُوۡلِ بَيۡنَكُمۡ
كَدُعَآءِ بَعۡضِكُمۡ بَعۡضًا ؕ قَدۡ يَعۡلَمُ اللّٰهُ
الَّذِيۡنَ يَتَسَلَّلُوۡنَ مِنۡكُمۡ لِوَاذًا ۚ
فَلۡيَحۡذَرِ الَّذِيۡنَ يُخَالِفُوۡنَ عَنۡ اَمۡرِهٖۤ اَنۡ

❂ (હે ઈમાનદારો !) રસૂલના આમંત્રણને તમે પરસ્પરના આમંત્રણ જેવું ન ગણો; તમારામાંથી જે લોકો (રસૂલ પાસેથી) ચોરી છૂપીથી ખસકી જાય છે તેમને અલ્લાહ સારી પેઠે જાણે છે, માટે જે લોકો તે (રસૂલ)ની આજ્ઞાની અવગણના કરે છે તેમણે આ વાતથી ખબરદાર રહેવું જોઈએ કે (રખે ને) તેમના પર

| | |
|---|---|
| تُصِيْبَهُمْ فِتْنَةٌ اَوْ يُصِيْبَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٦٣﴾ | કોઇ આફત આવી (ન) પડે અથવા તેમને કોઇ દુ:ખદાયક અઝાબ આવી પડે.<br>(પારો–૧૮, સૂરએ નૂર, આયત–૬૩) |
| وَقَالُوْا مَالِ هٰذَا الرَّسُوْلِ يَاْكُلُ الطَّعَامَ وَيَمْشِيْ فِي الْاَسْوَاقِ ؕ لَوْلَاۤ اُنْزِلَ اِلَيْهِ مَلَكٌ فَيَكُوْنَ مَعَهٗ نَذِيْرًا ۙ﴿٧﴾ | ❂ અને તેઓ કહે છે કે આ રસૂલને શું થઇ ગયું છે કે એ તો (આપણી જેમ) ખાવાનું ખાય છે અને બજારોમાં હરે ફરે પણ છે; શા માટે તેની તરફ કોઇ ફરિશ્તો મોકલવામાં ન આવ્યો કે જે તેની સાથે રહી લોકોને ડરાવનારો બને.<br>(પારો–૧૮, સૂરએ ફુર્કાન, આયત–૭) |
| وَمَاۤ اَرْسَلْنَا قَبْلَكَ مِنَ الْمُرْسَلِيْنَ اِلَّاۤ اِنَّهُمْ لَيَاْكُلُوْنَ الطَّعَامَ وَ يَمْشُوْنَ فِي الْاَسْوَاقِ ؕ وَ جَعَلْنَا بَعْضَكُمْ لِبَعْضٍ فِتْنَةً ؕ اَتَصْبِرُوْنَ ۚ وَكَانَ رَبُّكَ بَصِيْرًا ﴿٢٠﴾ | ❂ અને (હે રસૂલ !) અમોએ તારી પહેલાં જે રસૂલ મોકલ્યા હતા તેઓ પણ ખાતા રહેતા હતા અને બજારોમાં પણ હર ફર કરતા હતા; અને અમોએ તમારામાંથી કેટલાકને કેટલાક માટે કસોટીનાં સાધન બનાવ્યાં છે; તો (હે મુસલમાનો !) શું તમે (નાસ્તિકો તરફનું દુ:ખ હજી પણ) ધીરજથી સહન કરતા રહેશો ? અને તારો પરવરદિગાર (સર્વેને) હંમેશ દેખનારો છે.<br>(પારો–૧૮, સૂરએ ફુર્કાન, આયત–૨૦) |
| فَلَا تُطِعِ الْكٰفِرِيْنَ وَ جَاهِدْهُمْ بِهٖ جِهَادًا كَبِيْرًا ﴿٥٢﴾ | ❂ માટે તું ઇમાન નહીં લાવનારાઓનું કહેવું હરગિજ ન માન, અને તે (કુરઆનની સચોટ દલીલો) વડે તેમનાથી જેહાદ (વાદવિવાદ) કરવા જોગ જેહાદ કર.<br>(પારો–૧૮, સૂરએ ફુર્કાન, આયત–૫૨) |

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ(સ.)**

## ૨૧ દુઆ વિષે

وَإِذَا سَأَلَكَ عِبَادِي عَنِّي فَإِنِّي قَرِيبٌ ۖ

أُجِيبُ دَعْوَةَ الدَّاعِ إِذَا دَعَانِ ... ﴿١٨٦﴾

હે રસૂલ ! જ્યારે મારા બંદાઓ મારા વિષે તમને પૂછે તો કહી દો, "હું તેમની પાસે જ છું અને જ્યારે મારાથી કોઈ દુઆ માગે છે તો હું દરેકની દુઆ સાંભળું છું."

(સૂરએ બકરા, આયત–૧૮૬)

(૨૯૮) દુઆ મોમિનનું હથિયાર, દીનનો સ્થંભ, અને આકાશ અને જમીનનું નૂર છે. (ઉસૂલે કાફી, જિલ્દ–૪)

(૨૯૯) શું હું તમને એક એવું શસ્ત્ર બતાવું કે જે તમને તમારા દુશ્મનોથી રક્ષણ આપે અને તમારી રોજીમાં વધારો કરે? લોકોએ કહ્યું, "હા, જરૂર બતાવો." આપે જવાબમાં ફરમાવ્યું, "રાત દિવસ તમારા પરવરદિગારથી દુઆ માગો કારણ કે મોમિનનું હથિયાર દુઆ છે."

(ઉસૂલે કાફી, જિલ્દ–૬)

(૩૦૦) અલ્લાહ દુઆ કબૂલ કરશે જ એવા યકીન સાથે દુઆ માગો અને એ પણ જાણી લો કે અલ્લાહ બેદરકાર દિલની દુઆ કબૂલ કરતો નથી.

(બિહારૂલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૭૩)

(૩૦૧) વધારેમાં વધારે દુઆ માગતા રહો કારણ કે તમે જાણતા નથી કે કયારે તમારી દુઆ કબૂલ થશે.

(તહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૩૦૨) દુઆ શ્રેષ્ઠ ઈબાદત છે.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૬૭)

(૩૦૩) અલ્લાહ પોતાના બંદાને તકલીફોમાં નાખે છે કે જેથી તેનું રૂદન સાંભળે.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૬૭)

(૩૦૪) અલ્લાહ તે માગનારને પસંદ કરે છે કે જે દુઆ માગવામાં જીદ કરે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૧, સફા–૬૩૫,૬૩૬)

(૩૦૫) બેશક જ્યારે કોઈ બંદો અલ્લાહથી દુઆ માગે છે અને અલ્લાહ તેને પસંદ કરે છે ત્યારે અલ્લાહ જિબ્રઈલને હુકમ કરે છે કે આ બંદાની હાજત પૂરી કરવામાં વિલંબ કરો કારણ કે તેના અવાજને સાંભળતા રહેવું મને વધારે ગમે છે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૧, સફા–૬૩૫,૬૩૬)

(૩૦૬) અઝાન અને ઈકામતની વચ્ચે માગવામાં આવતી દુઆ જરૂરથી કબૂલ થાય છે.

(ઈસ્ના અશરીયા, સફા–૮)

(૩૦૭) તમને રડવું આવી જાય તો તે વખતે દુઆ અચૂક માગો કારણ કે દિલથી રડવું એ રહમત છે.

(ઈસ્ના અશરીયા, સફા–૧૬)

(૩૦૮) છૂપી દુઆઓ જાહેર દુઆ કરતાં સિત્તેર ગણી વધારે અસરકારક છે.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૫૭)

(૩૦૯) ચાર બંદાઓ એવા છે કે જેમની દુઆઓ રદ થતી નથી અને તેમના માટે આકાશના દરવાજા ખોલી નાખવામાં આવે છે અને દુઆ અર્શ સુધી પહોંચી જાય છે. (૧) બાપની દુઆ બેટા માટે (૨) મઝલૂમની બદદુઆ જાલિમ માટે (૩) ઉમરા કરનારની તે તેના ઘેર પહોંચી જાય ત્યાં સુધીની દુઆઓ (૪) રોઝો ઈફ્તાર ન કરી લે ત્યાં સુધી રોઝેદારની દુઆ.

(ઉસૂલે કાફી, જિલ્દ–૬)

(૩૧૦) મોતને દુઆ સિવાય કોઈ વસ્તુ ટાળી શકતી નથી.

(ઈસ્ના અશરીયા, સફા–૧૫)

(૩૧૧) ત્રણ ગુણો એવા છે કે જેમના વડે દુનિયા અને આખેરતની ભલાઈ હાસિલ કરી શકાય છે. (૧) નેઅમતો મળે ત્યારે શુક્ર કરવો (૨) તકલીફ પહોંચે તો સબર કરવો (૩) અજમાયશના સમયે દુઆ માગવી.

(ઈર્શાદુલ કુલૂબ, સફા–૨૬૮)

(૩૧૨) અલ્લાહની સમક્ષ દુઆ માગવાનો ઉત્તમ સમય સવારનો સમય છે. સાથે સાથે આપે આ આયત કે જે હઝરત યાકૂબ (અ.) માટે નાઝિલ થયેલી છે તેની તિલાવત કરી, "હું નજીકમાં જ તમારા પરવરદિગાર સમક્ષ ઈસ્તિગ્ફાર કરીશ." અલ્લાહે ફરમાવ્યું, "તેને સવારના સમય સુધી મુલતવી કરો (કે જેથી જલ્દી કબૂલ થાય)." (ઉસૂલે કાફી, જિલ્દ–૬)

(૩૧૩) અલ્લાહે દુઆનો દરવાજો તેના માટે ખોલ્યો છે કે જે દુઆ માગવાની કોશિશ કરે છે કારણ કે અલ્લાહ ત્યાં સુધી દુઆ સાંભળવાથી અને કબૂલ કરવાથી નથી થાકતો જ્યાં સુધી તમે પોતે જ થાકતા નથી.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૨૫૭)

(૩૧૪) ગેરહાજર વ્યકિત માટે દુઆ ઘણી જ જલ્દી કબૂલ કરવામાં આવે છે.

(ઈસ્ના અશરીયા, સફા–૧૯)

(૩૧૫) રસૂલ (સ.)થી પૂછવામાં આવ્યું, "એનું શું કારણ છે કે અમે અલ્લાહથી દુઆ માગીએ છીએ અને તે કબૂલ નથી કરતો જ્યારે અલ્લાહે તો કહ્યું પણ છે કે મારાથી દુઆ માગો હું કબૂલ કરીશ?" આપે ફરમાવ્યું, "તમારા દિલો દસ બાબતોના કારણે મૃત થઈ ગયાં છે. (૧) તમે અલ્લાહની મારેફત તો ધરાવો છો પણ તેની ઈબાદત નથી કરતા. (૨) તમે કુરઆનની તિલાવત તો કરો છો પરંતુ તેના પર અમલ નથી કરતા (૩) તમે

રસૂલથી મોહબ્બતનો દાવો તો કરો છો પરંતુ તેની આલથી દુશ્મનાવટ રાખો છો (૪) તમે શૈતાનથી દુશ્મની રાખવાનો દાવો તો કરો છો પરંતુ તેનું અનુસરણ કરો છો (૫) તમે જન્નતને પસંદ તો કરો છો પરંતુ તેના માટે અમલ કરતા નથી (૬) તમે જહન્નમથી ડરવાનો દાવો તો કરો છો પરંતુ તમારા શરીરને તેમાં ફેંકી દો છો (૭) તમે તમારા દોષોને ભૂલી જાઓ છો અને બીજાના દોષો ખોળવામાં વ્યસ્ત રહો છો (૮) તમે દુનિયાને નાપસંદ કરવાનો દાવો તો કરો છો પરંતુ તેના માટે ધન ભેગું કરો છો (૯) તમે મોતનો એકરાર તો કરો છો પણ તેની તૈયારી નથી કરતા (૧૦) તમે તમારા મૃત્યુ પામેલા લોકોને દફન તો કરો છો પણ તેમનાથી કાંઈ પણ પાઠ શીખતા નથી. આ જ કારણોસર તમારી દુઆઓ કબૂલ નથી કરવામાં આવતી.

(ઈસ્ના અશરીયા, સફા–૩૩૦)

(૩૧૬) ત્રણ વ્યકિતઓની દુઆ રદ થતી નથી (૧) દાનવીરની (૨) બીમારની (૩) તૌબા કરનારની. (ઈસ્ના અશરીયા, સફા–૮૦)

(૩૧૭) કોઈ બંદો જો અલ્લાહથી દુઆ માગે અને તેનો ખોરાક અને પોષાક હરામની કમાણીનો હોય તો તે પરિસ્થિતિમાં અલ્લાહ તેની દુઆ કેમ કબૂલ કરશે ?

(ઈર્શાદુલ કુલૂબ, દયલમી, સફા–૨૯૯)


NAJARMOHAMMAD VIJAPURA
(JETHIPURA)
99 98 98 67 77

Order Taken from ALL OVER GUJARAT

# યામ લેસર

Acrylic & LED Sign Board

Making Sign Board of **HOTEL & SHOP** as per order.





- LED Single Color Sign Board
- Programming Led Sign Board
- Open LED Sign Board
- Clear Acrylic Sign Board
- Mirror Acrylic Sign Board
- Box Letter Sign Board

To view our portfolio kindly visit to our website.

Shop No.6, 1st Floor, Nr. L.I.C. Office, Samruddhi Complex, Nyay Mandir, Himatnagar, Gujarat.
Website : www.yamlasertech.com Email : yamlasertech@gmail.com

# ગ ડ મ થ લ ૨૪૯

:::::: સંપાદક::::::
મોલ્વી યાકૂબઅલી ગુલામભાઈ
ખાણશીયા (કનાઈ–ઝહીરાબાદ)



### ::::: આડી ચાવીઓ :::::

(૧) સેટ્રાણા સ્કેવર પર આવેલું ઈલ્મ સંકૂલ (૪)
(૩) સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ, સર્વોચ્ચ (૪)
(૫) ફરેબ, છળકપટ (૨)
(૬) રોઝી, આજીવિકા (૩)
(૮) કુરબાન, ન્યોછાવર (૨)
(૧૦) આડ, જન્નત–દોઝખ વચ્ચેની જગ્યા (૪)
(૧૩) પયગમ્બરોના જમાનાની એક કોમ (૨)
(૧૪) હોઠ, કિનારો (૨)
(૧૬) લીટી, પત્ર (૨)
(૧૭) એક પ્રખ્યાત યહૂદી યોધ્ધો (૪)
(૨૦) શ્વાસ, રૂહ, પ્રાણવાયુ (૨)
(૨૧) નમાઝનો એક એકમ (૩)
(૨૪) એક પ્રખ્યાત હકીમ કે જેમના નામનો એક સૂરો કુરઆનમાં છે. (૪)
(૨૫) કાંટાવાળુ (૪)

### ગડમથલ નં.૨૪૮નો ઉકેલ

<u>આડી ચાવીઓ :</u> (૧) મકતબા (૩) અફઝલ (૫) મક્ર (૬) રિઝક (૮) ફિદા (૧૦) બરઝખ (૧૩) આદ (૧૪) લબ (૧૬) ખત (૧૭) મરહબ (૨૦) દમ (૨૧) રકાત (૨૪) લુકમાન (૨૫) ખારદાર <u>ઊભી ચાવીઓ :</u> (૧) મકતૂલ (૨) તવારિખ (૪) ફના (૫) મકબરા (૭) અઝમત (૯) દાવૂદ (૧૨) બાબ (૧૩) આલ (૧૪) લહદ (૧૫) કરમ (૧૬) ખબર (૧૮) મોતબર (૧૯) તકસીર (૨૧) મલક (૨૩) મૈ

### ::::: ઊભી ચાવીઓ :::::

(૧) (બે ગુનાહ) કતલ થનાર (૪)
(૨) તારીખનું બહુવચન (૪)
(૪) નાશ, વિનાશ (૨)
(૫) કબર ઉપર બાંધેલું છત્રી જેવું બાંધકામ (૪)
(૭) મહાનતા (૪)
(૯) એક પયગમ્બર કે જે બાદશાહ પણ હતા. (૩)
(૧૨) દરવાજો, દર (૨)
(૧૩) સંતાનો, ઓલાદ (૨)
(૧૪) કબર, ગોર, સમાધિ (૩)
(૧૫) દયા, કૃપા, મહેરબાની (૩)
(૧૬) માહિતી, સમાચાર (૩)
(૧૮) પ્રમાણભૂત, વિશ્વાસપાત્ર (૪)
(૧૯) હજ અને ઉમરામાં વાળ કે નખ કાપવાની ક્રિયા(૪)
(૨૧) ફરિશ્તો (૩)
(૨૩) શરાબ, મદિરા (૧)

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### યુનાની ફિલોસોફર

(ગતાંકનું ચાલુ)

આજે ડેમોક્રિટસના આ વાક્યની સચ્ચાઈ ઉપર મને કોઈ શંકા નથી. હું એ વાત માનું છું કે ન કેવળ મારા પિતા અને દીકરો બલ્કે આખી માનવજાત એક ક્ષણમાં એટલે કે વર્તમાનકાળમાં જન્મી છે અને એક ક્ષણમાં કે જે વર્તમાનકાળ છે તેમાં મૃત્યુ પામે છે. હું એ વાતથી ડરું છું કે વર્તમાનકાળ કે જે મારું અસલ આયુષ્ય છે તે મારા હાથમાંથી નીકળી ન જાય. ક્યારેક હું એવું વિચારું છું કે શું આયુષ્યનો અંત ઊંઘની જેમ નથી ? અને હું ઊંઘથી શા માટે ડરતો નથી ? અને મૃત્યુથી શા માટે ડરું છું ? જ્યારે હું ઊંઘી જાઉં છું તો મને પોતાની ખબર રહેતી નથી અને મને એ પણ ખબર પડતી નથી કે જે માણસ ઊંઘી રહ્યો છે તે હું જ છું.

હું ઊંઘી જાઉં છું ત્યારે મારા મૃત્યુને ભૂલી જાઉં છું. તો પછી મૃત્યુ કે જે એક બીજા પ્રકારની ઊંઘ છે તેનાથી હું કેમ ડરું ? પરંતુ આવી હિંમતથી મને સંતોષ થતો નથી અને મારો મૃત્યુનો ડર દૂર થતો નથી કારણ કે મને ખબર હોય છે કે હું સૂઈ જઈશ તો પાછો ઉઠી જઈશ પરંતુ મોત પછી હું પાછો ઉઠવાનો નથી. જો માણસ મોત પછી પાછો ઉઠી શકત તો ફક્ત યુનાનમાં મારાથી પહેલાં થઈ ગયેલા લાખો લોકો ઉઠી જાત અને મને મોત પછીની આપવીતી કહેત.

પરંતુ મોત એટલે તો એવી રીતે ઊંઘી જવું કે જેના પછી જાગૃતતા આવતી જ નથી અને મને કોઈ આશા નથી કે હું પાછો ઉઠી શકું કારણ કે મને ખબર છે કે પાછા ઉઠવા માટે મારા શરીરનું માળખું સલામત હોવું જરૂરી છે કે જે મોત પછી નાશ પામશે. કેવળ મારું માંસ, ચામડી અને લોહી નાશ પામશે નહીં, બલ્કે મારાં હાડકાં પણ ધૂળમાં ફેરવાઈ જશે. મોત પછી મારું માળખું બાકી નહીં રહે તો દેખીતી વાત છે કે હું પાછો ઉઠી શકીશ નહીં અને આ જ વાત મને મોતથી ડરાવે છે.

જો મને ખબર હોત કે મારા મોત પછી મારું માળખું બાકી રહેશે તો હું મોતથી કદીય ડરતો નહીં કારણ કે મને આશા હોત કે એક દિવસ પાછો ઊભો થઈશ. એનું કારણ એ છે કે જ્યાં સુધી જાગૃતતાનાં કારણો હાજર હોય ત્યાં સુધી માણસને જાગૃતતાની આશા રહેતી હોય છે.

મેં સાંભળ્યું છે કે મિસરના લોકો મોત પછી માણસના શરીરનું એક એવું સ્વરૂપ બનાવી દે છે કે જે કદીય નાશ પામતું નથી. તેના માટે એક વિશેષ સંસ્થા સ્થપાયેલી છે. પરંતુ અહીં કોઈ પણ માણસ મોત પછી શરીરને સુરક્ષિત રાખવાના કાર્યનો જાણકાર નથી અને જો જાણકાર હોય તો પણ તે મડદાના શરીરને સુરક્ષિત રાખવાની રજા નહીં આપે કારણ કે યુનાનીઓની માન્યતા છે કે યુનાની ખુદાઓ આ રીતભાતને પસંદ કરતા નથી કારણ કે આ એક એવી રીતભાત છે કે જે ખુદા સિવાય

બીજા કોઈએ બનાવી છે અને ખુદા સિવાય બીજા કોઈએ બનાવેલી રીતભાત યુનાનમાં પ્રચલિત થવી જોઈએ નહીં.

ક્યારેક હું એવું વિચારું છું કે વૃધ્ધાવસ્થાના છેલ્લા વર્ષોમાં મિસર ચાલ્યો જઈશ અને ત્યાં જ મરી જઈશ કે જેથી મારા શરીરને મોત પછી એવું સ્વરૂપ આપી દે કે જેથી તે નાશ ન પામે અને મને આશા રહે કે હું મોતની ઊંઘમાંથી પાછો ઉઠી જઈશ. પરંતુ થોડાક જ સમયમાં હું મારા આ વિચારોને ત્યજી દઉં છું કારણ કે હું એ બાબત સ્વીકારી શકતો નથી કે યુનાનની માટી સિવાય કોઈ અન્ય માટી મારા શરીરની સાથે લપેટાઈ જાય અને હું વધારે સમય સુધી આવું વિચારી શકતો નથી કે યુનાની ખુદાઓએ પ્રચલિત કરેલી રીતભાત સિવાયની કોઈ અન્ય રીતભાત દ્વારા મને દફન કરવામાં આવે તો તે યોગ્ય હોય કારણ કે જો મને કોઈ બીજા પ્રકારે દફન કરવામાં આવે તો તે એવું થશે કે જાણે મેં મારા વતનથી ગદ્દારી કરી.*

ક્યારેક હું મારી જાતને કહું છું કે એ બાબત વધારે સારી વાત નથી કે હું પોતાના વતનમાં મરું. એ શરતે કે મારા શરીરને મારા મોત પછી સુરક્ષિત રાખવામાં આવે અને શક્ય હોય તો મને મિસરની રીતભાત મુજબ દફન કરવામાં આવે. પરંતુ પછી હું આ વિચારને ત્યજી દઉં છું કારણ કે યુનાની ખુદાઓની રીતભાત સિવાય અન્ય રીતભાતને સ્વીકારી લેવી વતનની સાથે ગદ્દારી કરવા સમાન છે. શું એ શક્ય છે કે મારા ખુદાઓ મને એવી આશા અપાવે કે મોત પછી હું પોતાને ઓળખી શકીશ ? અને એ વાત જાણી શકીશ કે હું એ જ રહીશ કે જે આજે છું કે જેણે પોતાના આયુષ્યનો એક ભાગ તારાઓને ઓળખવામાં વીતાવ્યો છે અને તેમના હલનચલનના નિયમો જાણ્યા છે.

જો મારા ખુદાઓ મને એ વાતની આશા અપાવે તો હું એટલો બધો ખુશ થઈ જઈશ કે જો મારા પગ હોય તો હું નૃત્ય કરતો કરતો કબરની તરફ આગળ વધત. જો મને યકીન હોય કે મોત પછી હું પોતાને ઓળખી શકીશ તો હું ખાવા-પીવાનો આનંદ નહીં માણત અને મારી ભૂખ અને તરસને અન્ય દુનિયામાં સંતોષત. ખાવું, પીવું અને ઊંઘવું મને આ દુનિયામાં એટલા માટે આનંદ આપે છે કે મને ખબર છે કે મારું આયુષ્ય ઓછું છે. જો હું અમર થઈ જાઉં તો પછી ખાવા, પીવા અને ઊંઘવાના આનંદ સાથે મારો શું સંબંધ છે ? કારણ કે સૌથી મોટો આનંદ તો અમર થવામાં છે અને જ્યારે હું મોત પછી કદીય પણ પોતાને ઓળખું તો બધી વસ્તુઓ મારી થઈ જશે અને પછી નાની નાની ખુશીઓ મારા માટે નિરર્થક થઈ જશે. પરંતુ જો હું મોત પછી પોતાને ઓળખી લઉં તો મારી દૃષ્ટિએ અમર થવાનું કોઈ મહત્વ બાકી નહીં રહે કારણ કે તે એક અન્ય અમર આયુષ્ય હશે, આ મારું પોતાનું આયુષ્ય નહીં.

* ધ્યાન આપવા લાયક બાબત એ છે કે અરસ્તૂખુસનું વતન યુનાન ન હતું બલ્કે તે સામોસમાં જન્મ્યો હતો અને વધારે સંભાવના એ વાતની છે કે તે ત્યાં જ મર્યો હોય અને ત્યાં જ દફન થયો હોય. સામોસ આજના તુર્કસ્તાનના પશ્ચિમમાં એક ટાપુ છે કે જેની આબાદી ૬૦ થી ૭૦ હજાર લોકોની છે. આ એક પહાડી પ્રદેશ છે. અહીંની તમ્બાકુ પ્રખ્યાત છે. યુનાનીઓએ ઈ.સ. પૂર્વે અગિયારમી સદીમાં આ ટાપુ પર કબજો કર્યો. અરસ્તૂખુસના જમાનામાં આ ટાપુને યુનાની પ્રદેશ બન્યે આઠસો વર્ષ વીતી ચૂક્યાં હતાં. અરસ્તૂખુસની સાથે યુનાનીઓએ ઘણો દુર્વ્યવહાર કર્યો હતો તો પણ તેનો દેશપ્રેમ એટલો બધો વધારે હતો કે તે યુનાનની માટી સિવાય કોઈ અન્ય માટીમાં દફન થવા ઈચ્છતો ન હતો અને આ દેશપ્રેમની ભાવનાની શક્તિ અને ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં એ રોમના માણસના દેશદ્રોહની ભાવનામાં કેટલો બધો ફેર છે કે જે રોમની ધરતીને ઉદ્દેશીને કહે છે કે અય સત્યને ન ઓળખનારા વતન ! તારી સજા માટે એટલું જ પર્યાપ્ત છે કે તું મારા હાડકાંને તારા દામનમાં ભેગાં કરવાનો ગર્વ ક્યારેય પ્રાપ્ત ન કરે.

મને ખબર છે કે એ ઓલમ્પિક પહાડ ઉપર કે જ્યાં ખુદાઓ રહે છે તે ઓલમ્પિક પહાડ અમર આયુષ્ય ધરાવે છે. પરંતુ શું તે અમર આયુષ્ય મારા માટે કોઈ અર્થ ધરાવે છે ખરું ? જરાય નહીં. કારણ કે તે કોઈ બીજાનું અમર આયુષ્ય હશે, મારું નહીં. શક્ય છે કે મને એવો વિચાર આવે કે જો મોત પછી હું પોતાને ઓળખી શકીશ નહીં તો પણ અમર થઈ જવાના કારણે મારું આયુષ્ય દુનિયાના આયુષ્યમાં ભળી જશે અને આવી રીતે ઓલમ્પિક પહાડના આયુષ્યનો પણ ભાગ બની જશે. પરંતુ જો આવું થાય તો પણ મને ખુશી નહીં થાય કારણ કે જે કંઈ જીવનની દૃષ્ટિએ મારા માટે મહત્વનું છે તે હું પોતે છું અને જો હું પોતે જ નથી તો પછી અમર આયુષ્યનો મારી સાથે કોઈ સંબંધ નથી, જેવી રીતે કે આજે ઓલમ્પિક પહાડના અમર આયુષ્યનો મારી સાથે કોઈ સંબંધ નથી.

અય જાબિર ! મેં તમારી સામે અરસ્તૂખુસના વિચારો વ્યક્ત કર્યા છે કે જેથી તમને ખબર પડે કે યુનાનમાં આવા લોકો હતા કે જે મોત વિશે મનન મંથન કરતા હતા અને સામાન્યતઃ મોતનો વિષય ઘણી વખત ભૂતકાળમાં લોકોના એક જૂથના મનન મંથનનો વિષય રહ્યો છે. જાબિરે પૂછ્યું કે અરસ્તૂખુસ અને અન્ય લોકોએ આવા દૃષ્ટિકોણથી શું નિષ્કર્ષ કાઢ્યો છે ?

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, તે લોકો તૌહીદમાં માનતા ન હતા અને આપણા મુસલમાનોની જેમ કયામત ઉપર યકીન ધરાવતા ન હતા એટલે મોતથી ઘણા ડરતા હતા અને જે લોકોએ પણ અરસ્તૂખુસની જેમ મોત વિશે મનન મંથન કર્યું છે તેમાંથી બહુમતી લોકો એ વાતથી ડરતા રહ્યા કે ક્યાંક એવું ન થઈ જાય કે તેઓ મોત પછી જીવિત રહે અને શરીર ખોઈ નાખવાના કારણે પોતાને ઓળખી ન શકે.

પરંતુ એક મોમિન મુસલમાન મોત પછી પોતાની આકેબત વિશે સંતોષી છે અને તેને ખબર છે કે મોત પછી અલ્લાહ તઆલાએ જે સમય તેના માટે નક્કી કર્યો છે તે સમયે તે પાછો જીવિત થશે અને જીવિત થઈને ફક્ત એટલું જ નહીં કે પોતાને ઓળખી લેશે બલ્કે પોતાના આમાલનો હિસાબ કિતાબ પણ આપશે અને તે પોતાના અસ્તિત્વનો એટલી હદ સુધી અનુભવ કરશે કે પોતાના મોત પહેલાંના જીવનના આમાલનો હિસાબ કિતાબ આપી શકશે. જો તે નેક હશે તો જન્નતમાં જશે નહિતર તેને તેના કાર્યોની સજા મળશે.

જાબિરે કહ્યું, મુસલમાનોનો અકીદો કેટલો સારો છે કે મોત પછી પણ તેમને તેમની પરિસ્થિતિની જાણકારી છે. શું પહેલાંના મઝહબોમાં પણ મોમિનોને મોત પછીની પરિસ્થિતિની જાણકારી રહેતી હતી ખરી ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, ઈસ્લામ પહેલાં આવનારા બધા આસમાની મઝહબોમાં મોમિનોને કહેવામાં આવ્યું છે કે મોત પછી જઝા અને સજા છે. પરંતુ તેમાંથી કોઈ પણ મઝહબમાં ઈસ્લામની માફક સ્પષ્ટતાપૂર્વક મોત પછીની જઝા અને સજાનું વર્ણન કરવામાં આવ્યું નથી અને કેટલાક પહેલાંના મઝહબોમાં આ વિશે અમુક હદ સુધી અસ્પષ્ટતા જોવા મળે છે.

જાબિરે પૂછ્યું, શું દીને ઈસ્લામમાં મોત પછીના હિસાબ કિતાબનો પાયો મોતના ડર ઉપર રાખવામાં આવ્યો છે ? ઈમામ જાફર સાદિક(અ.) એ ફરમાવ્યું, મોતના ડરના પાયા પર નહીં પરંતુ મોત પછીના હિસાબ કિતાબના ડરના પાયા ઉપર છે. મોમિન મુસલમાન મોતથી ડરતા નથી પરંતુ તે મોત પછીની સજાથી ડરે છે. મોત પછીની તે સજાથી બચવા માટે તેઓ આખું જીવન હરામ કાર્યોથી દૂર રહે છે. (ક્રમશઃ)

# નઝર કી જબ દરે હૈદર પે

વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી બાવા સાહેબ (મદ્દે.)

| | |
|---|---|
| નઝર કી જબ દરે હૈદર પે તો મા'લૂમ હુઆ, | نظر کی جب درِ حیدرؑ پہ تو معلوم ہوا |
| યેહી વો દર હૈ જહાં કુલ કે મદદગાર મિલે, | یہی وہ در ہے جہاں کل کے مددگار ملے |
| હૈ જો ભી પાયા ઈસી દરસે હી તો પાયા હૈ, | ہے جو بھی پایا اسی در سے ہی تو پایا ہے |
| હમેં ખુદા ભી મિલા, અહમદે મુખ્તાર મિલે. | ہمیں خدا بھی ملا احمدِؐ مختار ملے |
| જો દેખા સાથીઓંકો જબ અલી વ અહમદકે, | جو دیکھا ساتھیوں کو جب علیؑ و احمدؐ کے |
| હમેં સલ્માન મિલે ઔર મીસમે તમ્માર મિલે. | ہمیں سلمانؓ ملے اور میثمِؓ تمار ملے |
| અલીકે બેટોંકી ક્યા શાન હો બયાં મુજ્હસે, | علیؑ کے بیٹوں کی کیا شان ہو بیاں مجھ سے |
| ઉસે હસનૈન ભી, અબ્બાસે અલમદાર મિલે. | اسے حسنینؑ بھی عباسِؑ علمدار ملے |
| બાત ક્યા હો અબૂ તાલિબકે ઉસ દુલારે કી, | بات کیا ہو ابو طالب کے اس دلارے کی |
| જિસે અલ્લાહ કી તરફ઼સે ઝુલ્ફ઼િકાર મિલે. | جسے اللہ کی طرف سے ذوالفقار ملے |
| અય મેરે રબ ! તેરા મૈં લાખ શુક્ર કરતા હૂં, | اے میرے رب تیرا میں لاکھ شکر کرتا ہوں |
| મેરે મૌલા ભી મુઝે હૈદરે કર્રાર મિલે. | میرے مولا بھی مجھے حیدرِ کرار ملے |


જનાબે ફ઼ાતેમા ઝહરા (અ.)ની વિલાદતના પ્રસંગે
શીઆ જાફ઼રી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા આયોજિત

**મહેફ઼િલે માઅસૂમીન (અ.)** (શેઅર–શાયરીનો કાર્યક્રમ)

**સ્થળ** : ડો.નલીનકાન્ત ગાંધી ટાઉનહોલ, હિંમતનગર, સાબરકાંઠા
**તારીખ** : ૦૧–૦૫–૨૦૧૩, બુધવાર
**સમય** : રાત્રે ૮–૩૦ કલાકે

નોંધ : (૧) આ મુશાયરો આપણા શાયરોની રચનાઓ પર આધારિત રહેશે. (૨) આ મુશાયરામાં ભાગ લેવા માગતા મોમિનોએ તા. ૨૦–૪–૧૩ સુધીમાં નીચેના નંબરો પર નોંધણી કરાવવી.

**સંપર્ક** : મો. માસૂમભાઈ – ૯૬૮૭૬ ૭૯૫૧૩ મો. શેરઅલી – ૯૪૨૭૬ ૧૮૧૧૦

# અહલે ઝિક્ર - 1

**લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)**

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

આ જગતના ઈતિહાસે ઘણા બધા મહાન માણસોને પોત પોતાના ક્ષેત્રોમાં વધારે ઊંચાઈઓ સર કરતા જોયા છે. તેમનાં કાર્યોએ અને સ્વીકારેલી જવાબદારીઓએ તેમને તેઓ જે ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે તે ક્ષેત્રના નિષ્ણાત અને અદ્‌ભુત વ્યકિતઓ બનાવી દીધા છે. **તેમના ક્ષેત્ર સાથેનું તેમનું જોડાણ એટલું બધું સજ્જડ હોય છે કે તેમને તેમના ક્ષેત્રોથી જુદા પાડવાનું અશક્ય બની જાય છે અને તેથી જ તો જ્યારે જ્યારે કોઈ વિષયની વાત થતી હોય છે તો તે વિષયની સાથે સાથે તેમણે આપેલા અસાધારણ યોગદાનની પણ ચર્ચા કરવામાં આવે છે.**

ઉપરના મુદ્દાને સમજવા માટે ચાલો આપણે થોડાંક ઉદાહરણો જોઈએ. જો આપણે **પશ્ચિમની ફિલસૂફી વિષે ચર્ચા** કરવાની ઈચ્છા કરીએ તો દુનિયાના કોઈ પણ ભાગમાં એરિસ્ટોટલના નામની ચર્ચા અવશ્યપણે કરવામાં આવશે. એવી જ રીતે **અલ્બર્ટ આઈન્સ્ટાઈન ફિઝિક્સની સાથે** સંકળાયેલ છે. જો આપણે રમતગમતની વાત કરીએ તો **ક્રિકેટની સાથે સર ડોનાલ્ડ બ્રેડમેનની ચર્ચા, માર્શલ આર્ટસની સાથે બ્રુસ લી ની** અને **ફૂટબોલની સાથે પેલેની ચર્ચા** કરવામાં આવશે. તેઓ પોત પોતાના ક્ષેત્રમાં દંતકથારૂપ વ્યકિતઓ બની ગઈ છે અને તેમની સિધ્ધિઓનો અને યોગદાનનો ઉલ્લેખ કર્યા વગર તેમના જે તે ક્ષેત્રની ચર્ચા અધુરી રહી જાય છે. હકીકતમાં **તેઓ એટલી બધી ઊંચાઈઓ સુધી પહોંચી ગયા છે કે તેઓ જે ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતા હોય છે, તેઓ ખુદ તે ક્ષેત્ર જ બની ગયેલા હોય છે. તેમના પછી આવનારી પેઢીઓએ તેમનાં કાર્યોનું અનુસરણ કર્યું છે અને તેમનામાંથી પ્રેરણા પ્રાપ્ત કરી છે.**

➞ બસ આવી જ રીતે ઈસ્લામમાં પણ કેટલાક મહાન યોગદાન આપનારાઓ થઈ ગયા છે કે જેમને ઈસ્લામી ફિલસૂફીથી અલગ પાડી શકાય તેમ નથી. તેમનું ઈસ્લામ તરફનું યોગદાન એવું છે કે **તેમની ચર્ચા કર્યા વગર ઈસ્લામ વિષેની ચર્ચા અધુરી રહી જાય છે.** તેઓ ઈસ્લામનું સાકાર સ્વરૂપ છે અને ઈસ્લામનો પર્યાય બની ગયા છે. તેમના પછી આવેલી વલીઓની પેઢીઓએ તેમની તાલીમનું અનુસરણ કર્યું છે અને તેમનામાંથી પ્રેરણા પ્રાપ્ત કરી છે. આ લેખમાં આપણે કુરઆનની રોશનીમાં તેમની ચર્ચા કરીશું.

કુરઆને પાકના સૂરએ અન્આમમાંની નીચેની આયતોમાં આવા લોકોની હાજરીનો ઉલ્લેખ કર્યો છે :

● "પયગમ્બરો એવા લોકો હતા કે જેમને અમે (આસમાની) કિતાબ અને હિકમત અને નબુવ્વત અતા ફરમાવી. પછી જો એ લોકો એનાથી પણ ન માને તો (કંઈ પરવા નથી) <u>અમે તો તેના પર એવા લોકોને મુકર્રર કરી દીધા છે કે જે (તેમની માફક) ઈન્કાર કરવાવાળા નથી. આ એવા હતા કે જેમની ખુદાએ હિદાયત કરી તેથી તમે પણ તેમની હિદાયતની પયરવી કરો."</u>

● "(અય રસૂલ (સ.) ! તેમને) કહો કે <u>હું તમારી પાસે આ (રિસાલત)ની મજદૂરી</u> કંઈ માગતો આ તો <u>આખી દુનિયા માટે માત્ર એક ઝિક્ર છે (ઝિક્રાલિલ આલમીન)."</u>

(સૂરએ અન્આમ, આયત–૮૯–૯૦)

ઉપરની આયતોના ત્રણ જુદા જુદા સંદર્ભો છે. આ આયતો પયગમ્બરોની ચર્ચાની સાથે અને અલ્લાહ (સુ.વ.ત.)એ તેમને જે કિતાબ, હિકમત અને નબુવ્વત અતા ફરમાવી તેની ચર્ચા સાથે શરૂ થાય છે. ત્યાર પછી પયગમ્બરે પાક (સ.)ના જમાના દરમિયાનના કાફિરોની હાજરીની ચર્ચા ઉપર આગળ વધે છે. અહીં અલ્લાહ (સુ.વ.ત.) પયગમ્બરે પાક (સ.)ને એવું કહીને હૈયાધારણ આપે છે કે જો કાફિરો તમારી વાત ન માને તો તેમણે ચિંતા કરવાની જરૂર નથી કેમકે અલ્લાહ (સુ.વ.ત.)એ <u>કેટલાક લોકોને હિદાયત આપી છે કે જેઓ કદી પણ ઈન્કાર કરવાવાળા નથી.</u> તેમને એટલા માટે પેદા કરવામાં આવ્યા છે કે <u>જેથી મુસલમાનો તેમની પયરવી કરે અને તેમની હિદાયત થાય.</u> હિદાયત પામેલા લોકોનો આ સંદર્ભ ઉપરની આયતમાં ત્રીજો સંદર્ભ છે. ત્યાર પછી અંતમાં વધુમાં પયગમ્બરે પાક (સ.)ને ઉમ્મતને તેમની રિસાલતની મજદૂરી તરીકે હિદાયત પામેલા લોકો પાસેથી હિદાયત મેળવવાના પયગામને યાદ અપાવવાની અલ્લાહ (સુ.વ.ત.) સૂચના આપે છે. <u>હકીકતમાં તો ઉમ્મતને (ઝિક્રાલિલ આલમીનથી) યાદ અપાવવાની વાત છે.</u>

→ ઉપરની આયતો ઉપરથી તો એ બાબત સિધ્ધ થઈ ગઈ કે અલ્લાહ (સુ.વ.ત.)એ એવા થોડાક પસંદ કરેલા લોકોને પેદા કરેલા છે કે જેમણે ઈસ્લામનું પ્રતિનિધિત્વ જેવી રીતે કરવું જોઈએ તેવી રીતે (પ્રતિનિધિત્વ) કર્યું છે. ઉદ્દેશની પ્રાપ્તિ માટેની તેમણે સ્વીકારેલી જવાબદારીઓએ તેમના પછી આવનારી પેઢીઓને પ્રેરણા આપી છે અને ઈસ્લામના ઉદ્દેશ માટેના તેમના આચરણની ચર્ચા કર્યા વગર ઈસ્લામની ચર્ચા કરવી અધુરી છે. આથી જો ઉમ્મતે હિદાયત ઉપર કાયમ રહેવું હોય તો તેમણે આપેલાં ઉદાહરણોની પયરવી તેમણે કરવી પડશે.

અહીં, વધુમાં કુરઆન નીચે મુજબ તેમની પ્રશંસા કરે છે :

● "અને શયતાને પોતાના ખયાલને કે જે તેમના વિષે કર્યો હતો તેને સાચો સાબિત કરીને બતાવ્યો તો તે લોકોએ તેની પયરવી કરી <u>**પરંતુ ઈમાનદારોનો એક સમુદાય ન ભટકી ગયો."**</u>

(સૂરએ સબા, આયત–૨૦)

આ આયત મુજબ તેઓની હિદાયત એટલી બધી મજબૂત રીતે થઈ છે કે શયતાન તેમને ગુમરાહ કરી શકે તેમ ન હતો. **સર્વશકિતમાન અલ્લાહ તરફની તેમની મોહબ્બત અને તેમના ઈમાનની સામે શયતાન પણ લાચાર બની ગયો** અને અલ્લાહ (સુ.વ.ત.)એ તેમની સાબિતકદમીનું આવી રીતે સમર્થન કર્યું છે :

● "ખુદાએ ફરમાવ્યું કે **આ જ રાહ સીધી છે કે જે મારા સુધી પહોંચે છે. જે મારા મુખ્લીસ બંદાઓ** છે **તેમના ઉપર તારી કોઈ પણ પ્રકારની હુકૂમત નહીં થાય** પરંતુ હાં, ગુમરાહોમાંથી જે તારી પયરવી કરે તેમના ઉપર તારું જોર ચાલી જશે અને હાં, એ પણ યાદ રહે કે તે બધાયના માટે આખરી વાયદો બસ જહન્નમ છે."

(સૂરએ હિજ્ર, આયત–૪૧–૪૩)

આ બધા સાચા ઈમાનદારો શયતાનની પહોંચ બહાર છે. તેમના ઉપર તે (શયતાન)ની **કોઈ સત્તા ચાલે તેમ નથી.** તેઓ બધા **પવિત્ર આત્માઓ છે કે જે અલ્લાહ (સુ.વ.ત.) સાથે મોહબ્બત કરે છે અને તેનો ઉદ્દેશ તેમજ સિરાતે મુસ્તકીમનો જે રસ્તો તેને જઈને મળે છે તેના ઉપર તેઓ અડીખમ છે.** આમ જો આપણે હિદાયતયાફ્તા બની રહેવા માગતા હોઈએ તો **આપણે તેમની પાસેથી હિદાયત મેળવવાની જરૂર છે.** તેથી જ તો અલ્લાહ (સુ.વ.ત.) એ તેમનો સંદર્ભ <u>**ઝિક્રાલિલ આલમીન**</u> તરીકે આપ્યો છે.

સામાન્ય રીતે આપણા રોજબરોજના જીવનમાં જ્યારે જ્યારે આપણે કોઈની પણ ઓળખ માટે ચોકકસ ન હોઈએ તો આપણે તેના વંશવેલાને કે તેના શજરાને શોધવાનો પ્રયત્ન કરીએ છીએ, એવું કરીને આપણે તેના વંશવેલાની પૂરતી માહિતી મેળવીએ છીએ. અને ત્યાર પછી આપણને તેની સાચી ઓળખની ખાત્રી થાય છે. આ બાબતમાં પણ આવા સાબિતકદમ ઈમાનદારોની સાચી ઓળખને પ્રસ્થાપિત કરવા માટે એવી જ કાર્યવાહીને અનુસરીએ.

● "અને (એ સમયની યાદ અપાવો કે) જ્યારે ઈબ્રાહીમ અને ઈસ્માઈલ ખાના–એ–કા'બાની બુનિયાદોને બુલંદ કરી રહ્યા હતા **(અને દુઆ) માગતા જતા હતા કે અય અમારા પરવરદિગાર! અમારી (આ ખિદમત) કબૂલ કર,** બેશક તું જ (દુઆને) સાંભળનારો (અને તેને) જાણવાવાળો છે. (અને) અય અમારા પાલનહાર ! તું અમને તારા ફરમાબરદાર બંદા બનાવ અને <u>**અમારી ઓલાદમાંથી એક ટોળાને પેદા કર કે જે તારું ફરમાબરદાર હોય."**</u>

(સૂરએ બકરા, આયત–૧૨૭–૧૨૮)

ઉપરની આયત એ પ્રસંગનો સંદર્ભ આપે છે કે જ્યારે ઈબ્રાહીમ (અ.) અને ઈસ્માઈલ (અ.) કા'બાના પાયા ચણી રહ્યા હતા અને સાથે સાથે એવી દુઆ પણ માગતા જતા હતા કે અલ્લાહ (સુ.વ.ત.) તેમની ખિદમતોને કબૂલ ફરમાવે. વળી તેમણે એવી પણ દુઆ માગી હતી કે **તેમની ઓલાદમાં લોકોના એવા સમુદાયનો સમાવેશ થવો જોઈએ કે જે અલ્લાહ (સુ.વ.ત.) નો ફરમાબરદાર હોય અને સાચો ઈમાનદાર હોય.** આવી રીતે આપણે એવા નિચોડ ઉપર આવીએ કે આ સાબિતકદમ ઈમાનદારોનો સમુદાય જ હઝરત ઈબ્રાહીમ (અ.)ના વંશમાંથી છે.

વધુમાં આપણા આ અનુમાનને પુરાવાથી સાબિત કરવાના હેતુથી ચાલો આપણે સૂરએ આલે ઈમરાનમાંથી એક વધારે આયત જોઈએ :

● તમે **કેવો સરસ સમુદાય છો !** કે લોકોની હિદાયતના **માટે પેદા કરવામાં આવેલ છો** તમે લોકોને **સારા કામનો તો હુકમ કરો** છો અને **બૂરાં કામોથી રોકો છો** અને ખુદા પર **ઈમાન રાખો છો** અને અગર અહલે કિતાબ પણ આવી રીતે ઈમાન લાવત તો તેમના હકમાં બહુ સારું હોત, તેમનામાંથી કેટલાક તો ઈમાનદાર છે અને મોટા ભાગના બદકાર છે."

(સૂરએ આલે ઈમરાન, આયત–૧૧૦)

ઉપરની આયત મુજબ **આ ઈમાનદારો સમુદાયોમાં સૌથી સારા છે કે જેમને માનવજાતની ભલાઈ માટે બુલંદ કરવામાં આવ્યા છે.** તેઓ હક બાબત સાથે જોડાઈ જાય છે અને બાતિલની મનાઈ કરે છે અને અલ્લાહના ઉદ્દેશને સચ્ચાઈની સાથે વળગી રહે છે. તેથી જ તો તેઓ ઉત્તમ હાદીઓ છે કે જેમનું અનુસરણ લાભો મેળવવા માટે કરવાની જરૂર છે.

તફસીરિ સુયુતિમાં ઈબ્ને અબી હાકિમની એક રિવાયતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જેમાં હઝરત અબૂ જાફરને એવું કહેતા ટાંક્યા છે કે ઉમ્મતમાં સર્વશ્રેષ્ઠ માણસો **પયગમ્બરે પાક (સ.)નાં અહલેબૈત** છે.

(સંદર્ભ : તફસીરિ સુયુતિ, જિલ્દ–૨, પેજ–૬૪)

અહલેબૈત અલ્લાહની મખ્લૂકાતમાં સર્વશ્રેષ્ઠ મખ્લૂક છે અને તેમને માનવજાતની ભલાઈ માટે પેદા કરવામાં આવેલ છે અને તેથી જ તો હિદાયત પ્રાપ્ત કરવા માટે તેમને અનુસરવાનું છે. મો'તબર કિતાબો જેવી કે સહીહ મુસ્લિમ અને સહીહ તિરમિઝીમાં સા'દ બિન અબી વક્કાસ તરફની એક રિવાયત આવેલી છે તે રિવાયત અનુસાર મુબાહિલામાં લઈ જવા માટે પયગમ્બરે પાક (સ.)એ **ઈમામ અલી (અ.), બીબી ફાતેમા (સલા.અ.), ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ને** બોલાવ્યા હતા અને ફરમાવ્યું હતું, **અય અલ્લાહ ! આ મારાં અહલેબૈત છે.** (સંદર્ભ : સહીહ મુસ્લિમ, જિલ્દ–૨, પેજ–૨૮૭, સહીહ તિરમિઝી)

→ આમ ઉપરના ચિંતનમનન ઉપરથી આપણે એવું અનુમાન કરી શકીએ છીએ કે **પયગમ્બરે પાક (સ.) અને તેમના ઘરના લોકો (અહલેબૈત)** મખ્લૂકાતમાં સર્વશ્રેષ્ઠ છે. તેઓ સિરાતે મુસ્તકીમ ઉપર સાબિતકદમ છે. માનવજાતની ભલાઈ માટે તેમને પેદા કરવામાં આવેલ છે અને તેથી જ તો તેઓ **ઉમ્મતને યાદ અપાવનારા (ઝિક્રાલિલ આલમીન) છે** કે જેમના સંદર્ભનો સૂરએ અન્આમની ઉપરની આયતે ઉલ્લેખ કર્યો છે.

ચાલો હવે આપણે સૂરએ સાફ્ફાતમાંની આયત ઉપર મનન કરીએ કે જે આયત હઝરત ઈબ્રાહીમ (અ.)ની આઝમાઈશનો સંદર્ભ આપે છે :

● "એમાં શંકા નથી કે યકીનપૂર્વક આ મોટી સખત અને સ્પષ્ટ પરીક્ષા હતી અને અમે **ઈસ્માઈલનો ફિદીયો એક ઝિબ્હે અઝીમ (મોટી કુરબાની) ગણી દીધો.** અને અમે **તેમની સારી એવી ચર્ચા પાછળથી આવનારાઓમાં બાકી રાખી છે."**

(સૂરએ સાફ્ફાત, આયત–૧૦૬ થી ૧૦૮)

ઉપરની આયત મુજબ તો ઈબ્રાહીમ (અ.) માટે પોતાના દીકરા ઈસ્માઈલ (અ.) ની કુરબાની તેમની કસોટીનું પ્રગટીકરણ હતું. અલ્લાહ (સુ.વ.ત.)એ આ રીતે પોતાના હુકમનું અનુસરણ કરવામાં ઈબ્રાહીમ (અ.)ની મરજીની કસોટી કરી દીધી અને ત્યાર પછી તે પ્રસંગને મોકૂફ રાખ્યો અને તેને કોઈ બીજા સમય માટે **વધારે મોટી કુરબાની (ઝિબ્હે અઝીમ)માં બદલી નાખ્યો.**

આ આયત હંમેશાં મને એવો વિચાર કરતો કરી દે છે કે આવી કસોટીમાંથી **માત્ર ઈબ્રાહીમ (અ.)એ જ શા માટે પસાર થવું પડ્યું? અલ્લાહ (સુ.વ.ત.)એ આવી જ રીતે પોતાના બીજા પયગમ્બરોની કસોટી શા માટે ન કરી ?** આ બાબતનું સ્પષ્ટિકરણ કયાંય પણ મળતું નથી પરંતુ થોડીક આયતોના ચિંતનમનનની રોશનીમાં આપણે આ બાબતનું સમાધાન કરવાનો પ્રયત્ન કરીશું.

વળી આના માટે ચાલો હવે એક બીજી આયત જોઈએ કે જે અહલેબૈત (અ.)ની ધર્મનિષ્ઠા અને પાકીઝગી માટે કુરઆની સમર્થન આપતી સાબિતી છે. જ્યારે આપણે અહલેબૈત (અ.) વિષેની નીચેની આયતો જોઈએ ત્યારે આપણે ઈબ્રાહીમ (અ.)ની કસોટી વિષેના ઉપરના પ્રશ્નોના જવાબો પણ મેળવી શકીશું અને આ જ બાબતને ઉપરની આયત સાથે જોડીશું.

● **"અય પયગમ્બરની અહલેબૈત !** ખુદા તો બસ એવું જ ઈચ્છે છે કે તમને દરેક પ્રકારની **બૂરાઈથી દૂર રાખે** અને એવાં **પાક બનાવી દે કે જેટલો પાક રાખવાનો હક છે."**

(સૂરએ અહઝાબ, આયત–૩૩)

અલ્લાહ (સુ.વ.ત.)એ અહલેબૈત (અ.)ને

એવું વચન આપ્યું છે કે તે તેમને દરેક પ્રકારની બૂરાઈથી પાકો પાકીઝા રાખવાનું ઈચ્છે છે. સંપૂર્ણ પાકીઝગીથી તેઓ એટલાં બધાં પાકો પાકીઝા થયેલાં છે કે તેઓ ધર્મનિષ્ઠાની ટોચ ઉપર છે. હવે આપણે આ બાબતને ઈબ્રાહીમ (અ.) ની કસોટી સાથે જોડીએ તે પહેલાં ચાલો આપણે સૂરએ બકરા (આયત–૧૨૭)ની આયત તરફ પાછા જઈએ કે જે આયતને આપણે અગાઉ જોઈ ગયા છીએ. આ આયત પ્રમાણે જોઈએ તો ઈબ્રાહીમ (અ.) અને ઈસ્માઈલ (અ.) કા'બાના પાયાને ચણી રહ્યા હતા, એવી દુઆઓની સાથે કે **અલ્લાહ (સુ.વ.ત.)એ તેમની આલમાં સાચા ઈમાનદારોના એક એવા સમુદાયનો સમાવેશ કરવો જોઈએ કે જેઓ અલ્લાહને સમર્પિત થયેલા હોય.** અલ્લાહ (સુ.વ.ત.)એ તેમની દુઆઓને કબૂલ ફરમાવી અને **પયગમ્બરે પાક (સ.) અને તેમની પાક આલનો જન્મ ઈબ્રાહીમ (અ.)ના વંશજોમાં થયો.** પરંતુ આવું કરતાં પહેલાં અલ્લાહ (સુ.વ.ત.)એ તેમના ઈમાનને અને મરજીને ચકાસવા માટે ઈબ્રાહીમ (અ.) ને એક કસોટીમાંથી પસાર કર્યા કેમકે **<u>અલ્લાહ (સુ.વ.ત.)ને એવી ખાત્રી કરવી હતી કે પવિત્ર મોહંમદ (સ.) અને આલે મોહંમદ (સ.)નો વંશવેલો પણ એટલો જ ખામી વગરનો હોવો જોઈએ.</u>** મારા મત પ્રમાણે ઈબ્રાહીમ (અ.)ની કસોટીને આવી રીતે સમજાવી શકાય.

વળી સૂરએ સાફ્ફાત (આયત નં. ૧૦૬ થી ૧૦૮)માં જે મહાન કુરબાનીનો ઉલ્લેખ કરવામાં આવેલો છે કે જે પાછળ આવનારી પેઢીઓ સુધી મોકૂફ રાખવામાં આવી હતી તે ખરેખર તો આપણા વહાલા ઈમામ હુસૈન (અ.) અને તેમનાં અહલેહરમે કરબલાના મેદાનમાં આપેલી સૌથી મોટી કુરબાની જ છે.

(સંદર્ભ : મેઅરાજુન્નબુવ્વહ, પેજ–૩૫)

ફરી વાર જો આપણે આને ઈબ્રાહીમ (અ.) ની કસોટી સાથે જોડીએ તો આપણે વધુમાં એવું અનુમાન તારવી શકીએ કે ઈસ્લામના ઈતિહાસમાં કરબલાની આ સૌથી મહાન કસોટી થવાની હતી અને કોઈ એવો નહોતો કે જેણે આવી કસોટીનો સામનો કર્યો હોય જેવી રીતે ઈમામ હુસૈન (અ.) અને તેમની પવિત્ર અહલેહરમે પોતાના બાળકો, ભાઈઓ અને સર્વસ્વને કુરબાન કરી દઈને અલ્લાહ ખાતર અને ઈસ્લામ ખાતર કુરબાની આપી હતી તે કારણે અલ્લાહ (સુ.વ.ત.)એ ઈબ્રાહીમ (અ.)ને કસોટીમાંથી પસાર કર્યા અને જ્યારે અલ્લાહને સંપૂર્ણ રીતે ઈબ્રાહીમ (અ.)ની મરજીની ખાતરી થઈ ગઈ કે તેઓ પાતાના બાળક ઈસ્માઈલ (અ.)ને કુરબાન કરવા રાજી થઈ ગયેલ છે ત્યારે જ અલ્લાહ (સુ.વ.ત.)એ તેમના વંશવેલામાં ઈમામ હુસૈન (અ.)ને સોંપ્યા અને કા'બાના પાયાના ચણતર વખતે માગેલી દુઆ –મારા વંશમાંથી સાચા ઈમાનદારો પેદા કરજે તેવી દુઆ –ને મંજૂર કરી દીધી.

→ કુરઆને પાકની રોશનીમાં આપણે સમજી લીધું કે પયગમ્બરે પાક (સ.) અને આપની પાક આલ (અ.)ની આપણા જીવનમાં કેટલી બધી અગ્રતા છે, કેટલું બધું મહત્વ છે. ચાલો, હવે આપણે બીજા પણ સંદર્ભો જોઇએ :

પયગમ્બર પાક (સ.)એ ફરમાવ્યું છે કે :

● "હિસાબ આપવાના સ્થળે કયામતના દિવસે કોઇ પણ માણસ ત્યાં સુધી ખસી નહીં શકે જ્યાં સુધી તે ચાર બાબતોનો ખુલાસો નહીં કરે : તેણે પોતાનું જીવન, પોતાની દોલત કેવી રીતે ખર્ચી અને તેણે તે (દોલત) કેવી રીતે મેળવી **અને તેને અહલેબૈતની મોહબ્બત વિષે પણ પૂછવામાં આવશે."**

(સંદર્ભ : આ હદીસને તબરાનીએ ઇબ્ને અબ્બાસથી અને તેમણે અલ્લામા સુયુતિથી અને નબાહાનીથી, તેમની કિતાબો ઇહ્યાઉલ મય્યિત અને અર્બાઇનમાંથી નોંધી છે અને ઘણા બીજા આલિમોએ પણ તેની નોંધ કરી છે.)

અબૂ અબ્દિલ્લાહ અલ સાદિક (અ.)એ ફાઝિલને ફરમાવ્યું :

● "શું તમે (ભેગા થઇને) બેસો છો અને અમારો ઝિક્ર કરો છો ?" ફાઝિલે કહ્યું, "હા, કદાચ મારી રૂહ આપની રૂહ બને !" ઇમામ (અ.) એ ફરમાવ્યું, "બેશક, મને આવા મેળાવડા ગમે છે તેથી અમારા ઝિક્રની યાદ મનાવતા રહો. **અલ્લાહ તઆલા પોતાની રહેમત વરસાવે છે એવા લોકો ઉપર કે જેઓ અમારી યાદ મનાવે છે.** અય ફાઝિલ ! જે કોઇ અમારો ઝિક્ર કરે છે અથવા અમારો ઝિક્ર કરતો કોઇને સાંભળે છે અને ત્યાર પછી તેમની આંખોમાંથી જો માખીની એક પાંખ જેવડું આંસુ નીકળે તો **અલ્લાહ તેના ગુના માફ કરી દેશે પછી ભલેને તે ગુના દરિયાના ફીણના જેટલા (વધારે) કેમ ન હોય."**

(સંદર્ભ : અલ બિહાર, જિલ્દ–૪૪, પેજ–૨૮૨, સવાબ અલ આમાલ, પેજ–૧૮૭, અલ–અવાલિમ, પેજ–૫૨૭)

અલ્લાહ (સુ.વ.ત.)એ અહલેબૈત (અ.)ને એવા સંપૂર્ણ પેદા કર્યા છે કે તેઓ ઝિક્રાલિલ આલમીન છે જેમકે આપણે તેમને કુરઆનની જુદી જુદી આયતોથી સાબિત કરી દીધું છે. તેઓ સર્વોત્તમ હાદી છે આપણા એવા તારણને પ્રખ્યાત ઇસ્લામી સંશોધકોએ પણ સમર્થન આપ્યું છે જેમકે તેમણે કહ્યું છે :

● **"આલે મોહંમદ (અ.)એ** જે પણ કંઇ કર્યું, **તેમણે સર્વોત્તમ રીતે જ કર્યું."**

(સંદર્ભ : સહીહ મુસ્લિમ, જિલ્દ–૧, પેજ–૨૬૬)

જ્યારે કોઇ માણસ પોતાના એ વિસ્તારમાં સંપૂર્ણતાની ટોચ ઉપર પહોંચે છે કે જેનું તે પ્રતિનિધિત્વ કરે છે તો તે જે તે ક્ષેત્રનો પર્યાય બની જાય છે કે જેની ચર્ચા આપણે લેખની શરૂઆતના ભાગમાં કરી છે. પયગમ્બરે પાક (સ.) અને આપની પાક આલ (અ.)એ પણ

ઈસ્લામને એવી સંપૂર્ણતાથી પ્રસ્તુત કર્યો છે કે તેઓ ઈમાનના અને મઝહબના પર્યાય બની ગયા છે. મહાન વલી અને અહલેબૈત (અ.) ના પ્રખર ચાહક **ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (રહે.અ.)ને ઈમામ હુસૈન (અ.)થી પ્રેરણા મળી અને તેમણે એ મહાન ઈમામની શાનમાં નીચેની રુબાઈઆત લખી દીધી :**

● **શાહ અસ્ત હુસૈન, બાદશાહ અસ્ત હુસૈન**

(હુસૈન (અ.) શાહ છે, હુસૈન (અ.) બાદશાહ છે.)

**દીં અસ્ત હુસૈન, દીં પનાહ અસ્ત હુસૈન**

**(હુસૈન (અ.) ઈમાન છે, ઈમાનને આશરો આપનાર હુસૈન (અ.) છે.)**

**સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ**

(હાથ આપવાને બદલે યઝીદને પોતાનું મસ્તક આપી દીધું.)

**હક્કા કે બિનાએ લા ઈલાહ અસ્ત હુસૈન**

**(ખરેખર, લા ઈલાહની બુનિયાદ હુસૈન (અ.) છે.)**

→ અંતમાં આપણે એવું સમાપન કરી શકીએ કે પયગમ્બરે પાક (સ.) અને આપની પવિત્ર આલ (અ.) અલ્લાહ (સુ.વ.ત.)નાં સર્વોત્તમ સર્જનો છે અને તેથી જ તેઓ આપણા જીવનમાં કુરઆન જેટલું જ મહત્વ ધરાવે છે. જો કુરઆન અલ્લાહ (સુ.વ.ત.)ના અહકામ (નો સંગ્રહ) છે તો અહલેબૈત (અ.) અલ્લાહના અહકામોને સમજવા માટે અને પયરવી કરવા માટે હાદીઓ છે. જેવી રીતે અહકામોને યાદ રાખવા માટે દરરોજ કુરઆનની તિલાવત કરવાની જરૂર પડે છે તેવી જ રીતે આપણે અહલેબૈત (અ.) ને દરરોજ આપણી મજલિસોમાં યાદ રાખવા માટે અને તેમના જીવન ઉપર અને તેમની તાલીમ ઉપર વિચાર કરવા માટેની પણ જરૂર છે. તેથી ચાલો આપણે સર્વશક્તિમાન અલ્લાહ તઆલા સમક્ષ દુઆ માગીએ :

"અય અમારા પરવરદિગાર ! અમારા ઉપર હિદાયતના નૂરની વર્ષા કર્યા પછી તું અમને ગુમરાહ થવા દેતો નહીં અને અમને અડગ નિર્ધાર અર્પણ કર જેથી અમે સિરાતે મુસ્તકીમ ઉપર સાબિતકદમ રહી શકીએ. અમારા ઉપર અહલેબૈતની મોહબ્બતની પુષ્કળ વર્ષા કર જેથી અમારી યોગ્ય રીતે હિદાયત થાય અને અમે તારા અહકામોને સમજવા માટે શક્તિમાન બની જઈએ, આમીન. ✷



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૬

ભાષા : દોહા

**સુન સુન વીરા હે મરના રે, હાં મરના,**
**તલ તલ ઘડી ચેત રે, હાં ચેત રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે હે (મોમિન) બંધુઓ ! તમે સાંભળો કે આપણે બધાએ (એક દિવસ) મરવાનું છે. તેથી તમે હર ઘડી ચેતતા રહેજો.)

**એક તો ખોએ એક ચુન ગએ રે, હાં ચુન ગએ,**
**ખોશ દુનિયા ખેત રે, હાં ખેત રે.**

(એક તો ખોયામાં (કાપડની ઝોળીમાં) અને એકને (પક્ષીઓએ) ચણી ખાધું. આવી રીતે તું દુનિયા રૂપી ખેતરને ખોઈ બેસીશ.)

**મોત તો તલ તલ આવની રે, હાં આવની,**
**કરને તલ પલ ધીર રે, હાં ધીર રે.**

(મોત તો કોઈ પણ ક્ષણે આવવાનું જ છે. માટે તું થોડીક ક્ષણો માટે (મોતની રાહ જોવા માટે) ધીરજ રાખ.)

**રખે રે રેહવે નચંત તું રે, હાં નચંત તું,**
**સુનને કાન ધર વીર રે, હાં વીર રે.**

(અય (મોમિન) બંધુ ! તું કાન ધરીને સાંભળી લે કે રખેને તું મોતથી નફકરો (ચિંતા વગરનો) બની જાય.)

**વિસાલ કીયા રે બીબી સાહેબે, હા સાહેબે,**
**છોડા આ સંસાર રે, હાં સંસાર રે.**

(હઝરત બીબી ફાતેમા ઝહરા (સ.)એ વિસાલ કરી દીધો અને આ સંસારને હંમેશને માટે છોડી દીધો.)

**બીબીકુ રબ ચાહતા સહી રે, હાં ચાહતા સહી,**
**કરને કરમસું પ્યાર રે, હાં પ્યાર રે.**

(હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.) ને અલ્લાહ તઆલા ખૂબ ચાહતો હતો અને પોતાની મહેરબાની દર્શાવીને તેમને પ્યાર કરતો હતો.)

**તો ભી બીબીકુ બોલા લીએ રે, હાં બોલા લીએ,**
**કીએ જગથી ફોત રે, હાં ફોત રે.**

(તો પણ અલ્લાહ તઆલાએ બીબી ફાતેમા (અ.)ને પોતાની પાસે બોલાવી લીધાં અને તેમને દુનિયાથી ફોત કરી દીધાં.)

**એ રીત સહી કર જાનની રે, હાં જાનની,**
**પોચેગી તલ પલ મોત રે, હાં મોત રે.**

(અલ્લાહ તઆલાની આ રીતને સાચી સમજીને જાણી લેવાની છે કે કોઈ પણ ક્ષણે મોત આવવાનું છે.)

**દોનું ઈમામ યતીમ કીએ રે, હાં યતીમ કીએ,**
**હસન હુસેન નામ રે, હાં નામ રે.**

(બન્ને ઈમામોને યતીમ કરી દીધા કે જેમનાં નામ ઈમામ હસન (અ.) અને ઈમામ

હુસૈન (અ.) હતાં.)

**ફોત હોતે બીબી ફાતેમા, હાં ફાતેમા,**
**યતીમ કહે જગ ઠામ રે, હાં ઠામ રે.**

(હઝરત બીબી ફાતેમા (અ.) વફાત પામ્યાં તેની સાથે જ આપના બન્ને ફરઝંદો આ દુનિયામાં યતીમ થઇ ગયા.)

**સુન સુન ભાઈ દીન કે રે, હાં દીન કે,**
**એસા આપ સુબહાન રે, હાં સુબહાન.**

(અય દીનના ભાઇઓ ! તમે સાંભળો કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા કેવી શાનવાળો છે !)

**કહાર ઉસકા નામ હે રે, હાં નામ હે,**
**રહેમાન ભી ઉસે જાન રે, હાં જાન રે.**

(અલ્લાહ તઆલાનું એક નામ કહ્હાર (મહાન કોપાયમાન) છે અને બીજું નામ રહમાન પણ છે તે બાબત પણ જાણી લો.)

**અનંત સિફતસુ રબ હે રે, હાં રબ હે,**
**રહીએ હો આધાન રે, હાં આધાન.**

(આપણો પાક પરવરદિગાર અનંત (પાર વગરની) સિફતો ધરાવનારો છે. તો આ બાબતને પણ મનમાં ધારણ કરી રાખવી જોઇએ.)

**ડર કાહેર મન ધરના રે, હાં ધરના,**
**રેહમતકી ઉમ્મેદ રે, હાં ઉમ્મેદ રે.**

(આપણે બધાએ વાહેદુલ કહ્હાર એવા અલ્લાહનો ડર પણ મનમાં રાખવો જોઇએ અને સાથે સાથે અલ્લાહ તઆલાની રહેમતની ઉમેદ પણ રાખવી જોઇએ.)

**બેહિશ્ત ને દોઝખ સરજીયા રે, હાં સરજીયા,**
**બુઝો એ દોનું ભેદ રે, હાં ભેદ રે.**

(અલ્લાહ તઆલાએ જન્નત અને જહન્નમ એમ બન્નેનું સર્જન કર્યું છે તો આના ભેદને – આના રહસ્યને તમે સમજો.)

**વિલમ મોત ના કરે રે, હાં ના કરે,**
**અજલ પોચે ધાય રે, હાં ધાય રે.**

(મોત જરાય પણ વિલંબ કરતું નથી, કોઇની વાટ જોતું નથી. જ્યારે અજલ એટલે કે મોત આવે છે ત્યારે તે દોડતુંને દોડતું આવે છે.)

**એસી તો ચંતા ભાઈ દીન કેરે, હાં દીન કેરે,**
**મન કયું ના લાએ રે, હાં લાએ રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે અય દીનના ભાઇ ! મોત કોઇ પણ ક્ષણે આવવાનું છે એવી ચિંતા તું તારા મનમાં શા માટે લાવતો નથી ?)


*Nature's Low of Cure*

**શિફા હોમિયોપેથ કિલનીક**

**ડો.અહેમદઅબ્બાસ ધરખડ**

*(હોમિયોપેથીક કન્સલ્ટન્ટ)*

(હઠીલા રોગો માટે આશાનું કિરણ)

સ્ત્રી રોગો, ચામડીના રોગો, ગેસ, એસીડીટી, કબજીયાત, હરસ, મસા, વા, ગાંઠીયો વા, સાયટીકા, ખરતા વાળ, થાઇરોઇડ, માનસિક રોગો માટે હોમિયોપેથિક સારવાર.

**સમય : સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી**

**બહારના દર્દીઓએ ફોન કરીને આવવું.**

સ્પાન કોમ્પલેક્ષ, પૃથ્વી રેસ્ટોરન્ટની સામે, પોલીટેકનીક રોડ, વડનગર. જિ. મહેસાણા.

**મો.૯૭૨૩૩૮૯૬૧૩**

# ઇસ્લામી ચલણી સિક્કાની શરુઆત

*(ઈસ્લામી ચલણી સિક્કાઓની શરૂઆત કેવી રીતે થઈ તે બાબત રસપ્રદ છે. ઈસ્લામ ધર્મનો પ્રચાર શરૂ કરવામાં આવ્યો તે સમયગાળા પહેલાં અરબ ઈલાકામાં બે સલ્તનતો મોજૂદ હતી.*

*(૧) રૂમી સલ્તનત (૨) ફારસી સલ્તનત. આ બન્ને સલ્તનતો વેપાર અને અન્ય બાબતોની લેવડ દેવડમાં રોકડ રકમનો ઉપયોગ કરતી હતી. સાસાની ફારસી હુકૂમત દિરહમના સિક્કાનો ઉપયોગ કરતી હતી જ્યારે બૈઝન્ટાઈનની રૂમી સલ્તનત સોનાના દીનારનો ઉપયોગ કરતી હતી. ઈસ્લામનો ઉદય થયો તેના ઘણા સમય સુધી આવા દિરહમ અને દીનારનો ઉપયોગ થતો રહ્યો. ઈસ્લામી મુલકોમાં ઝકાત એકઠી કરવાનું કાર્ય તેમજ સઘળી વેપારી લેવડદેવડ આ બન્ને પ્રકારના સિક્કાઓમાં થતી હતી. ઈસ્લામના પોતાના ચલણી સિક્કા ન હતા. આવી પરિસ્થિતિ છેક હિજરી સન–૭૭ સુધી ચાલુ રહી. આપણા પાંચમા ઈમામ મોહંમદ બાકિર (અ.)ના જમાનામાં ઈસ્લામી ચલણી સિક્કા બનાવવાની જરૂરિયાત કેવી રીતે ઊભી થઈ અને ઈસ્લામી સિક્કા કેવી રીતે અમલમાં આવ્યા તે બાબત જાણવા માટે નીચેનો લેખ વાંચો. –તંત્રી)*

અલ્લામા દમીરીના હવાલાથી આ પ્રસંગની વિગતવાર માહિતી એવી રીતે આપવામાં આવી છે કે એક દિવસ અલ્લામા કુસાઈને ખલીફા હારૂન રશીદ અબ્બાસીએ પૂછ્યું,

"ઈસ્લામમાં દિરહમ અને દીનારના સિક્કા કયારે અને કેવી રીતે અમલમાં આવ્યા?"

તો તેમણે કહ્યું,

"સિક્કાઓનો પ્રારંભ ખલીફા અબ્દિલ મલિક બિન મરવાને કર્યો છે પરંતુ તેની વિગતવાર માહિતીથી હું અજાણ છું અને મને ખબર નથી કે તેમની શરૂઆત કરવાની અને તેમાં સંશોધન કરવાની જરૂરિયાત શા માટે મહેસૂસ થઈ."

હારૂન અલ રશીદે કહ્યું,

"વાત જાણે એમ છે કે પહેલાંના જમાનામાં ઈસ્લામી મુલકોમાં જે કાગળ, વગેરે વપરાતા હતા તે મિસરમાં તૈયાર થતા હતા કે જ્યાં એ વખતે નસરાની હુકૂમત હતી અને તે બધા જ બાદશાહો રૂમના મઝહબ પર હતા. ત્યાંના કાગળ ઉપર જે ટ્રેડ માર્ક લગાવવામાં આવતો હતો તે નસરાની (ખ્રિસ્તી) હુકૂમતનો હતો અને ટ્રેડમાર્કનું લખાણ પણ રૂમી ભાષામાં લખાતું હતું. આવી પરિસ્થિતિમાં ઈસ્લામના કેટલાય જમાના પસાર થઈ ગયા એટલે સુધી કે અબ્દિલ મલિક બિન મરવાનનો જમાનો આવ્યો. તે ખલીફો ખૂબ જ બુધ્ધિશાળી અને હોંશિયાર હતો તેથી તેણે તે લખાણનો અનુવાદ કરાવીને મિસરના ગર્વનરને પત્ર લખ્યો કે તમે રૂમી ટ્રેડ માર્કને મોકૂફ કરી દો અને તેને તર્ક કરી દો એટલે કે કાગળ, કપડાં, વગેરે ઉપર જે

ટ્રેડમાર્કનું નિશાન લગાવવામાં આવે છે તેને ન લગાવવા દો પરંતુ તેના ઉપર اشهد الله انه لا اله الا هو લખાવો. તેથી આ હુકમ ઉપર અમલ કરવામાં આવ્યો. જ્યારે આ નવા માર્કાવાળા કાગળ કે જેમના ઉપર તૌહીદના કલેમાનું લખાણ લખેલું હતું તે વ્યવહારમાં આવ્યું તો કૈસરે રૂમને તે ખૂબ જ અયોગ્ય લાગ્યું.

તેણે એ સમયના ખલીફા અબ્દિલ મલિક બિન મરવાન તરફ ભેટ સોગાદો મોકલીને લખ્યું,

“કાગળ, વગેરે ઉપર જે ટ્રેડમાર્ક પહેલાં હતો તે રિવાજ મુજબ ફરીથી ચાલુ કરી દો.”

અબ્દુલ મલિકે આ હુકમ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો અને સફીર (સંદેશવાહક)ને ભેટસોગાદો સહિત પાછો મોકલી દીધો અને તેને પત્રનો જવાબ સુધ્ધાં ન આપ્યો. કૈસરે રૂમે ભેટ સોગાદોને બમણી કરીને ફરીથી મોકલી અને લખ્યું,

“તમે મારી ભેટ સોગાદોને ઓછી સમજીને પાછી મોકલી દીધી એટલા માટે હું તેમાં વધારો કરીને મોકલી રહ્યો છું તેને કબૂલ કરી લો અને કાગળ ઉપરથી નવો માર્ક હટાવી દો.”

અબ્દિલ મલિકે ફરીથી હદિયા પાછા મોકલી દીધા અને પહેલાંની માફક કોઈ જવાબ ન આપ્યો. ત્યાર પછી કૈસરે રૂમે ત્રીજી વખત પત્ર લખ્યો અને ભેટ સોગાદો મોકલી અને પત્રમાં એવું લખ્યું,

“તમે મારા પત્રોના જવાબ આપ્યા નથી અને મારી વાત પણ કબૂલ કરી નથી. હવે હું કસમ ખાઈને કહું છું કે અગર તમે હજુ પણ પહેલાંની માફક રૂમી ટ્રેડમાર્કને ચાલુ ન કર્યો અને કાગળ ઉપરથી તૌહીદનાં વાક્યો ન હટાવ્યાં તો હું તમારા રસૂલ વિષે સિક્કાઓ ઉપર – દિરહમ અને દીનાર ઉપર અપશબ્દો કોતરાવીને બધા ઈસ્લામી મુલકોમાં તે સિક્કા ચાલુ કરી દઈશ અને તમે કંઈ કરી નહીં શકો. જુઓ, હવે મેં જે તમને લખ્યું છે, તેને વાંચીને તમારા કપાળ ઉપરનો પરસેવો લૂછી નાખો અને જે કંઈ હું કહું છું તેના ઉપર અમલ કરો જેથી અમારી અને તમારી વચ્ચે મોહબ્બતનો જે રિશ્તો છે તે પહેલાંની માફક ચાલુ રહે.”

અબ્દિલ મલિક ઈબ્ને મરવાને જે વખતે આ પત્ર વાંચ્યો તો તેના પગ નીચેની જમીન સરકી ગઈ. તે હોશકોશ ખોઈ બેઠો. તેની નજરોમાં દુનિયા અંધકારમય બની ગઈ. તેણે બેચેન બની જઈને ઉલમાઓને, ફાઝિલોને, સલાહકારોને અને રાજકીય માણસોને તરત જ ભેગા કરી દીધા અને તેમની સાથે સલાહ મશવેરો કર્યો અને કહ્યું,

“કોઈ એવી બાબત ઉપર વિચાર કરો કે સાપ પણ ન મરે અને લાઠી પણ ન તૂટે અથવા એવું કરો કે જેથી ઈસ્લામ સરાસર કામયાબ થઈ જાય.”

બધા લોકોએ એકબીજા સાથે માથાં જોડીને ખૂબ લાંબા સમય સુધી વિચાર વિમર્શ કર્યો પરંતુ તેમનામાંથી એવો કોઈ અભિપ્રાય આપી શક્યું

નહીં કે જેના ઉપર અમલ થઇ શકે.

જ્યારે બાદશાહને કોઇના ય અભિપ્રાયથી સંતોષ ન થઇ શકયો અને તે વધારે પરેશાન થઇ ગયો તો દિલમાં કહેવા લગ્યો,

“અય મારા પાલનહાર ! હવે હું શું કરું?”

હજુ તો તે આવી દ્વિધામાં જ બેઠેલો હતો તેવામાં તેનો વઝીરે આઝમ ઈબ્ને ઝન્બાઅ બોલી ઉઠ્યો,

“બાદશાહ તો યકીનપૂર્વક જાણે છે કે આવા અગત્યના મોકા ઉપર ઈસ્લામની મુશ્કિલકુશાઈ કોણ કરી શકે છે પરંતુ તે જાણી જોઇને તેના તરફ મોઢું કરતો નથી.”

બાદશાહે કહ્યું,

“ખુદા તારી વાતને સમજે, મને બતાવ તો ખરો કે તે કોણ છે ?”

વઝીરે આઝમે અરજ કરી,

“હું ફરઝંદે રસૂલ (સ.) હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)ની તરફ ઈરશાદ કરી રહ્યો છું અને એ જ આવા કપરા સમયમાં તારા કામમાં આવી શકે તેમ છે.”

અબ્દિલ મલિક બિન મરવાને જેવું આપનું નામ સાંભળ્યું કે તરત જ કહેવા લાગ્યો,

“ખુદાની કસમ, તેં સાચું કહ્યું, અને સાચી રાહબરી કરી.”

ત્યાર પછી એ જ વખતે તરત જ તેણે પોતાના મદીનાના આમિલને લખ્યું,

“અત્યારે હાલ ઈસ્લામ ઉપર એક સખત મુસીબત આવી પડી છે અને તેને ઈમામ મોહંમદ બાકિર (અ.) સિવાય દફે કરવી શકય નથી. તેથી જેમ બને તેમ તેમને રાજી કરી દઈને મારી પાસે મોકલી દો. જુઓ, આ બાબતમાં જે કંઈ પણ ખર્ચ થશે તે હુકૂમત ભોગવશે.”

અબ્દુલ મલિકે મદીનામાં દરખાસ્ત મોકલી ત્યાર બાદ બાદશાહે રૂમના સફીરને નજરબંદ કરી દીધો અને હુકમ કર્યો કે જ્યાં સુધી હું આ સમસ્યાને હલ ન કરી લઉં ત્યાં સુધી તેને પાટનગરની બહાર જવા દેતા નહીં.

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)ની ખિદમતમાં અબ્દિલ મલિક બિન મરવાનનો સંદેશો પહોંચ્યો અને આપ (અ.)એ તરત જ સફરનો ઈરાદો કર્યો અને મદીનાના લોકોને ફરમાવ્યું,

“જો કે આ કાર્ય ઈસ્લામનું છે તેથી હું મારાં બધાં જ કામો પર આ સફરને પ્રધાનતા આપું છું.”

ટૂંકમાં, આપ (અ.) ત્યાંથી રવાના થઈને અબ્દિલ મલિકની પાસે જઇ પહોંચ્યા. જો કે બાદશાહ ખૂબ જ પરેશાન હતો તેથી તેણે આપનું સ્વાગત કર્યા પછી તરત જ જે મુદ્દો ચર્ચવાનો હતો તેની અરજ કરી જ દીધી. ઈમામ (અ.)એ મુશ્કુરાઈને ફરમાવ્યું,

“અય બાદશાહ ! ગભરાઓ નહીં. આ તો ખૂબ જ મામૂલી બાબત છે. હું તેને અત્યારે હાલ ચપટી વગાડતામાં હલ કરી નાખું છું. અય બાદશાહ ! સાંભળો. મને ઈમામતના ઈલ્મ દ્વારા માલૂમ છે કે ખુદાએ કાદિર અને તવાના

કૈસરે રૂમને આવું ખરાબ કૃત્ય કરવાની તાકાત જ નહીં આપે. વળી આવી પરિસ્થિતિમાં તેણે તમારા હાથોમાં તેનાથી અહદ પૂરો થવાની તાકાત આપેલી છે.''

બાદશાહે અરજ કરી,

''યા ઈબ્ન રસૂલલ્લાહ ! તે કઈ તાકાત છે કે જે મને નસીબ થયેલી છે અને જેના દ્વારા હું કામયાબી પ્રાપ્ત કરી શકું તેમ છું.''

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું,

''તમે અત્યારે હાલ હકકા (મુહર બનાવનારા, અક્ષરો કોતરનારા)ને અને કારીગરોને બોલાવો અને તેમની મદદથી દિરહમ અને દીનારના સિકકા (બીબાઓમાં) ઢળાવો અને ઈસ્લામી મુલકોમાં ચાલુ કરી દો.''

તેણે પૂછ્યું,

''સિકકાઓનો આકાર અને સૂરત કેવી હશે? અને તેમને કેવી રીતે ઢાળવામાં આવશે?''

ઈમામ (અ.)એ ફરમાવ્યું,

''સિકકાની એક બાજુએ તૌહીદનો કલેમો, બીજી બાજુ પયગમબરે ઈસ્લામ (સ.)નું નામ અને ઝર્બે સિકકાની સાલ લખવામાં આવે.''

બાદશાહે કહ્યું,

''ત્યાર પછી તેમનાં વજન બતાવો.''

આપ (અ.)એ ફરમાવ્યું,

''અત્યારના સમયમાં દિરહમના ત્રણ સિકકામાં એક તરફ બગલી કે જે દસ મિસ્કાલના દસ થાય છે અને બીજી તરફ સમરી ખફાફ કે જે છ મિસ્કાલના દસ થાય છે, ત્રીજા પાંચ મિસ્કાલના દસ. આમ કુલ વજન ૨૧ મિસ્કાલ થયું. આને ત્રણે ય ઉપર વહેંચણી કરવાથી વહેંચણી સાત મિસ્કાલની થઈ. આ વર્ષે એક મિસ્કાલના દસ દિરહમ બનાવો અને સાત મિસ્કાલના સોનાના દીનાર તૈયાર કરો કે જેના છૂટા દસ દિરહમ થાય. દિરહમના સિકકા પરનું નકશીકામ ફારસીમાં છે એટલા માટે તેને ફારસીમાં રહેવા દેવામાં આવે અને દીનારનો સિકકો રૂમી અક્ષરોમાં છે તેથી તેનું રૂમી અક્ષરોમાં જ નકશીકામ કરો અને (સિકકા) ઢાળવા માટેનું મશીન (સાંચો) સીસાનો બનાવવામાં આવે જેથી બધા એક સરખા વજનના તૈયાર થઈ શકે.''

અબ્દિલ મલિકે આપ (અ.)ના હુકમ મુજબ સઘળા સિકકા ઢાળવાનું કાર્ય કરાવ્યું અને બધું કાર્ય દુરસ્ત કરી લીધું. ત્યાર પછી હઝરત (અ.)ની ખિદમતમાં હાજર થઈને ફરમાવ્યું,

''હવે હું શું કરું ?''

આપ (અ.)એ હુકમ કર્યો,

''આ સિકકાઓને બધા ઈસ્લામી મુલકોમાં ચાલુ કરી દો અને સાથે સાથે એક કડક હુકમ જારી કરી દો કે જેમાં એવું હોય કે ફકત આ સિકકાઓનો જ ઉપયોગ કરવામાં આવે અને રૂમી સિકકાઓને ગેરકાયદેસર ગણવામાં આવે. હવેથી જે કોઈ આનો વિરોધ કરશે તો તેને સખત સજા કરવામાં આવશે અને જો જરૂર લાગશે તો તેવા માણસને કતલ પણ કરી શકાશે.''

અબ્દિલ મલિક બિન મરવાને આપના ઈરશાદ ઉપર અમલ કર્યો અને ત્યાર પછી તેણે રૂમના સફીરને આઝાદ કરી દઈને તેને કહ્યું,

"તમારા બાદશાહને જઈને કહેજો કે અમે અમારા પોતાના સિક્કા ઢાળીને ચાલુ કરી દીધા છે અને તમારા સિક્કાઓને ગેરકાનૂની ગણી દીધા છે. હવે તમારાથી થાય તે કરી લેજો."

સફીરે રૂમ ત્યાંથી આઝાદ થઈને જ્યારે પોતાના બાદશાહ કૈસરની પાસે પહોંચ્યો અને તેને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો તો તે આશ્ચર્યચકિત થઈ ગયો અને માથુ ઝુકાવીને લાંબા સમય સુધી ખામોશ બેસીને વિચારતો રહ્યો.

લોકોએ કહ્યું,

"અય બાદશાહ ! તમે તો એવું કહ્યું હતું કે હું મુસલમાનોના પયગમ્બર વિરૂધ્ધ સિક્કાઓ ઉપર અપશબ્દો કોતરાવી દઈશ. હવે તેના ઉપર કેમ અમલ કરતા નથી ?"

તો તેણે લોકોને કહ્યું,

"હવે અપશબ્દો કોતરાવીને હું શું કરું ? હવે તો તેમના મુલકોમાં મારા સિક્કા ચાલતા જ નથી અને લેવડદેવડ પણ થતી નથી."

તો આવો છે ઈસ્લામી ચલણી સિક્કાઓનો ઈતિહાસ !

(સંદર્ભ : હૈવાતુલ હૈવાન દમીરી અલ મતૂફી, હિજરી–૮૦૮, જિલ્દ–૧, સફા–૬૩, તબ્એ મિસ્ર, હિજરી–૧૩૫૬)





**સુપર વાયર પ્રોડક્ટ**

અમારે ત્યાં હોટલ/રિસ્ટોરન્ટના કંપાઉન્ડ, પાર્ટી પ્લોટ અને ખેતરની ફરતે તારની વાડ (જાળી)નું ફેન્સીંગ વ્યાજબી ભાવે સંતોષકારક કરી આપવામાં આવશે.

કાંટા તારનું જાતે પ્રોડક્શન કરીને હોલસેલના ભાવે જાળીનું ફેન્સીંગ કરી આપીશું.

**સુલતાનઅલી ડી. પલસાણીયા**
**મો. ૯૮૭૯૩૩૮૫૭૮, ૮૪૮૫૯૩૩૮૨૨**
**મોહસિનઅલી જી. પલસાણીયા**
**મો. ૯૪૨૮૬૦૯૪૩૦**
**(વાઘરોલવાળા)**

૧૧, જલારામ એસ્ટેટ, રેલ્વે ક્રોસીંગની બાજુમાં, સરખેજ–સાણંદ રોડ, અમદાવાદ – ૩૮૨ ૨૧૦

ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

# શહીદોનો મરતબો

**લેખન : જનાબ સૈયદ ઓવેસઅેહમદ જાફરી સાહેબ**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

وَلَا تَحۡسَبَنَّ الَّذِیۡنَ قُتِلُوۡا فِیۡ سَبِیۡلِ اللّٰہِ اَمۡوَاتًا ؕ بَلۡ اَحۡیَآءٌ عِنۡدَ رَبِّہِمۡ یُرۡزَقُوۡنَ ﴿۱۶۹﴾

**"જે લોકો અલ્લાહની રાહમાં કતલ થયા છે તેમને મૃત સમજો નહીં, પરંતુ તેઓ હયાત છે અને અલ્લાહ તરફથી રિઝક મેળવી રહ્યા છે."** (સૂરએ આલે ઈમરાન, આયત–૧૬૯)

وَلَا تَقُوۡلُوۡا لِمَنۡ یُّقۡتَلُ فِیۡ سَبِیۡلِ اللّٰہِ اَمۡوَاتٌ ؕ بَلۡ اَحۡیَآءٌ وَّلٰکِنۡ لَّا تَشۡعُرُوۡنَ ﴿۱۵۴﴾

**"અને જે લોકો અલ્લાહની રાહમાં માર્યા ગયા છે તેમને મૃત કહેશો નહીં તેઓ હયાત છે પરંતુ તમે જાણતા નથી."**

(સૂરએ બકરા, આયત–૧૫૪)

દરેક મુસ્લિમના અકીદા મુજબ કુરઆન અલ્લાહ તરફથી નાઝિલ થયેલી કિતાબ છે અને તેથી તે તેમાં સચ્ચાઈ સિવાય બીજું કાંઈ જ નથી. ઉપરોકત બયાન કરવામાં આવેલી બન્ને આયતો સાબિત કરે છે કે શહીદો હયાત છે પરંતુ આપણે સમજી શકતા નથી.

અને જો શહીદી વહોરનાર વ્યકિત રહમતુલ્લીલ આલમીન રસૂલલ્લાહ (સ.)ના નવાસા હોય તો તેમના હયાત હોવા વિષે શંકા કુશંકા કરવી એ નર્યું કુફ્ર જ છે. સૈયદુશ્શોહદા હોવાના કારણે ઈમામ હુસૈન (અ.) હયાતછે અને અલ્લાહ પાસેથી રિઝક મેળવે છે, એટલું જ નહીં પરંતુ તેઓ તેમને પોકારનારનો અવાજ સાંભળીને તેની શફાઅત માટે અલ્લાહના દરબારમાં અલ્લાહની પરવાનગીથી હાજર થાય છે.

અને હિજરી સન–૬૧ આશુરાના દિવસે શહાદતનો જામ પીનાર દરેક શહીદ આ મુજબ શફાઅત કરી શકે છે. તેમાં છ મહિનાના અલી અસગર (અ.), નેવું વર્ષના મુસ્લિમ ઈબ્ને અવસજા, અલી અકબર (અ.), ફુરાતના કિનારે પાણી પર કબજો મેળવીને પણ પાણી ન પીનાર અબ્બાસ અલમદાર પણ શામેલ છે.

અને આ કારણસર આપણે કરબલાના શહીદોને યાદ કરીએ છીએ. આમ કરવાથી સમાજમાં ઈમાનનો પાયો મજબૂત થાય છે અને લોકોમાં ન્યાયી વલણ, દીન દુ:ખી પ્રત્યે સહાનુભૂતિ, બહાદુરી, ઉદારતા અને સબરના

ગુણોનો પ્રચાર થાય છે.

આ વર્ષે સૈયદુશ્શોહદાના ચેહલૂમ (ચાલીસમા)ના દિવસે લાખોની સંખ્યામાં લોકો આખી દુનિયામાંથી ભેગા થયા અને ઈમામને સલામ કરી શ્રધ્ધાંજલિ આપી તેનું કારણ માત્ર એ જ છે કે ઈમામે પોતાની અને સગા સબંધીઓની કુરબાની આપી ઈસ્લામનું રક્ષણ કર્યું અને માનવતાના મૂલ્યોને બચાવ્યા અને કુરાનમાં જેને ઝિબ્હે અઝીમ કહેવામાં આવી છે તે કુરબાની આપી.

હે અબા અબ્દુલ્લાહ ઈમામ ! આપના ઉપર અમારા લાખ લાખ સલામ. આપ ફકત આપના શહીદ વાલિદ ઈમામ અલી (અ.) અને નાના રસૂલલ્લાહ (સ.)ના જ વારસદાર નથી પરંતુ અલ્લાહના દરેક નબીના વારસદાર છો.

ઈમામ (અ.)ની મોહબ્બત ધરાવનાર મોહિબ્બો આતંકવાદીઓના હુમલાનો પણ ડર રાખતા નથી. રસૂલલ્લાહ (સ.)ની હદીસ છે –

''હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું.''

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૩૭

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ نَجِّنِيْ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ۝٢١

(પારો–૨૦, સૂરએ કસસ, આયત–૨૧)

અર્થ : અય મારા પરવરદિગાર ! મને જાલિમ લોકોના હાથમાંથી છુટકારો આપ.)

આ કથનનું મહત્વ સમજીને જ લોકો ઈમામના રોઝાની ઝિયારત કરવા ધસારો કરે છે કારણ કે ઈમામના રોઝાની ઝિયારત કરવી તે સાચા મોમિનની નિશાની છે. ઈમામનાં જીવન મૂલ્યો અને ઈલ્મ કેટલાં ઉચ્ચ સ્તરનાં હતાં તે નીચે વર્ણવેલી ઘટનાથી સાબિત થાય છે.

કોઈકે સૈયદુશ્શોહદાની હાજરીમાં કહ્યું,

''ખરાબ લોકોથી ભલાઈ ન કરવી જોઈએ ફકત જે લોકો ભલાઈને લાયક હોય તેમનાથી જ ભલાઈ કરવી જોઈએ.''

ઈમામ (અ.)એ જવાબમાં કહ્યું,

''ભલાઈ મુશળધાર વરસાદની જેમ હોવી જોઈએ કે જે નેક અને ગુનેગાર (દુષ્ટ) લોકો ઉપર સરખી રીતે વરસે છે.''

**ફોન : ૨૫૬૨૦૧૮૦**
**મો. ૯૪૨૬૩૨૮૫૭૦**
**મો. ૯૮૯૮૬૬૭૭૪૧**

**સરહિંદ**
**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

# કુરઆન શરીફના ફઝાએલ

ગતાંકનું ચાલું

## કુરઆનના ફઝાએલ વસી (અ.)ના શબ્દોમાં

**મૌલાએ મુત્તકિયાન અમીરુલ મોમિનીન હઝરત અલી (અ.)એ ફરમાવ્યું :**

- અલ્લાહે રસૂલે કરીમ (સ.) ઉપર એક એવી કિતાબ નાઝિલ ફરમાવી –
- કે જે એક એવું નૂર છે કે જેની કંદીલો ગુલ થતી નથી.
- એવો ચિરાગ છે કે જેની જ્યોત ખામોશ થતી નથી.
- એવો દરિયો છે કે જેના તળિયા સુધી પહોંચી શકાતું નથી.
- એવો રસ્તો છે કે જેમાં (કરવામાં આવેલી) સફર ગુમરાહ કરતી નથી.
- એવું કિરણ છે કે જેની રોશની મંદ પડતી નથી.
- તે હક અને બાતિલને એવું જુદુ પાડનાર છે કે જેની દલીલ કમજોર નથી પડતી.
- એવું ખોલીને બયાન કરનાર છે કે જેના થાંભલા પાડી શકાતા નથી.
- તે સરાસર શિફા છે. જેના હોવાને લીધે (રૂહાની) બીમારીઓ (થવાનો) કોઇ ખટકો નથી.
- તે સરાસર ઇજ્જત અને સત્તા છે કે જેના દોસ્તો અને મદદગારો પરાજય પામતા નથી.
- તે નખશીખ હક છે કે જેના મદદગારો મિત્રો વગરના અને મદદગાર વગરના નથી છોડી જતા.
- તે ઈમાનની ખાણ અને મર્કઝ (કેન્દ્ર) છે.
- તે ઇલ્મનાં ઝરણાંથી અને સમંદરોથી લખાયેલું છે.
- તે અદ્લનો બગીચો અને ઇન્સાફનો હૌઝ છે.
- અને ઇસ્લામનો સંગે બુનિયાદ અને તેનો અસાસ (પાયો) છે.
- હકની ખીણ અને તેનું સપાટ મેદાન છે.
- તે એવો દરિયો છે કે જેમાંથી પાણી ભરનારા તેને ખતમ કરી નથી શકતા.
- તે એવું ઝરણું છે કે જેમાંથી પાણી ઉલેચવાવાળા તેને સૂકવી શકતા નથી.
- તેએવોઘાટછેકેજેનાઉપરઉતરવાવાળાઓ વડે તેનું પાણી ઘટી શકતું નથી.
- તે એવી મંઝિલ છે કે જેના માર્ગમાં કોઇ રાહદારી ભટકી નથી શકતો.
- તે એવું નિશાન છે કે ચાલવાવાળાઓની

નજરથી ઓજલ નથી થતું.

- તે એવી ટેકરી છે કે જેનો કસ્દ (નિશ્ચય) કરવાવાળા તેનાથી આગળ નીકળી જતા નથી.
- અલ્લાહે તેને આલિમોની તરસના માટે સયરાબી
- ફકીહ લોકો (ઈસ્લામના ધર્મશાસ્ત્રીઓ) માટે બહાર (વસંતઋતુ)
- અને નેક લોકોને ચાલવા માટે ધોરીમાર્ગ બનાવી દીધો છે.
- આ એવી દવા છે કે જેનાથી કોઈ બીમારી બાકી નથી રહેતી.
- (તે) એવું નૂર છે કે જેમાં અંધકાર માટે પ્રવેશ નથી.
- એવી રસ્સી છે કે જેના ગાળિયા મજબૂત છે.
- એવું શિખર છે કે જેનું આશ્રયસ્થાન મજબૂત છે.
- જે એનાથી સંકળાયેલો હોય તેના માટેની પૂંજી ઈજ્જત છે.
- જે એની સરહદોમાં દાખલ થઈ જાય તેના માટેનો પયગામ સુલેહ અને અમન (શાંતિ) છે.
- જે તેનું અનુસરણ (પેરવી) કરે તેના માટે હિદાયત છે.
- જે તેને પોતાની સાથે સંબંધિત કરે તેના માટે હુજ્જત છે.
- જે તેના પર ચાલવાની વાત કરે તેના માટે દલીલ અને બુર્હાન છે.
- જે તેની બુનિયાદ પર વાદવિવાદ કે મુનાઝરો કરે તેના માટે ગવાહ છે.
- જે તેને હુજ્જત બનાવીને રજૂ કરે તેના માટે ફતેહ અને સફળતા છે.
- જે એનો ભાર ઉઠાવે એ તેના બોજમાં ભાગ લેવાવાળો છે.
- જે એને પોતાનો દસ્તૂરે અમલ (અમલ કરવા માટેની રીત) બનાવે તેના માટે માર્ગનો વસીલો છે.
- હકીકતને જાણવાવાળાઓ માટે આ એક સ્પષ્ટ નિશાની છે.
- જે હથિયારબંધ હોય તેના માટે ઢાલ છે.
- જે બુધ્ધિ ધરાવતો હોય તેના માટે ઈલ્મ અને દાનિશ (બુધ્ધિ) છે.
- બયાન કરવાવાળા માટે બહેતરીન કલામ છે.
- અને ફેંસલો કરવાવાળા માટે અત્યંત હુકમ

اَللّٰهَ اَللّٰهَ فِي الْقُرْآنِ لَا يَسْبِقُكُمْ بِالْعَمَلِ بِهِ غَيْرُكُمْ

**‘કુરઆનની બાબતમાં અલ્લાહથી ડરતા રહેજો એવું ન થાય કે બીજાઓ તેના ઉપર અમલ કરવામાં તમારાથી આગળ નીકળી જાય.’ – હઝરત અલી (અ.)**

(ફરમાન) છે.

હારિસ હમ્દાની રાવી છે (તે કહે છે) કે હું મસ્જિદમાં દાખલ થયો તો કેટલાક લોકો એવી તેવી વાતોમાં વ્યસ્ત હતા. હઝરત અલી (અ.)ની ખિદમતમાં હાજર થઈને મેં આ પ્રસંગ બયાન કર્યો તો આપ (અ.)એ ફરમાવ્યું, શું લોકોએ ખરેખર એવું કરવાનું શરૂ કરી દીધું? મેં અરજ કરી, જી, હા. તો આપ (અ.)એ ફરમાવ્યું,

"મેં રસૂલલ્લાહ (સ.) પાસેથી સાંભળ્યું છે કે આપ (અ.)એ ફરમાવ્યું : ભવિષ્યમાં ફિત્ના થવાના છે. મેં અરજ કરી : રાહે નજાત શું છે? આપ (સ.)એ ફરમાવ્યું, અલ્લાહની કિતાબ. અલ્લાહની કિતાબમાં તમારાથી પહેલાંના અને આવવાવાળાઓની ખબરો અને તમારા ઈખ્તેલાફના કિસ્સા મોજૂદ છે. આ હક અને બાતિલની વચ્ચે ઈમ્તિયાઝ કરનારી (ફરક બતાવનારી) છે. (તેમાં) ફુઝૂલ અને નિરર્થક વાતો નથી. આ એ કિતાબ છે કે જેને કોઈ જાબિર (બળજબરી કરનારો) રદ કરી દે તો ખુદા તેને હલાક અને નાબૂદ કરી દેશે. (૧) જે તેને છોડી દઈને કોઈ બીજા ઝરીઆથી હિદાયત મેળવવાની કોશિશ કરે તો અલ્લાહ તેને ગુમરાહ કરી દેશે. આ કિતાબ અલ્લાહની મજબૂત રસ્સી છે. આ હિકમતવાળી કિતાબ છે કે તેમાં જુદી જુદી ખ્વાહિશો તેમાં કોઈ ફેરફાર લાવી શકતી નથી. (૨) જે જીભ કુરઆનની સાથે વાત કરે તે હક અને બાતિલમાં શંકા કરી નથી શકતી. આલિમોનો તેનાથી જીવ તંગ થતો નથી અને વારંવાર પઢવાથી તે જૂની થઈ જતી નથી અને તેના અજોડ નુક્તાઓ અસીમ છે. આ એ કિતાબ છે કે જેને સાંભળીને જિન્નાત આવું બોલી ઉઠ્યા : અમોએ એક નવાઈ પમાડે તેવી કિતાબ સાંભળી છે કે જો તેની ધૂનમાં (જોશમાં) વાત કરશે તે સાચું બોલશે. જો તેના મુતાબિક ફેંસલો સંભળાવશે, તે અદ્લ અને ઈન્સાફ કરશે, જે તેના ઉપર અમલ કરશે, તેને સવાબ મળશે. જેણે લોકોને તેની તરફ દાવત આપી તેણે સીધા રસ્તા તરફ બોલાવ્યા. અય અઊર ! આ (હદીસ)ને યાદ રાખ." (ક્રમશઃ)


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## જંગે ઓહદ

(ગતાંકનું ચાલુ)

(સલામ બિન મસ્કીને સઈદ બિન મુસય્યબના હવાલાથી બયાન કર્યું કે તેઓ કહેતા હતા કે –)

"જંગે ઓહદમાં મેં હઝરત અલી (અ.)ની પરિસ્થિતિ એવી જોઇ કે મેં તેમને પયગમ્બર (સ.)ની જમણી બાજુએ ઊભેલા જોયા અને એવું જોયું કે તેઓ આં હઝરત (સ.)ની સુરક્ષા કરી રહ્યા છે અને પોતાની તલવારનો ખૂબીપૂર્વક ઉપયોગ કરી રહ્યા છે જ્યારે તેમના સિવાયના બધા લોકોએ પયગમ્બર (સ.)ને છોડીને નાસી જવાનો માર્ગ અપનાવી લીધો હતો."

(હસન બિન મહબૂબ બયાન કરે છે : જમીલ બિન સાલેહે અમને અબૂ ઉબૈદાના હવાલાના હવાલાથી બતાવ્યું, તેમણે અબૂ અબ્દિલ્લાહ જાફ્ર બિન મોહંમદના હવાલાથી અને તેમણે પોતાના વાલિદના હવાલાથી અને તેમણે પોતાના વાલિદના હવાલાથી બતાવ્યું કે તેઓ કહેતા હતા કે –)

"જંગે ઓહદમાં કુરૈશનું ફોજી નિશાન નવ સરદારોને આપવામાં આવ્યું હતું કે જેમને અલી ઈબ્ને અબી તાલિબ (અ.)એ કતલ કરી નાખ્યા. ત્યાર પછી કુફ્ફારની ફોજ નાસી ગઈ. આ મોકા પર મખ્ઝૂમ કબીલાના લોકો પણ નાસી જવા ઈચ્છતા હતા પરંતુ તેઓ હઝરત અલી (અ.) ની તલવારના સપાટામાં આવીને હલાક થઈ ગયા. હઝરત અલી (અ.) આગળ વધતા રહ્યા અને હવે તેઓ હકમ બિન અખ્નુસની રૂબરૂ આવી ગયા. આપ (અ.)ના એક જ વારમાં તેના બન્ને પગ કપાઇ ગયા અને જખમોને સહન ન કરવાથી તે મરણ પામ્યો.

જ્યારે મુસલમાનો નાસી જઇને વિખરાઇ ગયા તો ઉમૈયા બિન હઝીફા બિન મુગૈરા આગળ વધ્યો. તે ઝિરહ (બખ્તર)માં જકડાયેલો હતો અને આવો નાઅરો બુલંદ કરી રહ્યો હતો :

"આજનો દિવસ બદરનું વેર વાળવાનો દિવસ છે."

આ સાંભળીને એક મુસલમાન મુકાબલા માટે આગળ વધ્યો પરંતુ ઉમૈયા બિન હઝીફાએ તેને કતલ કરી નાખ્યો. આ જોઇને અલી ઈબ્ને અબીતાલિબ (અ.) તરત જ એ જગ્યાએ પહોંચી ગયા અને પોતાની તલવારથી તેના માથા ઉપર ઘા કર્યો. તેનો ટોપો કપાઇ ગયો અને તેનું માથું જખમી થઇ ગયું. ઉમૈયા બિન હઝીફાએ વળતો પ્રહાર કર્યો કે જેને અમીરુલ મોમિનીન (અ.)એ પોતાની ઢાલ ઉપર રોકી લીધો. હવે તે બન્ને વચ્ચે તલવારો ચાલવા લાગી. પ્રહાર અને પ્રતિપ્રહાર થવા લાગ્યા.

આ પ્રસંગનું વર્ણન ખુદ હઝરત અલી (અ.)

એ (આ મુજબ) કર્યું છે : 'મેં તેની ઝિરહમાં જગ્યા જોઈ કે જે બગલની નીચે હતી. મેં એ જ જગ્યાએ તલવારથી પ્રહાર કર્યો અને એવી રીતે તેને હલાક કરી દીધો. ત્યાર પછી હું ત્યાંથી ખસી ગયો.''

ઓહદના જંગમાં લોકો પયગમ્બરે ઈસ્લામ (સ.)ને એકલા છોડી દઈને નાસી ગયા હતા. પરંતુ અમીરુલ મોમિનીન (અ.) એકલા આં હઝરત (સ.)નું રક્ષણ કરી રહ્યા હતા. આં હઝરત (સ.)એ આપ (અ.)ને પૂછયું,

''બધા લોકોની સાથે તમે શા માટે નાસી ન ગયા ?''

તેનો જવાબ અમીરુલ મોમિનીન (અ.)એ આવો આપ્યો કે

''યા રસૂલિલ્લાહ (સ.) ! આપ (સ.)ને એકલા છોડી દઈને હું નાસી જાઉં ? ખુદાની કસમ, અય અલ્લાહના રસૂલ ! હું આપને ત્યાં સુધી એકલા છોડી શકતો નથી કે જ્યાં સુધી મને મોત ન આવી જાય, અથવા તો આપની સુરક્ષા કરવાનો અલ્લાહની મદદનો વાયદો પૂરો ન થઈ જાય.''

પયગમ્બર (સ.)એ આપ (અ.)ને કહ્યું,

''અય અલી ! તમારા માટે ખુશખબરી છે. ખુદાએ પોતાનો વાયદો પૂરો કર્યો. કાફિરો અમને કોઈ નુકસાન નહીં પહોંચાડી શકે.''

એ જ વખતે આં હઝરત (સ.)એ જોયું કે એક લશ્કરી ટુકડી આપ (અ.)ની તરફ આગળ વધી રહી છે. આં હઝરત (સ.)એ આપને હુકમ કર્યો,

''અય અલી ! તેમના ઉપર હુમલો કરો.''

અમીરુલ મોમિનીન (અ.)એ હુમલો કર્યો. આપે હાશિમ બિન ઉમય્યા મખ્ઝૂમીને કતલ કરી નાખ્યો. અને બીજા સૈનિકો નાસી ગયા. ત્યાર પછી વિરોધી ફોજે બીજો હુમલો કર્યો. પયગમ્બર (સ.)એ ફરીથી કહ્યું કે હુમલો કરો. આપ (અ.) એ હુમલો કર્યો અને અમ્ર બિન અબ્દુલ્લાહ જમ્હઈને કતલ કરી નાખ્યો. બાકીની ફોજ નાસી ગઈ. ત્રીજી વખત કુફ્ફારની ફોજે હુમલો કર્યો અને આ વખતે ફરીથી પયગમ્બર (સ.)એ આપ (અ.)ને હુમલો કરવાનું કહ્યું, આપ (સ.) એ ફરીથી હુમલો કર્યો અને બશર બિન મલક આમરીને હલાક કરી નાખ્યો. કુફ્ફારની ફોજ ફરીથી નાસી ગઈ.

ત્યાર પછી જંગ માટે કોઈ પણ આવ્યો નહીં. નાસી ગયેલા મુસલમાનો પણ ધીરે ધીરે આ જગ્યાએ પાછા આવવા લાગ્યા કે જ્યાં પયગમ્બર (સ.) મોજૂદ હતા. જ્યારે મુશરિકો મક્કાની તરફ પાછા ચાલ્યા ગયા તો મુસલમાનો પણ મદીનાની તરફ આવી ગયા. પયગમ્બરે ખુદા (સ.) પણ મદીના પાછા આવી ગયા કે જ્યાં જનાબે ફાતેમા (અ.)એ આં હઝરત (સ.)નું સ્વાગત કર્યું. તેમના હાથોમાં પાણીની સુરાહી હતી. આં હઝરત (સ.)એ પાણીથી મોઢું ધોયું. ત્યાર પછી અમીરુલ મોમિનીન (અ.)એ પણ પાણીથી મોઢું ધોયું. અમીરુલ મોમિનીન (અ.)ના હાથો ઉપર ખૂન જમા થયેલું હતું.

આપ (અ.)એ ઝુલ્ફિકાર શેહઝાદી ફાતેમા (અ.) ને આપી દીધી અને બોલ્યા,

"તલવારને લઈ લો. આના કારણે આજે સચ્ચાઇ આપની સામે આવી ગઈ."

આપ (અ.) આ મુજબ અશઆર પઢવા લાગ્યા : (ભાવાર્થ)

"અય ફાતેમા ! આ તલવાર તમામ ઐબોથી પાક છે અને અઝમતવાળી છે અને હું પણ એવો જવાન છું કે જેના ઉપર ન તો ખોફ઼ કે ડર દેખાય છે કે ન તો હું ઈલ્ઝામ માટે પાત્ર છું, (આં હઝરત (સ.)ની રક્ષા કરવામાં).

મારું જીવન એ ઈલ્ઝામથી પાક છે કે મેં અહમદ (સ.) (મોહંમદ (સ.))ની હિફાઝતમાં કમી કરી હોય અથવા તો પરવરદિગારની ફરમાબરદારીમાં કમી કરી હોય, તે (અલ્લાહ) ખૂબ જાણે છે કે કોણ તેની ઈતાઅત કરનારો છે.

આ તલવાર ઉપરથી લોકોનાં ખૂન સાફ કરી દો. તેણે અબ્દુદ્દાર (દુનિયાપરસ્ત)ની ઓલાદને મોતના જામ પીવડાવ્યા છે.

પયગમ્બરે ખુદા (સ.)એ ફરમાવ્યું, "અય ફાતેમા ! તેને લઈ લો. તમારા શોહરે આ શમશેર દ્વારા પોતાની ફરજો ખૂબીપૂર્વક પૂર્ણ કરી છે અને આ શમશેર દ્વારા અલ્લાહે કુરૈશના સરદારોને હલાક કરી દીધા છે."

પયગમ્બરે ઈસ્લામ (સ.)ની જીવનકથા લખનારા ઈતિહાસકારોએ બયાન કર્યું છે કે મુશરિકો જંગે ઓહદમાં હલાક થયા હતા એમાં મોટા ભાગના તો અમીરુલ મોમિનીન (અ.)ની તલવાર વડે કતલ થયા હતા.

(અબ્દુલ મલિક બિન હિશામ કહે છે : ઝિયાદ બિન અબ્દુલ્લાહે અમને મોહંમદ બિન ઈસ્હાકના હવાલાથી બતાવ્યું કે તેઓ કહેતા હતા કે –)

"જંગે ઓહદમાં કુરૈશનું જંગી નિશાન તલ્હા બિન અબી તલ્હા બિન અબ્દુલ અઝાના હાથમાં હતું. તેને અલી બિન અબીતાલિબ (અ.)એ કતલ કરી નાખ્યો. ત્યાર પછી આપ (અ.)એ તેના બેટા અબૂસુફયાન બિન તલ્હાને પણ કતલ કરી નાખ્યો. ત્યાર પછી તેના ભાઈ ખાલિદ બિન અબી તલ્હાને પણ કતલ કરી દીધો. ત્યાર પછી આપ (અ.)એ અબ્દુલ્લાહ બિન હમીદને હલાક કરી નાખ્યો. પછી આપ (અ.)ના હાથે અબુલહકમ બિન અખ્નુસ પણ માર્યો ગયો. ત્યાર પછી વલીદ બિન ખઝીફા બિન મુગૈરા અને તેનો ભાઈ ઉમૈયા બિન હઝીફા પણ આપની શમશીરથી કતલ થયા. આપે અર્તા બિન શરજીલ અને હિશામ બિન ઉમૈયા અને ઉમરૂ બિન અબ્દુલ્લાહ જમ્હઈ અને બશીર બિન માલિક અને સવાબ કે જે અબ્દુદ્દારનો ગુલામ હતો તેને પણ મોતને ઘાટ ઉતારી દીધો.

આપને ફતેહ અને કામરાની પ્રાપ્ત થઈ. લોકો જંગના મુકાબલાથી પાછા આવ્યા અને પયગમ્બર (સ.)ની ખિદમતમાં હાજર થયા જ્યારે કે આપ (અ.) એવી સ્થિતિમાં રહ્યા કે જાણે આં હઝરત (સ.)ની રક્ષા કરી રહ્યા હોય. અલ્લાહ તઆલાનો હુકમ આવ્યો કે એ

લોકો ઝલીલ છે કે જેમણે નાસી જવાનો માર્ગ અપનાવી લીધો હતો સિવાય આપના (એટલે કે અલી (અ.)) અથવા એ અન્સારોના કે જેઓ પોતાની જગ્યાએ અડગ રહ્યા. તેમની સંખ્યા આઠ અથવા ચાર અથવા પાંચ બતાવવામાં આવી છે. (અમીરુલ મોમિનીન (અ.)ની બહાદુરીની બાબતમાં) બતાવવામાં આવ્યું છે કે જંગે ઓહદમાં જે કુફ્ફારોને આપ (અ.)એ કતલ કર્યા હતા અને જે મુશ્કેલીઓને કારણે આપને વિવશ બનવું પડ્યું હતું એ જ હુજ્જાજ બિન અલાત સલમીએ આ રીતે લખ્યું છે :

"એ માણસ કે જેણે ખુદાના બંદાઓની હિફાઝત કરી તે માણસ ખુદાનો પસંદગીપાત્ર છે. મારો મતલબ ફાતમા બિન્તે અસદના બેટાથી છે, (અલી બિન અબીતાલિબ) જેમના કાકાઓ અને મામાઓનો ફાળો વિશિષ્ટ રહ્યો છે.

✶ આપના બે હાથોએ ખૂબ જ સ્ફુર્તિથી કામ લીધું જ્યારે કે આપે તલ્હાને મોતને ઘાટ ઉતારી દીધો અને તેનું માથું ફાડી નાખ્યું.

✶ આપ (અ.)એ ગઝબનાક બની જઈને દુશ્મનો ઉપર હુમલો કર્યો અને પહાડીની નીચેથી તેમને નસાડી દીધા જ્યારે કે તેઓ નીચે ઉતરી રહ્યા હતા.

✶ આપ (અ.)એ એક વખત ફરીથી શમશેરની પ્યાસ ખૂનથી બુઝાવી દીધી, જ્યારે પણ તે તરસી થાય છે ત્યારે આપ (અ.) તેની પ્યાસ ખૂનથી બુઝાવતા રહે છે."


| આબિદઅલી મુખી | દુકાન | શબ્બીરભાઈ |
|---|---|---|
| ૯૯૭૯૦૮૮૦૧૮ | ૯૦૩૩૧૨૭૪૪૦ | ૯૪૨૬૪૩૪૩૯૭ |

**યાદગાર હોજીયરી**

**એન્ડ કટલરી સ્ટોર્સ**

અમદાવાદ (વાઘરોલવાળા)

અમારે ત્યાં નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, હાથ રૂમાલ, પગ મોજા, બનિયાન, અંડરવેર, ટુવાલ, પીળાલફ, ગમછા, લુંગી, નેપકીન, સોલાપુરી ચાદર તમામ વેરાયટી અને 12W, 24W, DC પંખા, કાર ફેન, પકકડ, પાના સેટ (રીંગ+ફિક્સ) હોલસેલ ભાવથી મળશે.

અમારો હેતુ સમાજના હિતમાં છે અને રહેશે.

ભાવ બાબતે અમારી સાથે મુક્તપણે વાતચીત કરી શકો છો.

આપની પાસેથી સાથ–સહકારની અપેક્ષા રાખીએ છીએ.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૭ સૂરએ મુરસલાત**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : અને ન તેમને રજા આપવામાં આવશે કે તેઓ બહાનાં રજૂ કરે. (૩૬)

તે દિવસે જૂઠલાવનારાઓની માઠી દશા થશે. (૩૭)

એ જ તો ફેંસલાનો દિવસ છે, અમોએ તમને તથા (તમારી) આગળનારાઓને ભેગાં કરી લીધાં છે. (૩૮)

માટે જો તમને કોઈ ચાલ ચાલતાં આવડતી હોય તો (હવે) મારી સાથે ચાલો. (૩૯)

તે દિવસે જૂઠલાવનારાઓની માઠી દશા થશે. (૪૦)

નિ:સંશય પરહેઝગાર લોકો છાંયડામાં બેસીને ઝરાઓનું પાણી પીતા હશે : (૪૧)

અને એવા મેવા ખાતા હશે કે જેમની તેઓ ઈચ્છા કરશે. (૪૨)

(તેમને કહેવામાં આવશે કે) જે સત્કાર્યો તમે કરતા હતા તેના બદલામાં સુખેથી ખાઓ પીઓ. (૪૩)

નિ:સંશય અમે સદાચારીઓને એવો જ બદલો આપીએ છીએ. (૪૪)

તેઓને બહાનાં કરવાની રજા આપવામાં નહીં આવે કારણ કે તે સમય બહાનું કરવાનો નથી. તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.

આ દિવસ હક અને બાતિલમાં ફેંસલો કરવાનો છે. જાલિમ અને મઝલૂમ વચ્ચે ઈન્સાફ થશે.

અય કાફરો ! જો તેમને કોઈ ચાલ ચાલતા આવડતી હોય તો ચાલો. તે દિવસે જૂઠલાવનારાઓની માઠી દશા થશે. ખરેખર પરહેઝગાર લોકો છાંયામાં બેસી ઝરાઓનું પાણી પીતા હશે અને એવાં ફળો ખાતા હશે કે જેમની તેઓ ઈચ્છા કરશે.

પછી તેમને કહેવામાં આવશે કે જે નેક કામો તમે કરતા હતા તેના બદલામાં સુખેથી ખાઓ–પીઓ.

પછી ફરમાવે છે કે અમો નેકી કરનારાઓને એવો જ ઉત્તમ બદલો આપીએ છીએ.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : તે દહાડે જુઠલાવનારાઓની દુર્દશા થશે. (૪૫)

ખાઈ પી લો અને થોડા દિવસ લાભ મેળવી લો, (પણ) તમે ગુનેહગાર તો છો જ. (૪૬)

તે દહાડે જૂઠલાવનારાઓની દુર્દશા થશે.(૪૭)

અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે રૂકૂઅ કરો તો તેઓ રૂકૂઅ કરતા નથી. (૪૮)

તે દહાડે જૂઠલાવનારાઓની દુર્દશા થશે.(૪૯)

માટે આ (કુરઆન) પછી તેઓ કઈ વાત ઉપર ઈમાન લાવશે ? (૫૦)

તે દિવસે જૂઠલાવનારાઓની દુર્દશા થશે.

હઝરત રસૂલે ખુદા (સ.)એ સકીફની

કોમને કહ્યું કે નમાઝ પઢો તો તેઓએ કહ્યું કે રૂકૂઅ અને સજદા કરતાં અમને શરમ આવે છે. હઝરતે ફરમાવ્યું કે એ મઝહબમાં ખેર અને ભલાઇ નથી કે જેમાં રૂકૂઅ અને સજદા ન હોય. તો તે લોકો માટે આ આયત નાઝિલ થઇ. કેટલાક કહે છે કે રૂકૂઅથી મુરાદ ઈસ્લામ છે, પણ અરબ લોકો ઘણા મગરૂર હતા અને તેમને રૂકૂઅ અને સજદા કરવા બહુ જ ભારે લાગતા હતા.

તે દિવસે જૂઠલાવનારાઓની દુર્દશા થશે.

કુદરત કહે છે કે જ્યારે કુરઆને શરીફ એક મોટો મોઅજિઝો છે અને તેમાં રોશન દલીલો અને હુજ્જતો છે માટે જો તેના ઉપર ઈમાન નહીં લાવો તો કઇ વાત ઉપર ઈમાન લાવશો ? કહે છે કે આ સૂરો વાંચી રહ્યા પછી "આમન્ના બિલ્લાહ" (અમો ખુદા ઉપર ઈમાન લાવ્યા) કહેવું જોઈએ.

## સૂરા નં.૭૭ સૂરએ મુરસલાત

કુલ ૪૦ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

તેઓ (લોકો) કઇ વસ્તુ માટે એક બીજાને સવાલ કરે છે ? (૧)

તે મહાન બનાવ માટે : (૨)

જેના સંબંધમાં તેઓ મતભેદ કરે છે ? (૩)

તો ઠીક, નજીકમાં તેઓ જાણી લેશે. (૪)

ફરી પણ ઠીક, તેઓ નજીકમાં જાણી લેશે. (૫)

હઝરત રસૂલે ખુદા (સ.)એ લોકોને ઈસ્લામની દાવત આપવા તેઓ સમક્ષ કુરઆનની તિલાવત કરી, કયામતથી ડરાવ્યા તો તેમણે નબુવ્વતમાં અને કલામે પાકમાં મતભેદ કર્યો. તે વિષે આયતમાં વર્ણન થયેલ છે. પછી પોતે જ ફરમાવે છે કે તેઓ મોટી ખબરો વિષે પૂછે છે.

જે વિષે લોકો તેમાં મતભેદ કરે છે, એટલે કેટલાક કહે છે કે કયામત થશે અને મૂર્તિઓ અમારી સિફારિશ કરશે, જ્યારે કેટલાક કયામતનો તદ્દન અસ્વિકાર કરે છે તો કેટલાક બન્ને બાબતમાં શંકા રાખે છે, કેટલાક તેને પહેલાંના કિસ્સાઓ કહે છે, કેટલાક કહે છે કે નબએ અઝીમથી મુરાદ હઝરતની નબુવ્વત છે અને ઈસ્લામમાં પણ અંદરોઅંદર મતભેદ છે. હાફિઝ અબુ નઈમે "હુલ યતુલ અવલિયા"માં રિવાયત કરી છે કે હઝરતે ફરમાવ્યું કે નબએ અઝીમથી મુરાદ હઝરત અલી (અ.)ની દોસ્તી અને ખિલાફત છે અને કબરમાં પણ તે વિષે પૂછવામાં આવશે. અહલેબૈત (અ.)ની તફસીરમાં પણ નબએ અઝીમથી મુરાદ હઝરત અલી (અ.) છે.

તે લોકો નજીકમાં જ એ વિષે જાણી લેશે. તેઓ કહે છે કે એમ નથી. પણ નજીક છે કે આખેરતમાં તેઓ પોતાનો એઅતેકાદ ખોટો અને બાતિલ હોવા વિષે જાણશે. આ આયત ફરીથી ચેતવણી રૂપે ફરમાવવામાં આવી છે અને તેથી વધારે ડરાવવા તરફ ઈશારો છે અને કેટલાક તેના અર્થમાં કહે છે કે ખરેખર તેઓ નજીકમાં જ જાણશે. (ક્રમશ:)

# નહજુલ અસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

:::::: સંપાદક ::::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
:::::: અનુવાદ ::::::
મો.કાસમભાઈ વિજાપુરા

(ઈસ્લામ ધર્મના બધા જ ફિરકાઓમાં હઝરત અલી (અ.)નું ઈલ્મ, હિકમત અને બોલવાની છટા મશહૂર છે. અરબી ભાષા ઉપરની આપ (અ.)ની પકડ અને નિપુણતા જીવતા જાગતા કોઈ દ્રષ્ટાંતો હોય તો તે છે અલિફ વગરનો અને નુકતા વગરના અક્ષરોનો ઉપયોગ કર્યા વગર આપ (અ.) એ આપેલો ખુત્બો કે જે આપ (અ.)એ કોઈ પણ જાતની પૂર્વ તૈયારી કર્યા વગર રજૂ કર્યો હતો. મૌલા અલી (અ.)એ નુકતા વગરનો આ ખુત્બો કોઈની શાદીના પ્રસંગે રજૂ કર્યો હોય એવું લાગે છે અને તે કદાચ આપ (અ.)ની શાદીનો પ્રસંગ પણ હોઈ શકે. આ ખુત્બાને ઘણા બધા આલિમોએ પોત પોતાની કિતાબોમાં ટાંકયો છે જેમકે –

- મોહંમદ રિઝા અલ હકીમી, સલુની કબ્લ અન તફકદુની, જિલ્દ–૨, પેજ–૪૪૨–૪૪૩
- સૈયદ અલ મુસાવી, અલ કત્રા મિન બિહાર મનાકિબ અલ નબી વ અલ ઈત્રહ, જિલ્દ–૨, પેજ–૧૭૯
- હસુન અલ દુલાફી, ફઝાએલ આલ અલ રસૂલ, પેજ–૬

જે લોકો અરબી ભાષા જાણતા હોય છે અથવા તો માત્ર કુરઆને પાકની તિલાવત કરી શકતા હોય છે તેમને ખબર હશે જ કે અરબી ભાષાના હુરૂફમાં ઘણા બધા હુરૂફ નુકતાવાળા હોય છે. આવા નુકતાવાળા હુરુફનો ઉપયોગ કર્યા વગર કોઈ અર્થસભર અરબી વાકય બનાવવું ખૂબ જ અઘરું કાર્ય છે અને વળી કોઈ પણ જાતની પૂર્વ તૈયારી વગર વિદ્‌વતાભર્યો ખુત્બો રજૂ કરવો એ તો એના કરતાં ય વધારે અઘરું કાર્ય છે. ખરેખર આ એક નવાઈ પમાડે તેવી બાબત છે અને આવો ખુત્બો તો મૌલા અલી (અ.) જ આપી શકે. વાચકોની જાણકારી માટે તે અરબી ખુત્બો અને તેનો ગુજરાતી અનુવાદ અહીં પ્રસ્તુત કરવામાં આવેલ છે.)

–તંત્રી

નોંધ : તે ة (તે મર્બુતા) હર્ફ પહેલાંના અરબી લખાણમાં નુકતા વગર લખાતો હતો.

**خُطْبَه بَدُوْنَ 'نقطه' امَام علی علیه السّلام**

اَلْحَمْدُ لِلّٰهِ الْمَلِكَ الْمَحْمُوْد، الْمَالِكِ الْوَدُوْد، مُصَوِّرِ كُلِّ مَوْلَودٍ، وَمآلِ كُلِّ مَطْرَوْدٍ، سَاطِحِ الْمِهَادِ ومَوطِدَ الْاَوْطادِ، وَمُرْسِلَ الْامطارِ وَمُسْهِلِ

**નુક્તા વગરના ખુત્બાનો અનુવાદ**

હું અલ્લાહની હમ્દ કરું છું કે જે બાદશાહ છે, હમ્દ કરવામાં આવેલો માલિક છે. દરેક મૌલૂદ (જન્મનાર)થી મોહબ્બત કરનારો. ચિતારો અને દરેક તરછોડાયેલાની વાપસી (પ્રત્યાગમન) છે. જિંદગીના ફર્શને બિછાવવાવાળો, પહાડોને કાયમ કરવાવાળો, વરસાદને મોકલવાવાળો

الْاَوْطَارِ، عَالِمَ الاسْرَارِ وَمُدْرِكِهَا،
وَمُدَمِّرِ الْاملاكِ وَمُهْلِكِهَا، وَمُكَوِّرِ
الدُّهُورِ وَمُكَرِّرِهَا، وَمُورِدِ الْامُورِ
وَمُصْدِرِهَا، عَمَّ سَمَاحُهُ وَكَمُلَ رُكَامُهُ،
وَهَمَلَ، وَطَاوَعَ السُّؤَالَ وَالْاَمَلَ،
وَاَوْسَعَ الرَّمَلَ وَارْمَلَ، اَحْمَدُهُ حَمْدًا
اَحْمَدُ وُدًّا مَدَاهُ وَاُوَحِّدُهُ وَحْدَهُ
الْاَوَّاهُ، وَهُوَ اللهُ لَا اِلٰهَ لِلْاُمَمِ سِوَاهُ،
وَلَا صَادِعَ لِمَا عَدَّلَهُ وَسَوَّاهُ، اَرْسَلَ
مُحَمَّدًا عَلَمًا لِلْاِسْلَامِ وَاِمَامًا لِلْحُكَّامِ،
وَمُسَدِّدًا لِلرِّعَاعِ وَمُعَطِّلًا اَحْكَامَ
وُدٍّ وَسُوَاعٍ، اَعْلَمَ وَعَلَّمَ، وَحَكَمَ
وَاَحْكَمَ، وَاَصَّلَ الْاُصُولَ، وَمَهَّدَ
وَاَكَّدَ الْوُعُودَ وَاَوْعَدَ، اَوْصَلَ
اللهُ لَهُ الْاِكْرَامَ، وَاَوْدَعَ رُوحَهُ
السَّلَامَ، وَرَحِمَ لَهُ وَاَهْلَهُ الْكِرَامَ،
مَا لَمَعَ آلٌ وَمَلَعَ دَالٌ، وَطَلَعَ هِلَالٌ،
وَسَمِعَ اِهْلَالٌ اِعْلَمُوا رَعَاكُمُ اللهُ
اَصْلَحَ الْاَعْمَالِ، وَاسْلُكُوا مَسَالِكَ

અને સખ્તીઓને આસાન કરવાવાળો છે. તે રહસ્યો (ભેદો)ને જાણવાવાળો સમજદાર અને મુલ્કોને બરબાદ કરવાવાળો અને જમાનાઓનું પરિભ્રમણ કરનારો, તેમને ફરીથી લાવનારો અને કાર્યોને રોકી લેવાનું અને રહેવાનું સ્થાન છે. તેની સખાવત સર્વ વ્યાપક છે (બધા માટે વ્યાપેલી છે) અને તેની વ્યવસ્થા સંપૂર્ણ છે. તેણે મોહલત આપી છે અને સવાલ અને ઉમીદમાં ફરમાબરદારી પેદા કરી છે અને ઈલ્મ તેમજ ઈલાજને વિસ્તૃતતા આપી.

હું તેની હમ્દ કરું છું, એવી હમ્દ કે જે લંબાણપૂર્વકની છે અને તેની તૌહીદ બયાન કરું છું તેવી રીતે કે તેની તરફ રજૂ થવાવાળાઓએ બયાન કરી છે. એ જ તે ખુદા છે કે ઉમ્મતોનો તેના સિવાય કોઈ ખુદા નથી. કોઈ એ શખ્સને બગાડવાવાળો નથી કે જેને તેણે દુરસ્ત કર્યો હોય. તેણે મોહંમદ (સ.)ને ઈસ્લામનું ઈલ્મ અને હાકિમોના ઈમામ, અતિશયતા (ઝુલ્મને) ઓને રોકવાવાળા વદ અને સવાઅ (બન્ને બુત છે)ના હુકમોને બાતિલ કરવાવાળા બનાવીને મોકલ્યા. તેમણે તાલીમ આપી અને હુકમ આપ્યો અને ઉસૂલોને મુકર્રર કર્યા અને હિદાયત કરી. વાયદાનું પાલન કરવાની તાકીદ કરી અને અલ્લાહે ઈકરામ (સન્માન)ને તેની સાથે જોડી લીધું અને અમાનતની રૂહને સલામતીની સાથે અને તેના ઉપર રહમ અને તેમની અહલેબૈતને મુકર્રર (પ્રતિષ્ઠિત) કરી. જ્યાં સુધી મૃગજળની ચમક બાકી છે અને ચાંદ રોશન છે અને હલાલને જોવાવાળો સાંભળતો રહે, જાણી લો ખુદા તમને વ્યવહારમાં કોમળતા આપે, તમારા

الحلال، واطْرَحُوْا الْحَرامَ وَدَعْوَه، والسَّمَعُوا امر اللهِ وَعُوْهُ، و صِلُوْا الْاَرْحَامَ وَرَاعوهَا،وَعاصُوا الاَهْوَاءِ وَاَرْدَعُوْها، وصاهِروا اَهْلَ الصَّلَاحِ والْوَرعِ، وَ صَارِمُوْا رَهطَ اللّهُو والطّمَعَ، وَمَصَاهِرُكُمْ اَطْهرَ الاَحْرارِ مَوْلِداً وِاَسْرَاهُمْ سَوْددًا، واحْلَاهُمْ مَوْرِدًا، وحَرّ موَاامَّلُمْ وحَلَّ حَرَّمُكُمْ مَلِكَ، عَروْسَكُمْ الْمكرَّمَ، ومَا هِرًا لَهَا كَمَا مهر رَسُوْلُ الله اُمّ سلمه، وَهُوَاَكْرمُ صِهْراً، اَوْدَعَ الْاَولا دَ وَمَلَكَ مَاَارادَا، وَمَا سَهَا ممَّلِكهُ وَلَا وَهِمَ وَلَا وكِس مُلَاحِمَهُ وَلَا وصِمَ، اَسْأَلُ اللّٰهُ لكُم اِحْمادَ وَصَالِهِ، وَدَوَامَ اسْعَادَهِ، وَالْهَمَ كلًّا اِصْلَاحَ حَالِهِ وَالْاِعْدَادَ لِمَا لِهِ ومَعَادِهِ، وَلِهِ وَمَعَادِهِ وَلَهُ الْحَمْدُ والسَّرمَدُ، والْمدَحُ لِرَسُوْلِهِ اَحمد

આમાલની સુધારણા કરે, હલાલના રસ્તાઓ ઉપર ચાલતા રહો અને હરામને તર્ક કરો અને ખુદાના હુકમને માનો, તેની હિફાઝત કરો અને સિલએ રહમ કરો અને તેની સુધારણા કરો અને ખ્વાહિશોનો વિરોધ કરો, તેમને છોડો અને નેકી કરનારાઓની પાસે ઉઠવા–બેસવાના કાર્યને અપનાવી લો. લાલાચોથી જુદાઇ ઇખ્તિયાર કરો. તમારી સોબતમાં બેસવાવાળા લોકો મામલાઓની હેસિયતથી પાકો પાકીઝા હોય અને સરદારીની હેસિયતથી ચૂંટેલા હોય. અને મેજબાનની હેસિયતથી મીઠી જબાનવાળા હોય અને જાણી લો કે તેણે હરામ કરી છે તમારી માતાઓને અને હલાલ કરી છે તમારી બીબીઓને અને માલિક બનાવ્યા છે તમને તમારી પ્રતિષ્ઠિત દુલ્હનોના અને બનાવ્યા છે તમને તેમની મહેર આપવાવાળા જેવી રીતે કે રસૂલલ્લાહે ઉમ્મે સલમાની મહેર અદા કરી. તે સસરાની હેસિયતથી સૌથી બુઝુર્ગ હસ્તી છે. તેમણે ઓલાદને છોડી અને માલિક બનાવ્યા એ દરેક વસ્તુના કે જેની તેમણે ઇચ્છા કરી. તે માલિક બનાવવાવાળાએ ન તો શક કર્યો કે ન વહેમ કર્યો કે ગફલત. હું અલ્લાહથી તમારા માટે સવાલ કરું છું કે તેમના વિસાલની અચ્છાઇઓ તમને મળે અને તેમની ભલાઇ કરી, હંમેશગી પ્રાપ્ત થાય અને આવતી કાલ માટે હાલતની સુધારણા કરી અને તેના પાછા ફરવાની જગ્યા અને કયામતના સામાન માટે અર્થાત્ તેની દુનિયા અને આખેરતની ભલાઇ માટે ખ્વાહિશ કરું છું. હમ્દ અને હંમેશગી (નિરંતરતા) તેના માટે છે અને મદ્હ તેના રસૂલના માટે છે કે જેનું નામ અહમદ (સ.) છે.

| | |
|---|---|
| Blog બ્લોગ<br>Ref : Wayfaring (My search for Truth) | : લેખન :<br>હાજર પીર સૈયદ મોહંમદ<br>મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) |

- **Knowledge** (ઈલ્મ/જ્ઞાન)

  Your ability to know what you still need to know is the real test of your knowledge. The ''I know everything'' attitude only shows your ignorance.

  તમારે હજુ પણ જે જાણવાની જરૂર છે તે જાણવાની તમારી સમર્થતા જ તમારા ઈલ્મની ખરી કસોટી છે. 'હું બધું જ જાણું છું' એવું વલણ માત્ર તમારી અજ્ઞાનતા દર્શાવે છે.

- **Money** (પૈસા)

  If you obsessively keep spending or saving money, you're its servant. If you can deftly handle how to save or spend it, you're its master. Money liberates its master but chains its servant.

  જો તમે જીદપૂર્વક ખર્ચ કરવાનું અથવા તો પૈસા બચાવવાનું ચાલુ જ રાખશો તો તમે તેના ગુલામ છો. જો તમે કેવી રીતે પૈસા બચાવવા કે ખર્ચવા તે કાર્ય કુશળતાપૂર્વક પાર પાડી શકતા હો તો તમે તેના માલિક છો. પૈસા તેના માલિકને આઝાદ કરી દે છે પરંતુ તેના ગુલામને કેદ કરી દે છે.

- **Sociability** (મિલનસારપણું)

  Everyone in this world needs support. Become everyone's support and everyone will need you.

  આ દુનિયામાં દરેક જણને આશરાની જરૂર હોય છે. દરેક જણનો આશરો બનો અને દરેક જણને તમારી જરૂર પડશે.

- **Responsibility** (જવાબદારી)

  Running away from responsibility is regress, carrying it out half-heartedly is stagnation, carrying it out conscientiously is progress.

  જવાબદારીમાંથી છટકી જવું તે પીછેહઠ છે, અધુરા મન સાથે તે (જવાબદારી)ને બજાવી લાવવી તે સ્થગિતતા છે, સભાનતાપૂર્વક તેને બજાવી લાવવી તે પ્રગતિ છે.

- **Nobility** (ઉમદાપણું)

  Goodness gives birth to nobility. Merits of nobility are often as easily denied as existence of God is denied.

  ભલાઇ ઉમદાપણાને જન્મ આપે છે. ઉમદાપણાના ગુણોનો ઘણી વખત તો એટલી સહેલાઈથી ઈન્કાર કરવામાં આવે છે કે જેટલી સહેલાઈથી અલ્લાહના અસ્તિત્વનો ઈન્કાર કરવામાં આવે છે.

- **Religion and Politics** (ધર્મ અને રાજકારણ)

  Take religion out of politics and you will get lawlessness and insecurity. Take politics out of religion and you will find God.

  ધર્મને રાજકારણમાંથી બહાર કાઢી નાખો અને તમને કાયદાની અવગણના અને અસલામતી મળશે. ધર્મમાંથી રાજકારણને બહાર ખેંચી કાઢો અને તમને અલ્લાહને શોધી કાઢશો.

- **Application** (અમલીકરણ)

  Learn quickly but take your time before applying.

  ઝડપથી ભલે શીખી લો પરંતુ તેને અમલમાં મૂકતાં પહેલાં સમય લો.

- **Death** (મોત)

  Disease doesn't kill, it's the shock or unbearability of a disease that kills. The key to longevity is courage.

  રોગ કદી મારતો નથી પરંતુ રોગનો આઘાત અથવા તો તેની અસહ્યતા મારી નાખે છે. લાંબી ઉંમરની ચાવી આવી હિંમત છે.

- **Destiny** (ભાગ્ય/નસીબ)

  You cannot change your destiny, but you can certainly decorate it with good deeds to make it look beautiful.

  તમે તમારા નસીબને બદલી શકતા નથી પરંતુ તે સુંદર દેખાય તે માટે તેને નેક કાર્યોથી તમે ચોક્કસપણે શણગારી શકો છો.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# નબવી અદાલત

કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજતેહાદી

**ચુકાદો નંબર-૨૯**

**મીરાસ**

નહાસબા માઅની અલ કુરઆનમાં જાબિર બિન અબ્દુલ્લાહથી રિવાયત છે કે એક વખત સા'દ બિન રબીઅની ઝૌજા રસૂલે કરીમ (સ.) ની ખિદમતમાં હાજર થઈ અને કહેવા લાગી,

"યા રસૂલલ્લાહ ! મારો શોહર આપની સાથે મેદાને જંગમાં કતલ થઈ ગયો છે અને આજે એવો જમાનો આવ્યો છે કે ઓરતોની સાથે નિકાહ માત્ર માલ અને દોલતના કારણે જ કરવામાં આવે છે અને અત્યારે હાલની પરિસ્થિતિ એવી છે કે મારો ખાવિન્દ બે છોકરીઓ અને એક બાપને છોડીને મરી ગયો છે અને બાપે સઘળો માલ હડપ કરી લીધો છે."

આ સાંભળીને રસૂલે કરીમ (સ.)એ તેના બાપને બોલાવ્યો અને ફરમાવ્યું,

"આઠમો ભાગ આ ઓરતને આપી દો અને બે તૃત્યાંશ (૨/૩) ભાગ છોકરીઓને અને બાકી તમે રાખો."

વળી મોહંમદ બિન સહનૂન પોતાની કિતાબ ફરાઈઝમાં આવું લખે છે કે જ્યારે તે ઓરતે રસૂલે કરીમ (સ.)ને કહ્યું,

"આપને ખબર છે કે આજકાલ ઓરતોની સાથે નિકાહ તેમના માલ અને દોલતના કારણે લોકો કરે છે."

તો રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

"અલ્લાહ તે બન્નેને જોઈ રહ્યો છે. અગર તે ચાહશે તો તેના વિષે આયત નાઝિલ કરશે."

ત્યાર પછી થોડાક દિવસો સુધી રસૂલ (સ.) રોકાયેલા રહ્યા ત્યાર પછી સા'દની ઝૌજાને સમાચાર મોકલ્યા કે અલ્લાહે તારા અને તારી દીકરીઓ માટે હુકમ નાઝિલ કર્યો છે. ત્યાર પછી આપ (સ.)એ આ આયત પઢી,

"અલ્લાહ તમારી ઓલાદની બાબતમાં એવો હુકમ આપે છે કે છોકરાને છોકરીઓથી બમણું આપવામાં આવે ત્યાર પછી જો તર્કામાં છોકરીઓ બે અથવા તો બે કરતાં વધારે હોય તો તર્કામાં તેમનો ભાગ ૧/૩ (ત્રીજો) છે."

ત્યાર પછી રસૂલલ્લાહ (સ.)એ ઝૌજાને આઠમો ભાગ, બન્ને દીકરીઓને ૨/૩ ભાગ અને બાકીનો ભાગ બાપને અપાવ્યો. રાવી કહે છે કે આ એવી પહેલી મીરાસ છે કે જેની ઈસ્લામમાં વહેંચણી થઈ.

**ચુકાદો નંબર-૩૦**

**મીરાસના હકદાર**

ઝૈદ બિન અરકમથી રિવાયત છે કે હઝરત અલી (અ.) ફરમાવે છે કે જ્યારે હું યમનમાં હતો તો ત્રણ માણસો મારી પાસે આવ્યા કે જેઓ એક જ બાળકના દાવેદાર હતા તો મેં તેમની વચ્ચે કુરૂઓ નાખ્યો અને જેના નામનો કુરૂઓ

નીકળ્યો તેને બાળક સોંપી દીધું અને સાથે સાથે ૨/૩ કિંમત પણ તેના માથે લગાવી દીધી કે જે પોતાના સાથીઓને આપી દે. પછી જ્યારે હું રસૂલે કરીમ (સ.)ની ખિદમતમાં પહોંચ્યો તો આપને તે ફેંસલાની માહિતી આપી તો હઝરત (સ.) મુશ્કુરાયા એટલે સુધી કે આપના મુબારક દાંત દેખાવા લાગ્યા.

રસૂલલ્લાહ (સ.) જમાનામાં એક મકાતિબને કતલ કરી દેવામાં આવ્યો તો રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું,

"જેટલા પ્રમાણમાં તે રકમ અદા કરી ચૂક્યો છે એટલા પ્રમાણમાં તેની ખૂંબહા એક આઝાદ માણસની હેસિયતથી આપવામાં આવશે અને જેટલા પ્રમાણમાં હિસ્સો તેની ગુલામીમાં છે તે મુજબ ગુલામનો ખૂંબહા લેવામાં આવશે."

વળી મુસન્નિફ અબી દાવૂદમાં છે કે ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે એક માણસ રસૂલે કરીમ (સ.)ના જમાનામાં મરી ગયો અને તેના આઝાદ કરેલા ગુલામ સિવાય તેનો કોઇ સ્વજન કે સંબંધી ન હતો. તો રસૂલે અકરમ (સ.)એ તેની મીરાસ એ ગુલામને અપાવી દીધી કે જે હવે આઝાદ થઇ ચૂકેલો હતો.

અને અબ્દુર્રઝાકની હદીસ છે કે એક માણસ મરી ગયો અને તેનો કોઇ વારિસ હતો નહીં તો રસૂલે કરીમ (સ.)એ તેના વારસદારની તલાશી કરવાનો હુકમ કર્યો. જ્યારે કોઇ પણ મળ્યો નહીં તો રસૂલે કરીમ (સ.)એ મીરાસ એ માણસને અપાવી કે જેને મરનારે આઝાદ કરી દીધો હતો.

સુલેમાન બિન યસારીથી રિવાયત છે કે હબશાનો એક લાવારિસ માણસ મરી ગયો તો રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

"જે કોઇ હબશાના મુસલમાનોમાંથી હોય તેને એની મીરાસ આપી દો."

અને મુસન્નિફ અબ્દુર્રઝાકમાં ઈબ્ને જરીહથી રિવાયત છે કે તે કહે છે કે,

"મેં અબૂલહસનને એવું કહેતા સાંભળ્યા છે કે આદમીએ રસૂલે કરીમ (સ.)ની ખિદમતમાં પોતાનો અને પોતાના બાપનો મામલો રજૂ કર્યો અને કહ્યું,

"યા રસૂલલ્લાહ ! મારો બાપ મારા માલને ખાઇ રહ્યો છે."

આ સાંભળીને આપ (સ.)એ ફરમાવ્યું,

"તું અને તારો માલ બધું જ તારા બાપનું છે."

પછી તેના બાપને તેનો માલ ખાવાનો હુકમ આપ્યો અને ફરમાવ્યું,

"તમે તેની સાથે જાઓ. અગર તે તમને પોતાનો માલ ખવડાવવાથી ઈન્કાર કરે તો મને બયાન કરજો. હું તેના વિરૂધ્ધ તમારી મદદ કરીશ."

વળી અબ્દુર્રઝાકની હદીસ છે કે એક માણસે રસૂલે કરીમ (સ.)ની ખિદમતમાં પોતાના બાપની શિકાયત કરતાં કહ્યું,

"મારો બાપ મારી પાસેથી મારો માલ માગે છે."

તો આપ (સ.)એ ફરમાવ્યું,

"તેમને આપી દો."

તેણે કહ્યું,

"મારી ખ્વાહિશ એ છે કે બિલકુલ તે માલથી હાથ ઉઠાવી લઉં."

આપ (સ.)એ ફરમાવ્યું,

"હા. હા, તમે તેમના હકમાંથી નીકળી જાઓ."

અને ત્યાર પછી આપ (સ.)એ તેને સારા શબ્દોમાં સમજાવવાનું શરૂ કર્યું,

"તમારા વાલેદૈનની નાફરમાની ન કરો એટલે સુધી કે તે કોઇ પણ સમયે એવું કહી દે કે તમે તેમના માટે તેમની દુનિયામાંથી નીકળી જાઓ તો તેમના આ હુકમનું પણ પાલન કરો."




**વેટરનરી ડોક્ટર**

**ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા**

(B.V.Sc. & A.H.)

- Gradute in 2005
- ૭ વર્ષનો Feild Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

**મો. ૯૯૭૮૭૬૯૬૫૧**

**ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ**



**S.A.S.**


**Cement Bricks & Block Product**



Size : 9 x 4 x 3

Size : 12 x 8 x 4

**Paver Tiles, Paver Blocks, Cement Bricks & Rubber Bricks**





**Floring Tiles**

**Sabirali A. Saleh**

**( Sedrana )**

**Mo.99799 25530**

**Floring Block**

Sidhpur Sedrana Road, Opp. Rajena Agro, At.Po.Sedrana, Ta.Sidhpur, Dist.Patan - 384151.

# મીર અનીસના મરસિયા

**મરસિયા—૧** (ગતાંકનું ચાલુ) مرثیہ-۱

| | |
|---|---|
| શહાદત જનાબે અમીરુલ મોમિનીન<br>અલી ઇબ્ને અબીતાલિબ (અ.) | شہادت جناب امیرالمومنین<br>علی ابنِ ابی طالبؑ |

| | |
|---|---|
| વો મશરિકે. ઈમાંકા હૈ ખૂરશીદે દરખ્શાં | وہ مشرقِ ایماں کا ہے خورشیدِ درخشاں |
| હૈ નૂરે અલી રોશનીએ એમને ઈમાં | ہے نور علیؑ روشنیِ ایمنِ ایماں |
| ઔર રૂત્બએ અહમદકે લિયે હુજ્જતો બુર્હાં | اور رتبۂ احمدؐ کے لیے حجّت و برہاں |
| થા તૂર પે વો રાહબરે મૂસાયે ઈમરાં | تھا طور پہ وہ راہبرِ موسٰیؑ عمراں |
| એ'જાઝે અસા વ યદે બૈઝા જો વહાં થા | اعجاز عصا و ید بیضا جو وہاں تھا |
| વો દસ્તે યદે અલ્લાહસે સરે દસ્ત અયાં થા | وہ دستِ یدِاللہ سے سرِ دست عیاں تھا |

(મૌલા અલી (અ.) ઈમાનરૂપી તારાઓના (માટે) પુરનૂર સૂર્ય છે. મૌલા અલી (અ.)નું નૂર ઈમાનની મુબારક રોશની છે અને રસૂલિલ્લાહ (સ.)ના રૂત્બા માટે હુજ્જત (સાબિતી) અને બુર્હાન (દલીલ) છે. કોહે તૂર ઉપર મૌલા અલી (અ.) હઝરત મૂસા (અ.) બિન ઈમરાન (અ.)ના રાહબર હતા. અસાનો અને યદે બૈઝાનો જે મોઅજિઝો થયો હતો તે અલ્લાહનો હાથ મૌલા અલી (અ.)ના હાથથી પ્રગટ થયો હતો.)

| | |
|---|---|
| આલમ પે શરફ બૈતે મુકદ્દસકા હૈ મશહૂર | عالم پہ شرف بیتِ مقدس کا ہے مشہور |
| ગર નૂર થા કા'બા તો અલી નૂર અલા નૂર | گر نور تھا کعبہ تو علیؑ نور علٰی نُور |
| બેશુબા હૈ વો મૌલુદે શહંશહે જમ્હૂર | بے شبہ ہے وہ مولدِ شہنشہِ جمہور |
| ફર્ક ઈસમેં નહીં કુછ યે તજલ્લી થા વો નૂર | فرق اس میں نہیں کچھ یہ تجلّی تھا وہ نُور |
| ઉસસે ઈન્હેં રૂત્બા હૈ ઉસે ઉનસે શરફ હૈ | اس سے انہیں رتبہ ہے اسے ان سے شرف ہے |
| યે ગૌહરે યકતા હૈ યે પાકીઝા સદફ હૈ | یہ گوہر یکتا ہے یہ پاکیزہ صدف ہے |

(આખા વિશ્વમાં બૈતે મુકદ્દસ (કા'બા શરીફ)નો શરફ (પ્રતિષ્ઠા) મશહૂર છે. જો કા'બા બૈતુલ્લાહ નૂર હતું તો અલી (અ.) નૂર અલા નૂર (નૂરનો સિલસિલો). એમાં શંકા નથી કે તે (કા'બા) આમ જનતાના શહેનશાહ મૌલા અલી (અ.)ની જન્મભૂમિ છે. તે બન્ને વચ્ચે કોઇ તફાવત નથી તે (કા'બા) માત્ર તજલ્લી છે જ્યારે આપ (અ.) તો (સાક્ષાત્) નૂર છે. એમનાથી (એટલે કે મૌલા અલી (અ.)થી) એને (એટલે કે કા'બાને) રૂત્બો મળ્યો છે અને તેને (કા'બાને) એમનાથી (એટલે મૌલા અલી (અ.)થી) શરફ (પ્રતિષ્ઠા) પ્રાપ્ત થયો છે. એ અણમોલ મોતી છે. તો આ તે પાકીઝા મોતીની છીપ (કવચ) છે.)

| | |
|---|---|
| **દી જિસને અઝાં કા'બેમેં પહેલે બ ફસાહત** | دی جس نے اذاں کعبے میں پہلے بہ فصاحت |
| **અલ્લાહકે ઘરમેં હુઇ હૈ જિસકી વિલાદત** | اللہ کے گھر میں ہوئی ہے جس کی ولادت |
| **વો હૈદરે સફદર હૈ વો હૈ શાહે વિલાયત** | وہ حیدرِ صفدر ہے وہ ہے شاہِ ولادت |
| **મસ્રૂફે ઈબાદત રહે તા રોઝે શહાદત** | مصروفِ عبادت رہے تا روزِ شہادت |

**ખુદ ગર ચે ગિરફતાર રહે રંજો બલામેં** خود گرچہ گرفتار رہے رنج و بلا میں

**બંદે બહુત આઝાદ કિયે રાહે ખુદામેં** بندے بہت آزاد کیے راہِ خدا میں

(જેમણે સૌ પ્રથમ વાર કા'બામાં મીઠા સ્વરે અઝાન પોકારી હતી તેમની વિલાદત અલ્લાહના ઘરમાં થઇ છે. તેઓ હૈદરે સફદર છે, શાહે વિલાયત પણ છે અને શહાદત થઇ તે દિવસ સુધી આપ (અ.)ઈબાદતમાં મશગૂલ રહ્યા. પોતે હંમેશાં રંજો બલામાં ગિરફતાર રહ્યા તેમ છતાંય આપ (અ.)એ અલ્લાહની રાહમાં ઘણા બધા બંદાઓને આઝાદ કરી દીધા.)

| | |
|---|---|
| **થે ઝોહદો વરઅમેં ભી વો યકતાએ દો આલમ** | تھے زہد و ورع میں بھی وہ یکتائے دو عالم |
| **ફુર્સત ન થી કુર્આંકી તિલાવતસે કોઇ દમ** | فرصت نہ تھی قرآں کی تلاوت سے کوئی دم |
| **તસ્બીહ થી, તકબીર થી તહ્લીલ થી પૈહમ** | تسبیح تھی تکبیر تھی تہلیل تھی پیہم |
| **સાએમ વો ન હો હોતા થા ઐસા કોઇ દિન કમ** | صائم وہ نہ ہوں ہوتا تھا ایسا کوئی دن کم |

**ફાકોંમેં ભી એહસાને ઈલાહીકા બયાં થા** فاقوں میں بھی احسانِ الٰہی کا بیاں تھا

**હર એક મહિના ઈન્હેં માહે રમઝાં થા.** ہر ایک مہینا انہیں ماہِ رمضاں تھا

(પરહેઝગારી અને સંયમની બાબતમાં પણ આપ (અ.) બન્ને આલમમાં અજોડ હતા. કુરઆનની તિલાવત એક શ્વાસ જેટલી વાર આપ (અ.) બંધ રાખતા ન હતા. આપ (અ.) સતત તસ્બીહ (સુબ્હાનલ્લાહનો ઝિક્ર), તકબીર (અલ્લાહો અકબરનો ઝિક્ર) અને તહ્લીલ (લા ઈલાહા ઈલ્લલ્લાહનો ઝિક્રનો ઝિક્ર) કર્યા

કરતા હતા. આપ (અ.) રોઝાથી ન હોય એવું બહુ ઓછું બનતું. ફાકા કરવામાં પણ અલ્લાહના એહસાનનું વર્ણન થતું. આપ (અ.)ના માટે (જાણે) દરેક મહિનો માહે રમઝાનનો મહિનો હતો.)

| | |
|---|---|
| **ઈન્સાં સે બયાં હો સકે કયા રૂત્બએ હૈદર** | انساں سے بیاں ہو سکے کیا رتبۂ حیدرؑ |
| **કુર્આંમેં સના જિસકી કરે ખાલિકે અકબર** | قرآں میں ثناء جس کی کرے خالقِ اکبر |
| **થા જુમ્એકા દિન બૈઠે થે મસ્જિદમેં પયમ્બર** | تھا جمعے کا دن بیٹھے تھے مسجد میں پیمبرؐ |
| **નાઝિલ હુએ જો રૂહે અમીં ખોલે હુએ પર** | نازل ہوئے جو روحِ امیں کھولے ہوئے پَر |
| **એક બાઝૂ પે તો નામ શહેનશાહે ઉમમ થા** | اِک بازو پہ تو نامِ شہنشاہِ اُمم تھا |
| **ઔર દૂસરે પે નામે અલી સાફ રકમ થા** | اور دوسرے پہ نامِ علیؑ صاف رقم تھا |

(ખાલિકે અકબર અલ્લાહ ખુદ જેની પ્રશંસા કુરઆનમાં કરતો હોય તેવા મૌલા અલી (અ.)ના રૂત્બાનું વર્ણન માણસથી તો શું થઈ શકે ? એ જુમ્આનો દિવસ હતો અને હઝરત રસૂલે ખુદા (સ.) મસ્જિદમાં બેઠેલા હતા તેવામાં રૂહુલ અમીન જિબ્રઈલ (અ.) પોતાની પાંખો ખોલીને નાઝિલ થયા. એક પાંખ ઉપર શહેનશાહે ઉમમ (હઝરત રસૂલે ખુદા (સ.))નું નામ હતું અને બીજી બાજુએ મૌલા અલી (અ.)નું નામ સાફ શબ્દોમાં લખેલું હતું.)

(ક્રમશઃ)


શૌકતભાઈ – ૯૪૨૮૩ ૮૪૨૮૬
ફૈઝઅહેમદ – ૯૭૧૪૭ ૬૪૧૯૪
દુકાન – ૯૭૨૨૯ ૦૧૪૬૦
દશાવાડાવાળા
અપના
કટલરી સ્ટોર
હોલસેલર : કટલરી, હોઝયરી, રમકડાં, વિગેરે
ઈ–૧૫, મહાવીર કોમ્પલેક્ષ, યશ હોસ્પિટલ નજીક, વાલીયા ચોકડી, જી.આઈ.ડી.સી.
અંકલેશ્વર – ૩૯૩ ૦૦૨

Akbarali V. Suthar Mo. 9426281856
Mikdadali Mo. 9429358118
FAMOUS
ALUMINIUM SECTION
- Aluminium Composit Panel,
- Glass Fitting
- Sliding Windows

Near Bus Station, Rigal Shopping Centre, Vadnagar (Gujarat)

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી
દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછી મોહંમદ બિન અશઅસ કૂફાના મોટા માણસોની સાથે તેમની પાસે ગયો. તેઓ તે વખતે પોતાના ઘરના દરવાજા ઉપર હતા. તેમને કહેવા લાગ્યો, અમીર તમને યાદ કરે છે અને તમારા ન મળવાનું કારણ પૂછે છે. તેઓ તેની સાથે ઘોડા પર સવાર થઈને ઈબ્ને ઝિયાદની પાસે એ વખતે ગયા કે જ્યારે કાઝી શરીહ પણ મોજૂદ હતો. જ્યારે તેમણે ઈબ્ને ઝિયાદને સલામ કરી તો ઈબ્ને ઝિયાદ બોલ્યો, અય હાની ! મુસ્લિમ ક્યાં છે ? તેઓ કહેવા લાગ્યા, હું નથી જાણતો. ઈબ્ને ઝિયાદે તે ગુલામને કે જેણે દિરહમ આપ્યા હતા, તેમની સામે રજૂ કર્યો. જ્યારે હાનીએ તે ગુલામને જોયો તો ઈબ્ને ઝિયાદની સામે જમીન પર પડી ગયા અને કહેવા લાગ્યા, અય અમીર ! મેં મુસ્લિમને મારા ઘરમાં બોલાવ્યા નથી તેઓ પોતે જ આવી ગયા છે. ઈબ્ને ઝિયાદે કહ્યું, તેમને મારી પાસે લાવો. લોકોએ તેમને પકડીને નજીક લાવ્યા. ઈબ્ને ઝિયાદે તેમને સોટીથી માર માર્યો અને તેમને કેદ કરવાનો હુકમ આપ્યો. જ્યારે આ ખબર તેમની કોમના લોકો સુધી પહોંચી તો દારૂલ ઈમારાના મહેલના દરવાજે તે લોકો એકઠા થઈને આવ્યા. જ્યારે ઈબ્ને ઝિયાદે ઝઘડો સાંભળ્યો તો કાઝી શરીહને કહ્યું. બહાર નીકળીને તેમને કહી દો કે મેં હાનીને એટલા માટે બંધ કરી દીધા છે કે તેમને મુસ્લિમની ખબર પૂછું. મારા દ્વારા એમને કોઈ તકલીફ નહીં પહોંચે. આ સાંભળીને લોકો વિખરાઈ ગયા. જ્યારે મુસ્લિમને હાનીના કેદ થવાની ખબર મળી તો કૂફાના ચાલીસ હજાર પુરૂષો તેમની પાસે એકઠા થઈ ગયા અને મુસ્લિમ સવાર થયા. એ વખતે મહેલમાં ઈબ્ને ઝિયાદની પાસે કૂફાના મોટા લોકો ભેગા થયેલા હતા. તેણે તેમને હુકમ આપ્યો કે પોત પોતાના કબીલાથી વાતચીત કરીને તેમને પાછા મોકલી દો. તે લોકો તેમને આશ્વાસન આપવા લાગ્યા. સાંજના વખતે મુસ્લિમની પાસે થોડાક માણસો સિવાય કોઈ બાકી ન રહ્યું. જ્યારે અંધારું થઈ ગયું તો તેઓ પણ જતા રહ્યા અને મુસ્લિમ એકલા રહી ગયા. રાતના સમયે રસ્તામાં ભટકીને એક ઓરતના દરવાજા પર પહોંચ્યા. તે ઓરતને કહ્યું, મને પાણી પીવડાવ. તેણે પાણી પીવડાવ્યું અને કહ્યું, અય ખુદાના બંદા ! તમે પરેશાન હો એવું લાગે છે. તમારી હાલત કેવી છે ? આપે કહ્યું, હું મુસ્લિમ છું. શું તમારા ત્યાં

આરામ કરવાની કોઇ જગ્યા છે ? તે ઓરતે કહ્યું, હા. આપ અંદર આવી ગયા. તે ઓરતનો એક બેટો હતો કે જે મોહંમદ બિન અશઅસની ગુલામી કર્યા કરતો હતો. તેણે જઇને મોહંમદ બિન અશઅસને ખબર પહોંચાડી. એટલામાં તો મુસ્લિમ શું જુએ છે કે લોકોએ આખાય ઘરનો ઘેરો કરી લીધો છે. જ્યારે મુસ્લિમે આ જોયું તો પોતાની તલવાર ખેંચીને બહાર નીકળી આવ્યા અને જંગ કરવા લાગ્યા. મોહંમદ બિન અશઅસે તેમને અમાન આપીને હાથ પકડી લીધો અને પોતાની સાથે લઇ ગયો. તે ઇબ્ને ઝિયાદની પાસે આવ્યો. ઇબ્ને ઝિયાદે હુકમ કર્યો કે તેમને મહેલની ઉપર લઇ જાઓ. લોકોએ છત ઉપર ચઢાવીને તેમને શહીદ કરી દીધા. અને હાની બિન ઉર્વાને પણ મારી નાખ્યા અને બન્નેની લાશોને લટકાવી દીધી. આ ખબર ઈમામ હુસૈન (અ.)ને ત્યાં સુધી ન મળી કે જ્યાં સુધી આપ (અ.) કાદસિયાથી ત્રણ માઇલ દૂર પહોંચી ગયા હતા. આપને હુર બિન યઝીદ અલ તમીમી મળ્યા અને અરજ કરી કે આપ પાછા તશરીફ લઇ જાઓ અને તેમને મુસ્લિમ (અ.)ની શહાદતથી વાકેફ કર્યા.

હઝરત (અ.)ની સાથે મુસ્લિમ બિન અકીલ (અ.)ના ભાઇઓ પણ મોજૂદ હતા. તેમણે કહ્યું કે જ્યાં સુધી અમે બદલો ન લઇએ અથવા તો કતલ ન થઇ જઇએ, અલ્લાહના સોગંદ, અમે પાછા નહીં જઇએ. ઇબ્ને ઝિયાદે તેમના માટે ફોજ તૈયાર કરેલી જ હતી કે જે તેમને કરબલામાં આવીને મળી. તે ફોજનો અમીર ઉમર બિન સઅદ ઇબ્ને અબી વક્કાસ હતો. ઇબ્ને ઝિયાદે 'રે'ની હુકૂમતનો તેની સાથે વાયદો કર્યો હતો કે ઈમામ હુસૈન (અ.)થી જંગ કર્યા પછી તે મુલ્કનો તેને હાકિમ બનાવવામાં આવશે. ઈમામ હુસૈન (અ.)એ તેની આગળ બયાન ફરમાવ્યું કે ત્રણ બાબતોમાંથી એક બાબત અપનાવી લે તું અમને કોઇ કિલ્લા સુધી પહોંચી જવા દે અથવા તો અમે મદીના તૈયબા પાછા જતા રહીએ અથવા તો અમને યઝીદની પાસે પહોંચાડી દે. ઉમર બિન સઅદે પાછળની શરતને કબૂલ કરી અને ઇબ્ને ઝિયાદને લખી મોકલ્યું. ઇબ્ને ઝિયાદે જવાબમાં લખ્યું કે હું કબૂલ નથી કરતો. હુસૈન (અ.)નો હાથ મારા હાથમાં આપી દેવો જોઇએ. ઈમામ હુસૈન (અ.) એ તેને કબૂલ ન ફરમાવ્યું. આ બાબત ઉપર જંગ શરૂ થઇ ગયો અને આપની સાથેના તમામ અસ્હાબો શહીદ થઇ ગયા. એમાં આપના અહલેબૈતના સત્તર જવાનો હતા. આપ (અ.) સૌથી છેલ્લા શહીદ થયા. આપનું સર મુબારક ઇબ્ને ઝિયાદની પાસે લઇ ગયા. ઇબ્ને ઝિયાદે સરોને અને આપના અહલેબૈતને યઝીદની પાસે મોકલી દીધાં. તેમાં જનાબે અલી બિન હુસૈન (અ.) બીમાર હતા અને એ જનાબની ફોઇ હઝરત ઝયનબ બિન્તે ફાતેમા (અ.) પણ હતાં. યઝીદે તેમને મદીના મુનવ્વરા મોકલી દીધાં. (ક્રમશ:)

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## વસિયત વિષે

(ગતાંકનું ચાલું)

**અલ્લાહ તઆલા એવો એહસાન કરે છે કે પોતાના બંદા ઉપર મોતના સમયે તેની આંખ, કાન અને અક્કલ પાછી આપી દે છે જેથી તે વસિયત કરી શકે.**

મોહંમદ બિન અબી ઉમૈરે હમ્માદ બિન ઉસ્માનથી રિવાયત કરી છે, તેમનું બયાન છે કે હઝરત ઈમામ જાફ્ર સાદિક (અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે કોઇ પણ મરનારનો મોતનો સમય નજીક હોય છે તો અલ્લાહ તઆલા તેની આંખ, કાન અને તેની અક્કલ તેને પાછી આપી દે છે જેથી તે વસિયત કરી લે. હવે તે તેનું (બંદાનું) કામ છે કે વસિયત કરી લે અથવા તો છોડી દે અને આ જ એ રાહત છે કે જેનો મોતની રાહત કહે છે. તેથી આ દરેક મુસલમાન ઉપર ફરજ છે. (૫૪૦૯)

**વસિયત તર્ક કરનાર (છોડી દેનાર) પર અલ્લાહની હુજ્જત**

મોહંમદ બિન ઈસા બિન ઉબૈદએ ઝકરિયા મોમિનથી, તેમણે અલી બિન અબી નઈમથી, તેમણે અબી હમ્ઝાથી, તેમણે કેટલાક અઈમ્મા (અ.)થી રિવાયત કરી છે કે અલ્લાહ તઆલા કહે છે કે અય ઈબ્ને આદમ ! મેં તારા ઉપર ત્રણ મહેરબાનીઓ કરી; મેં તારા એ ગુના છૂપાવ્યા કે અગર તારા ઘરવાળાઓને માલૂમ પડી જાત તો તેઓ તને દફ્ન પણ ન કરત અને મેં તારી રોજીમાં વિસ્તૃતતા અને વિપુલતા આપી. પછી મેં તારી પાસે કર્ઝ માગ્યું પરંતુ તેં કોઇ પણ નેક કાર્ય નથી કર્યું અને મેં તારા મોતના સમયે તને મોહલત આપી કે જેથી તારા ૧/૩ માલના માટે ભલાઈનું કાર્ય કરવાની વસિયત કરી લે, પરંતુ તેં એ વખતે પણ નેક કાર્ય નથી કર્યું. (૫૪૧૦)

**વસિયત દરેક મુસલમાન પર કર્ઝ અને લાજિમ છે.**

મોહંમદ બિન ફ્ઝીલે અબી અલ સબાહ કનાનીથી, તેમણે હઝરત ઈમામ જાફ્ર સાદિક (અ.)થી રિવાયત કરી, તેમનું બયાન છે કે મેં એક વખત આં જનાબ (અ.)થી વસિયતના બારામાં પૂછ્યું તો આપ (અ.)એ ફરમાવ્યું કે તે દરેક મુસલમાન ઉપર ફર્ઝ છે. (૫૪૧૧)

ઉલમાએ મોહંમદ બિન મુસ્લિમથી રિવાયત કરી છે કે તેમનું બયાન છે કે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું કે વસિયત ફર્ઝ છે અને રસૂલલ્લાહ (સ.)એ પણ વસિયત કરી છે એટલા માટે દરેક મુસલમાન માટે જરૂરી છે કે તે વસિયત કરે. (૫૪૧૨)

**ઝકાતમાં જે કમી રહી જાય છે તે વસિયતથી પૂરી થાય છે.**

મસઅદા બિન સદકા રીઅએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી તેમણે પોતાના પિદરે બુઝુર્ગવાર (અ.)થી રિવાયત કરી છે કે આં જનાબ (અ.)એ ફરમાવ્યું કે હઝરત અલી (અ.)નો ઈરશાદ છે કે ઝકાતમાં જે ખામી (નુકસ) રહી જાય છે, વસિયત તેને પૂરી કરી દે છે. (૫૪૧૩)

**એ માણસનો સવાબ કે જે વસિયત કરે અને તેમાં કોઈની સાથે નાઈન્સાફી અને કોઈને નુકસાન ન પહોંચાડે.**

સકૂનીએ હઝરત જાફર બિન મોહંમદ (અ.)થી અને તેમણે પોતાના પિદરે બુઝુર્ગવારથી રિવાયત કરી કે આં જનાબ (સ.)નો ઈરશાદ છે કે હઝરત અલી (અ.)એ ફરમાવ્યું, જે માણસ વસિયત કરે અને તેમાં કોઈની સાથે નાઈન્સાફી અને કોઈને નુકસાન ન પહોંચાડે તો તે એવો જ છે કે જાણે કે તેણે પોતાની જિંદગીમાં તસ્દીક (સમર્થન) કરી હોય. (૫૪૧૪)

**એ માણસની બાબતમાં કે જે પોતાના એવા નજીકના સગાઓ માટે કોઈ વસિયત નથી કરતો કે જે તેના માલમાં મીરાસ મેળવનારા ન હોય, તો થોડા કે વધારે માટે વસિયત કરે.**

અબ્દુલ્લાહ બિન મુગૈરાએ સકૂનીથી, તેમણે હઝરત જાફર બિન મોહંમદ (અ.) થી તેમણે પોતાના પિદરે બુઝુર્ગવાર (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે જે માણસ પોતાના મોતના સમયે પોતાના નિકટના માણસો માટે કોઈ વસિયત ન કરે તેનો અમલ ગુના ઉપર ખતમ થશે. (૫૪૧૫)

**મર્ઝિએ કિબ્રીયામેં રસાઈ અલીકી હૈ,**
**દોનોં જહાંમેં જલ્વાનુમાઈ અલીકી હૈ,**
**ગર યે ખુદા નહીં હૈ તો ઈત્ના ઝરૂર હૈ,**
**ખાલિક ખુદા હૈ ઔર ખુદાઈ અલીકી હૈ.**

**જે માણસ મોતના સમયે સારી રીતે વસિયત ન કરી શકયો હોય.**

અબ્બાસ બિન આમિરે અબાનથી, તેમણે અબી બસીરથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું, જે માણસ પોતાના મોતના સમયે સારી રીતે વસિયત ન કરી શકે તો સમજી લો કે તેની માણસાઈમાં અને તેની અકકલમાં ખામી હતી. વળી ફરમાવ્યું કે રસૂલલ્લાહ (સ.)એ હઝરત અલી (અ.)ને વસિયત કરી અને હઝરત અલી (અ.)એ હઝરત ઈમામ હસન (અ.)ને વસિયત કરી અને હઝરત ઈમામ હુસૈન (અ.)એ હઝરત ઈમામ હુસૈન (અ.)ને અને હઝરત ઈમામ હુસૈન (અ.)એ હઝરત અલી ઈબ્નુલ હુસૈન (અ.)ને વસિયત કરી અને હઝરત અલી ઈબ્નુલ હુસૈન (અ.)એ મોહંમદ બિન અલી અલ બાકિર (અ.)ને વસિયત કરી. (૫૪૧૬)

**એ માણસનો સવાલ કે જેનો અંત સારા કોલથી અથવા સારા અમલથી થયો હોય.**

એહમદ બિન નઝર ખુઝ્ઝાઝએ અમ્ર બિન સમરથી, તેમણે જાબિરથી અને તેમણે

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું રસૂલલ્લાહ (સ.)નો ઈરશાદ છે કે જે માણસનો અંત **લા ઈલાહ ઈલ્લલ્લાહ**ની સાથે હોય તે જન્નતમાં દાખલ થશે, જે માણસનો અંત દિવસે રોઝાની અવ્યવસ્થામાં હોય તે જન્નતમાં દાખલ થશે અને જે માણસનો અંત સદકા પર થયો હોય કે જેનાથી તે ખુદાની ખુશનૂદી ઈચ્છતો હોય તે જન્નતમાં દાખલ થશે. (૫૪૧૭)

**વારિસોને નુકસાન પહોંચાડવાની બાબતમાં જે કંઇ હદીસમાં આવેલું છે.**

અબ્દુલ્લાહ બિન મુગૈરાએ સકૂનીથી, તેમણે હઝરત જાફર બિન મોહંમદ (અ.)થી, તેમણે પોતાના પિદરે બુઝુર્ગવારથી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે હઝરત અલી (અ.)નો કોલ છે કે એ માલની બાબતમાં મને પરવા થતી નથી કે મારી ઓલાદને નુકસાન પહોંચાડું અથવા તેનાથી ગફલત વર્તું. (૫૪૧૮)

**વસિયતમાં અદ્લ અને જોર (જુલમ)**

હારૂન બિન મુસ્લિમએ મસઉદા બિન સદકાથી, તેમણે હઝરત જાફર બિન મોહંમદ (અ.)થી તેમણે પોતાના પિદરે બુઝુર્ગવાર (અ.) થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે જે વસિયતમાં અદ્લથી કામ લેશે તે (કાર્ય) એવું જ છે કે તેણે પોતાની જિંદગીમાં સદકો આપ્યો હોય અને જેણે તેમાં નાઈન્સાફી અને જોરથી કામ લીધું તો કયામતના દિવસે જ્યારે તે અલ્લાહ તઆલાના દરબારમાં પહોંચશે તો તે તેની તરફ મોઢું નહીં કરે. (૫૪૧૯)

**ગુનાહાને કબીરા વિષે વસિયતમાં જુલ્મ અને જોર**

હારૂન બિન મુસ્લિમએ મસઉદા બિન સદકાથી, તેમણે હઝરત જાફર બિન મોહંમદ (અ.)થી તેમણે પોતાના પિદરે બુઝુર્ગવાર (અ.) થી, તેમણે પોતાના આબાએ કિરામ (અ.) થી રિવાયત કરી છે કે વસિયતમાં જુલ્મ અને નાઈન્સાફી (કરવી) ગુનાહાને કબીરામાંથી છે. (૫૪૨૦)

**કેટલા પ્રમાણમાં વસિયત કરવી મુસ્તહબ છે.**

સકૂનીએ હઝરત જાફર બિન મોહંમદ (અ.)થી, તેમણે પોતાના પિદરે બુઝુર્ગવારથી, તેમણે પોતાના આબાએ કિરામ (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે હઝરત અમીરુલ મોમિનીન (અ.)નો ઈરશાદ છે કે વસિયત માલના પાંચમા ભાગમાં હોવી જોઈએ એટલા માટે કે અલ્લાહ તઆલાએ પોતાના માટે પણ પાંચમો ભાગ જ પસંદ ફરમાવ્યો છે. વળી ફરમાવ્યું કે પાંચમા ભાગમાં વસિયત મિયાનારવી (મધ્યમસરતા) છે અને ચોથા ભાગમાં સહન કરી શકાય તેવી છે અને ત્રીજા ભાગમાં જુલ્મ છે. (૫૪૨૧)

હમ્માદ બિન ઈસાએ શોએબ બિન યાકૂબથી, તેમણે અબી બશીરથી રિવાયત કરી છે, તેમનું બયાન છે કે એક વખત મેં હઝરત

ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછયું કે એક માણસ મરી રહ્યો છે, હવે તેને પોતાના માલમાં (વસિયત કરવાનો) કેટલો હક છે ? તો આપ (અ.)એ ફરમાવ્યું, ૧/૩ (એક તૃત્યાંશ–ત્રીજા ભાગનો) માલ અને ઓરતને પણ એટલો જ. (૫૪૨૨)

આસમ બિન હમીદ બિન કૈસથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું, હઝરત અમીરુલ મોમિનીન (અ.) ફરમાવ્યા કરતા હતા કે અગર હું મારા માલના પાંચમા ભાગ માટે વસિયત કરું તો તે મારા માટે વધારે પસંદગીપાત્ર છે એ બાબતથી કે હું ચોથા ભાગ માટે વસિયત કરું અને ચોથા ભાગ માટે વસિયત કરવી મારા માટે વધારે પસંદગીપાત્ર છે એના કરતાં કે હું ત્રીજા ભાગ માટે વસિયત કરું અને જેણે એક તૃત્યાંશ (ત્રીજા) ભાગ માટે વસિયત કરી, તેણે કંઇ (પાછળ) છોડ્યું જ નથી અને તેણે અતિશયતાથી કામ લીધું અને ફરમાવ્યું, જેણે એક તૃત્યાંશ (ત્રીજા ભાગ) માટે વસિયત કરી તેણે કંઇ નથી છોડ્યું, આખરી હદ સુધી પહોંચી ગયો. (૫૪૨૩)

અને હસન બિન અલી વશાઅની રિવાયતમાં હમ્માદ બિન ઉસ્માનથી અને તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે જેણે એક તૃત્યાંશ (ત્રીજા ભાગ) માટે વસિયત

## નુસ્ખા

### પેશાબ

* પેશાબ ઓછો થતો હોય કે બંધ થયો હોય તો તાજી છાશમાં ગોળ નાખીને પીવાથી પેશાબની અટકાયત મટે છે.
* પેશાબ અટકતો હોય તો મૂળાનો રસ પીવાથી પેશાબ છૂટથી થાય છે.
* અડધા તોલા લીંબુના બીજનું ચૂર્ણ કરી પાણી સાથે પીવાથી તરત પેશાબ છૂટે છે.
* પેશાબની બળતરા તથા અટકાયત થતી હોય તો ગરમ કરેલા દૂધમાં સાકર અને ચોખ્ખુ ઘી નાખી પીવાથી રાહત થાય છે અને તકલીફ મટે છે.
* ચોખાના ધોવાણમાં સાકર તથા ચપટી સૂરોખાર મેળવી પીવાથી પેશાબ ઓછો થતો હોય તો વધે છે. કોઈ પણ કારણસર પેશાબ અટકતો હોય તો તે મટે છે.
* પેશાબ અટકી અટકીને થવો, વધુ થવો અને બળતરા સાથે થવો, વગેરેમાં તલ ખાવાથી ફાયદો થાય છે.
* કેળનું ચૂર્ણ ચાર–પાંચ તોલા પાણી ગરમ કરેલા ઘીમાં નાખીને પીવાથી, બંધાયેલો પેશાબ તરત જ છૂટી જાય છે.
* રાત્રે ઘઉંને પાણીમાં પલાળી રાખી સવારે વાટી તેમાં સાકર નાખીને હલવો બનાવી ખાવાથી પેશાબ છૂટથી થાય છે. (ક્રમશઃ)

કરી તેણે પોતાના વારિસોને નુકસાન પહોંચાડ્યું અને ત્રીજા ભાગ માટે વસિયત કરવા કરતાં તો પાંચમા ભાગ કે ચોથા ભાગ માટે વસિયત કરવી અફઝલ અને બહેતર છે, અને ફરમાવ્યું જેણે ત્રીજા ભાગ માટે વસિયત કરી તેણે કંઇ (બાકી) છોડ્યું જ નથી.

(સંદર્ભ : મલ્લા યહઝુરુહુલ ફકીહ, ભાગ–૪, પેજ–૧૩૪ થી ૧૩૬, ઉર્દૂમાંથી અનુવાદિત)

## ગતાંકમાં સુધારો

ગતાંકના શબ્દ પરિચય વિભાગમાં શરતચૂકથી અરબી જોડણી تفل છપાયેલ છે જેની જગ્યાએ طفل વાંચવું.


# મહેર ટૂર

## ઇસ્માઈલભાઇ ઉસ્તાદ

MO : 9426343907/9727374878

ચાલુ સાલે માહે રમઝાન માસમાં ઈરાન, ઈરાકની સફરનું આયોજન કરવામાં આવનાર છે. જે મોમિન ભાઇ–બહેનોને ઝિયારત માટે જવાની ઈચ્છા હોય તેમણે અમારો સંપર્ક કરવો.

ઈન્શાઅલ્લાહ રમઝાન માસની ૧૯, ૨૧ અને ૨૩ તારીખો નજફે અશરફમાં રહેઠાણ રહેશે.


# શબ્દ પરિચય

## તિફ્લ

**ચાદર :** (چادر) ચાદર ફારસી ભાષાનો શબ્દ છે. અર્થ: (૧) ઓઢવા–પહેરવાનું મોટું કપડું, મોટો પહોળો દુપટ્ટો (૨) મડદાને ઓઢાળવાનું કપડું (૩) કબર પર – મજાર પર ચઢાવવામાં આવતી ફૂલોની (ચાદર) માંજણી (૪) પાણીની પડતી ખૂબ પહોળી ધાર (૫) લોખંડ ઈત્યાદિનાં પહોળાં પતરાં **રૂઢિપ્રયોગો: ચાદર ઉઢાના** (૧) વિધવા સાથે પુર્નલગ્ન કરવું (૨) શીખોમાં એક પ્રકારનાં લગ્ન **ચાદર ઉતારના** (૧) સ્ત્રીની આબરૂ લેવી (૨) કોઈ બાળકને ચાદરમાં લપેટીને બાંધ્યા પછી સામા પક્ષના બાળકોને ચાદરમાંના બાળક વિષે પૂછવામાં આવે છે તેવી એક બાળ રમત **ચાદર ડાલ્ના:** જુઓ ચાદર ઉઢાના **ચાદર તાન કર સોના** (૧) નિશ્ચિંત થઈને ઊંઘવું (૨) સંતોષી જીવન પસાર કરવું **ચાદર પડના –** ગુપ્ત હોવું **ચાદર દેખકર પાંવ ફૈલાના –**પોતાની મર્યાદા કે આર્થિક સ્થિતિ પ્રમાણે ગુજરાન ચલાવવું **ચાદર બદોશ –** ખભે ચાદર નાખીને **ચાદરસે બાહર પાંવ ફૈલાના –** પોતાની મર્યાદા કે આર્થિક સ્થિતિની બહાર જવું **ચાદર હિલાના–** યુધ્ધ સમયે પરાજિત સૈનિકોનું આશ્રય માગવા માટેનું સૂચક ચિહ્ન **ચાદરે આબ –** જળસ્તર **ચાદરે માહતાબ –** સફેદ ચાદરની પથરાયેલી ચાંદની, ચાંદનીની ફરશ

## ગતાંકમાં સુધારો

ગતાંકના મીર અનીસના મરસિયામાં **ટૂટે દરદંદા**ની જગ્યાએ **ટૂટે દુરદંદાં** (મોતી રૂપી દાંત) વાંચવું.

# આપણા ઘરની વાતો

**● હાર્ટી માર્ટ, અમદાવાદ દ્વારા 'શેફ કા કમાલ' કોમ્પિટીશન યોજાઇ :**

તા.૧૧/૨/૨૦૧૩ ને સોમવારના રોજ હાર્ટી માર્ટ, અમદાવાદના પ્રાયોજક જનાબ સૈયદ નદીમએહમદ જાફરી સાહેબના માર્ગદર્શન હેઠળ શેફ કા કમાલ– 2013નું આયોજન તેની ૧૦મી વર્ષગાંઠ નિમિત્તે કરવામાં આવેલું, તે ઉજવણીના ભાગ રૂપે અમદાવાદ શહેરની વિવિધ હોટલો વચ્ચે 'સ્વાદ કા રંગમંચ' નામે સ્પર્ધા યોજાઇ ગઇ જેમાં અમદાવાદ સીટી વિસ્તારની હોટલોના શેફે ભાગ લીધો હતો જેમાંથી ૧૦ હોટલોના શેફને ડ્રો દ્વારા પસંદ કરાયા અને તેમની વચ્ચે સ્પર્ધાનું આયોજન કોર્ટયાર્ડ મેરિયોટના માસ્ટર શેફના માર્ગદર્શન હેઠળ કરાર રેસ્ટોરન્ટ, અમદાવાદ ખાતે કરેલ, જેમાં પ્રથમ ક્રમે રતનસિહ રાજપુત (કરાર), દ્વિતીય ક્રમે સિધ્ધેશ્વર પાંડે (ફન પોઈન્ટ) અને તૃતીય ક્રમે ઈન્દ્રબહાદુર (પ્લેઝર ટ્રો) રેસ્ટોરન્ટના શેફ રહ્યા હતા. આ પ્રોગ્રામમાં હાર્ટી માર્ટના ફૂડ કન્સલટન્ટ અમી પટેલે ફૂડની જાળવણી માટેની વિવિધ પધ્ધતિઓ સુંદર રીતે સમજાવી હતી. આ પ્રોગ્રામમાં અમદાવાદ જમાઅતના મુખી જનાબ ઈબ્રાહીમભાઇ તથા યૂસુફભાઇ મસી તથા યૂસુફભાઇ તાજમહંમદભાઇ મોમિન (દશાવાડા)એ તેમજ વિવિધ હોટલના માલિકો અને શેફે હાજરી આપી પ્રોગામને સફળ બનાવ્યો હતો.

**● શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા તથા મક્તબા જાફરીયા સંલગ્ન "બોસ્તાને તિફ્લાન' સાંસ્કૃતિક કાર્યક્રમ" વાર્ષિકોત્સવ પીપોદર ગામમાં ઉજવાયો :**

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા તથા મકતબા જાફરીયા સંલગ્ન બોસ્તાને તિફ્લાનનો વાર્ષિકોત્સવ પીંપોદર મુકામે તા.૧૦–૩–૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૮–૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો. બહારગામથી બોસ્તાને તિફ્લાનના ટીચર્સ, બાળકો, મુદર્રિસા બહેનો અને BMC કમિટીના સભ્યો હાજર રહ્યા હતા. આવનાર મહેમાનોનો જમણવાર રાખવામાં આવ્યો હતો. પ્રોગ્રામની શરૂઆત ૧૦–૩૦ કલાકે કરવામાં આવી હતી. સૌ પ્રથમ તિલાવતે કલામે પાક અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં ડો.એ.એ.મેમણ (ખુશ્બૂ હોસ્પિટલ, હિંમતનગર), મો.અલીહુસૈન (લંડન–વસો), ડો.અબ્બાસભાઇ આગલોડીયા (ઈલોલ તલાવ), મો. ગુલામહુસૈન ડોડીયા (કેસરપુરા), મો.વજીરઅલી ખરોડીયા (તેજપુરા)એ પ્રસંગને અનુરૂપ પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રોગ્રામમાં ૩૨૦ બાળકો હાજર રહ્યાં હતાં. મહેમાનોના હસ્તે બોસ્તાને તિફ્લાનની બહેનો અને બાળકોને ઈનામ આપવામાં આવ્યાં હતાં. આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં મોમિનોએ હાજર રહીને કાર્યક્રમ નિહાળ્યો હતો. આ પ્રોગ્રામમાં જે મોમિન ભાઇ–બહેનોએ સાથ અને સહકાર પૂરો પાડ્યો છે અલ્લાહ તઆલા તેમને નેક બદલો આપે, આમીન.

● **ઇન્નાલિલ્લાહે..:**





કિશોરગઢ નિવાસી **મર્હૂમા મો.હલીમાબેન સુલેમાનભાઇ ખણશીયા** મુ.તા. ૧૫, રબી.આખર–૧૪૩૪, તા.૨૬–૨–૨૦૧૩ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. તેઓ મોહંમદ વ આલે મોહંમદ (સ.)નાં ચાહક હતાં. તેઓ હજ–ઝિયારતથી મુશર્રફ થયેલાં હતાં. ⟶



⟵ડીંડરોલ નિવાસી **મર્હૂમા મો.હલીબેન રસૂલભાઇ નાંદોલીયા** મુ.તા. ૧૮, રબી.આખર–૧૪૩૪, તા.૧–૩–૨૦૧૩ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.

કેસીમ્પા નિવાસી **મર્હૂમ મો. મોલ્વી ઈસ્માઈલભાઇ જલાલભાઇ રામસડા** મુ.તા. ૩, રબી.આખર–૧૪૩૪, તા.૧૩–૨–૨૦૧૩ને ગુરૂવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. આપે નાંદોત્રી, વાધણા અને મુંબઇ સેન્ટ્રલ (કૌસરી)માં મુદર્રિસ તરીકે ફરજ બજાવી હતી. મુંબઇ સેન્ટ્રલ (કૌસરી) ડાગળી ઉપર આપે ૨૦ વર્ષ ફરજ બજાવી હતી. તેઓ સ્વભાવે માયાળુ, સેવાભાવી, સગાસંબંધીઓ સાથે સિલએ રહમ કરનારા અને સાદુ જીવન જીવવાવાળા હતા.⟶






⟵ભાંગરોડીયા (ઈમાનપુરા) નિવાસી મુખી દાઉદભાઇ રાજેભાઇ ચૌધરીના નાના ભાઇ **મર્હૂમ મો.અલીમદભાઇ રાજેભાઇ ચૌધરી** મુ.તા. ૪, રબી.આખર–૧૩૪૩, તા.૧૫–૨–૨૦૧૩ને શુક્રવારના રોજ ૫૭ વર્ષની વયે હ્દયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ હુસૈન કમિટીની સ્થાપનાથી લઇને આજપર્યંત પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળી રહ્યા હતા. ઓછા ઘરોની વસ્તી ધરાવતા ભાંગરોડીયા જમાઅતનાં બધાં કામોમાં જેવાં કે મોહર્રમનું નિયાઝ, જુલૂસ, મર્હૂમની ફાતિહાખ્વાની કે કોઇ પણ કામોમાં ખડે પગે રહીને સેવાઓ આપતા હતા. મર્હૂમ સ્વભાવે શાંત, ઓછાબોલા, મિલનસાર હોવાથી ઈતરકોમમાં પણ ચાહના હતી. મર્હૂમના કામોથી નવયુવાનો પણ પ્રેરણા મેળવતા હતા. જમાઅતને મર્હૂમ અલીમદભાઇની ખોટ પડશે.



સુરપુર નિવાસી **મર્હૂમા મો.ઝયનબબેન ઈબ્રાહીમભાઇ પરબડીયા** મુ.તા. ૨૮, મોહર્રમ–૧૩૪૩, તા.૧૩–૧૨–૨૦૧૨ના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ અને મોહંમદ વ આલે મોહંમદ (સ.)નાં ચાહક હતાં. ⟶



⟵જેઠીપુરા નિવાસી **મર્હૂમ મો.વજીરભાઇ નૂરભાઇ માણસીયા** મુ.તા. ૨૨, રબી.આખર–૧૪૩૪ને મંગળવારના રોજ ૭૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઇની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.હલીમાબેન સુલેમાનભાઇ ખાણશીયા (કિશોરગઢ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૦/- મો.મહંમદઅલી સુલેમાનભાઇ ખાણશીયા
રૂા.૨૫૦/- મો.નજરઅલી સુલેમાનભાઇ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.મહદીહસન મહંમદઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.ગુલામમહંમદ વલીભાઇ રાજપુરા
રૂા.૧૦૦/- મો.અકબરહુસૈન ગુલામમહંમદ રાજપુરા

**મર્હૂમા હલીબેન રસૂલભાઇ નાંદોલીયા (ડીંડરોલ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૧/- મો.અલીહુસૈન રસૂલભાઇ નાંદોલીયા
રૂા.૫૧/- મો.ઝહરાબેન અલીહુસૈન નાંદોલીયા
રૂા.૨૧/- મો.હસનઅબ્બાસ અલીહુસૈન નાંદોલીયા
રૂા.૨૧/- મો.સાકેરાબેન અલીહુસૈન નાંદોલીયા
રૂા.૨૧/- મો.અઝમતફાતેમા અલીહુસૈન નાંદોલીયા
રૂા.૧૦૧/- મો.અહમદઅલી રસૂલ નાંદોલીયા
રૂા.૫૧/- મો.મહેમૂદાબાનુ અહમદઅલી નાંદોલીયા
રૂા.૫૧/- મો.શીરીનફાતેમા અહમદઅલી નાંદોલીયા
રૂા.૫૧/- મો.મોહંમદરઝા અહમદઅલી નાંદોલીયા
રૂા.૫૧/- મો.તસ્કીનઝહરા અહમદઅલી નાંદોલીયા
રૂા.૧૦૧/- મો.નૂરમોહંમદ રસૂલ નાંદોલીયા
રૂા.૫૧/- મો.હાજરાબેન નૂરમહંમદ નાંદોલીયા
રૂા.૫૧/- મો.આબિદહુસૈન નૂરમહંમદ નાંદોલીયા
રૂા.૫૧/- મો.રહેમતફાતમા નૂરમહંમદ નાંદોલીયા
રૂા.૫૧/- મો.હુસૈનમહંમદ નૂરમહંમદ નાંદોલીયા
રૂા.૧૦૧/- મો.શબ્બીરઅલી રસૂલ નાંદોલીયા
રૂા.૨૫/- મો.નજમાબાનુ શબ્બીર રસૂલ નાંદોલીયા
રૂા.૨૫/- મો.સાજેદાબાનુ શબ્બીર રસૂલ નાંદોલીયા
રૂા.૨૫/- મો.રાશેદાફાતેમા શબ્બીર રસૂલ નાંદોલીયા
રૂા.૨૫/- મો.આરેફાફાતેમા શબ્બીર રસૂલ નાંદોલીયા
રૂા.૫૦/- મો.અબ્બાસ રસૂલ નાંદોલીયા
રૂા.૫૦/- મો.કુલસુમબેન અબ્બાસ નાંદોલીયા
રૂા.૫૦/- મો.મહંમદઅલી રસૂલ નાંદોલીયા
રૂા.૫૦/- મો.નજમાબેન મહંમદઅલી નાંદોલીયા
રૂા.૧૦૧/- મો.કુલસુમબેન રહીમ પલસાણીયા
રૂા.૧૦૧/- મો.સલમાબેન સાદિકહસન સુણસરા
રૂા.૧૦૧/- મો.તાહેરાબાનુ કિસ્મતઅલી અસામદી
રૂા.૨૧/- બંદએ ખુદા તરફથી

**મર્હૂમ મોલ્વી મો.ઈસ્માઈલભાઇ જલાલભાઇ રામસડા (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.હુસૈનાબેન ઈસ્માઈલ રામસડા
રૂા.૫૦/- મો.શબ્બીરઅલી ઈસ્માઈલ રામસડા
રૂા.૫૦/- મો.મીકદાદઅલી ઈસ્માઈલ રામસડા
રૂા.૫૦/- મો.મન્સુરાબેન આબિદઅલી નાગલપુરા
રૂા.૫૦/- મો.મહદીઅલી ઈસ્માઈલ રામસડા
રૂા.૧૦૧/- મો.ગુલામહૈદર જલાલ રામસડા
રૂા.૫૦/- મો.સકીનાબેન ગુલામહૈદર રામસડા
રૂા.૧૦૧/- મો.ગુલામઅબ્બાસ જલાલ રામસડા
રૂા.૫૦/- મો.હાસમભાઇ સુલેમાન વાઘમાર
રૂા.૫૦/- મો.સુગરાબેન હાસમભાઇ વાઘમાર
રૂા.૫૦/- મો.નજરઅલી હાસમભાઇ વાઘમાર
રૂા.૫૦/- મો.મન્સૂરઅલી હાસમભાઇ વાઘમાર
રૂા.૧૦૧/- મો.સુલેમાન વજીર નાગલપરા
રૂા.૫૦/- મો.ઝયનબબેન સુલેમાન નાગલપરા
રૂા.૫૦/- મો.ઝુલ્ફિકારઅલી સુલેમાન નાગલપરા
રૂા.૫૦/- મો.શેરઅલી સુલેમાનભાઇ નાગલપરા
રૂા.૧૦૧/- મો.ગુલામમોહંમદ વજીર નાગલપરા

રૂા.૧૦૧/- મો.રહીમભાઇ સુલેમાન રામસડા

રૂા.૧૦૦/- મો.મર્હૂમ મોલ્વી પીરમહંમદ ગુલામઅલી ભોવણીયા (સુરપુર)ના કુટુંબીજનો તરફથી મો.મર્હૂમ મોલ્વી ઈસ્માઈલભાઇ જલાલભાઇ રામસડા (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મર્હૂમ ઝયનબબેન ઈબ્રાહીમભાઇ પરબડીયા (સુરપુર)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.મર્હૂમ વજીરભાઇ નુરભાઇ માણસીયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૪૨૯/- મો.ગુલામઅબ્બાસ હાજી ગુલામઅલી પ્રોફેસર (વસો)તરફથી જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.ગુલામઅબ્બાસ હાજી ગુલામઅલી પ્રોફેસર (વસો)તરફથી મર્હૂમ હાજી ગુલામઅલી હાજી રસૂલભાઈની રૂહના સવાબ અર્થે.


રૂા.૫૧/- મો.અબ્બાસભાઇ રહીમભાઇ માણસીયા (સદીકપુર)તરફથી મર્હૂમ મો. રહીમભાઇ નુરાભાઇ માણસીયાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.સુગરાબેન હાસમભાઇ દેધરોટીયા (કનાઇ)તરફથી જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.શરીફભાઇ અબ્દુલભાઇ વિજાપુરા (ઈલોલ-પૃથ્વીપુરા)તરફથી તેમના ભાણા મહંમદભાઈએ ઉત્તર ગુજરાત યુનિ., પાટણ તરફથી ગોલ્ડ મેડલ મેળવ્યો તેની ખુશાલી પ્રસંગે.


## રક્ષણ ફેબ્રીકેશન ગૃપ

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

સંપર્ક

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦

સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭

૯૬૬૨૦૯૫૫૮૮

મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.



## કન્યા જોઈએ છે.

૨૬ વર્ષિય યુવક માટે

કન્યા જોઈએ છે.

Mo. 7817919356

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે એપ્રિલ–૨૦૧૩ થી તા. ૧૫, માહે મે–૨૦૧૩<br>મુ.તા. ૫, જમા.આખર–૧૪૩૪ થી મુ.તા. ૪, રજબ–૧૪૩૪ |
|---|---|---|---|
| એપ્રિલ | જમા.આ. | – | |
| 20 | ૯ | શનિ | **રામ નવમી** |
| 23 | ૧૨ | મંગળ | **મહાવીર જયંતિ** |
| 27 | ૧૬ | શનિ | વિંછુડો બેસે : રાત્રે ૭–૨૨ |
| 28 | ૧૭ | રવિ | વિંછુડો |
| 29 | ૧૮ | સોમ | વિંછુડો રાત્રે : ૮–૦૭ |
| મે-1 | ૨૦ | બુધ | **વિલાદત : જનાબે ફાતેમા ઝહરા (સલા.)** |
| 3 | ૨૨ | શુક્ર | **વિલાદત : અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન બાવા (રહે.)** |
| 9 | ૨૮ | ગુરૂ | કંકણાવૃત્તિ સૂર્યગ્રહણ (ભારતમાં દેખાશે નહીં) |
| 12 | રજબ–૧ | રવિ | **વિલાદત : હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)** |
| 13 | ૨ | સોમ | અખાત્રીજ |
| 14 | ૩ | મંગળ | વફાત : હઝરત ઈમામ અલી નકી (અ.) |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?
## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)**

(૧) ઈસ્લામી ચલણી સિક્કાની શરૂઆત કયા ઉમવી ખલીફાના જમાનામાં થઈ હતી? (૨) 'ચાદર ઉઢાના'નો અર્થ શું થાય? (૩) આપણા દસમા ઈમામ અલી નકી (અ.)નો 'નકી' ઉપરાંત બીજો કયો પ્રખ્યાત લકબ છે? (૪) કયા ચાર બંદાઓ એવા છે કે જેમની દુઆ રદ થતી નથી? (૫) 'બરઝખ'નો અર્થ શું થાય? (૬) ઈબ્ને ઝિયાદે ઉમર બિન સઅદને કયા પ્રદેશની હુકૂમત આપવાનો વાયદો કર્યો હતો? (૭) અઈમ્મા (અ.)ની દ્રષ્ટિએ મરનાર માણસે પોતે છોડી ગયેલ માલમાંથી કેટલામા ભાગના માલ માટે વસિયત કરવી પસંદગીપાત્ર છે? (૮) ઘોડો ગમે તે તારીખે જન્મે પરંતુ તેના જન્મની તારીખ કઈ ગણવામાં આવે છે? (૯) મીર અનીસના મરસિયામાં જણાવ્યા મુજબ હઝરત જિબ્રઈલ (અ.)ની બન્ને પાંખો પર કોનાં નામ લખેલાં છે? (૧૦) નુકતાવાળા હુરૂફનો ઉપયોગ કર્યા વગરનો અરબી ખુત્બો કોણે ઈરશાદ ફરમાવ્યો હતો?